بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمة الله عليه બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمة الله عليه



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-ઓગષ્ટ-૨૦૦૮**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ મોઅઝ્ઝમ

હિજરી સન : ૧૪૨૯

વર્ષ : ૦૫, અંક : ૦૮, સળંગ અંક : ૫૬

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦/- |
| આજીવન | રૂા. | ૩૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | **પૂર્વગ્રહના ચશ્મા હટાવો તો ઈસ્લામના ચાહક બની જશો !** *(તંત્રી લેખ....)* | ૦૩ |
| ૦૨ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૯ |
| ૦૩ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૦ |
| ૦૪ | શિફા શરીફ | ૧૨ |
| ૦૫ | કાનૂને શરીઅત | ૧૪ |
| ૦૬ | રહમતે દારૈન ﷺના શયદાઈ | ૧૫ |
| ૦૭ | ફતવા વિભાગ | ૧૬ |
| ૦૮ | ફઝાઈલે શાબાનુલ્ મોઅઝ્ઝમ | ૧૭ |
| ૦૯ | **સદ્‌વર્તાવ : સારા અખ્લાક અને આપણા નબી** | ૧૯ |
| ૧૦ | નરમી અને ભાઈચારો હદીષના પ્રકાશમાં | ૨૧ |
| ૧૧ | દીન પ્રતિ દા'વતનો તરીકો કુર્આનની રોશનીમાં | ૨૫ |
| ૧૨ | મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ વિશે આગાહીઓ ઈન્જીલ (બાયબલ)માં | ૨૯ |
| ૧૩ | એક ઈસાઈ પાદરીની અનોખી આશ્ચર્યજનક દાસ્તાન ! | ૩૩ |
| ૧૪ | મુસ્લિમ સ્ત્રીઓનો દીની ઈલ્મી શોખ : કાલે અને આજે ! | ૩૫ |
| ૧૫ | ઈસ્લામની તબ્લીગમાં સ્ત્રીઓનો કિરદાર | ૩૭ |
| ૧૬ | **નેટ વર્ક માર્કેટિંગ શરીઅતની દષ્ટિએ** | ૪૨ |
| ૧૭ | *Faith* | ૪૫ |
| ૧૮ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૬ |
| ૧૯ | લેખ હરીફાઈનું પરિણામ | ૪૮ |


## પયગંબરોમેં દેખ બળા બેમિષાલ હૈ

અઝ : જનાબ મૌલાના 'રઝવી' (ભેમાળ, બનાસકાંઠા)

પયગંબરોમેં દેખ બળા બેમિષાલ હે
અય આમિના ! યહ લાલ તેરા બેમિષાલ હે
પૂછેંગે મેરી કબ્રમેં મુન્કર નકીર જો
પ્યારે નબી કે બારેમેં કયા ખયાલ હે
પહચાન લેગા કબ્રમેં જબ તૂ રસૂલ કો
ફિર કૌન આવે કબ્રમેં કિસ્કી મજાલ હે
સાયા મિલા હે જિન કો કિસ્કી મજાલ હે
લે લે દુઆ જો ઉન્કી બળા માલા માલ હે
માંકા જો દિલ દુખાએગા દોઝખમેં જાએગા
દોનોં જહામેં દેખ બળા પાયમાલ હે
ઘરમેં નહીં સુકૂન નહીં ઘરમેં બરકતેં
છોળી નમાઝ તૂને પરેશાન હાલ હે
**'રઝવી'** મુઝે યકીં હે ખુદા બખ્શ દેગા ઝરૂર
ક્યૂં કે ખુદા ભી મેરા બળા ઝુલ જલાલ હે

## હક્કાનિયતકા એલાન હૈ બરકાતે ખ્વાજા

અઝ : જનાબ મૌલાના 'રઝવી' (ભેમાલ, બનાસકાંઠા)

અહલે સુન્નતકી જાન હૈ **બરકાતે ખ્વાજા**
મેરે ખ્વાજા કી શાન હૈ **બરકાતે ખ્વાજા**
મસ્લકે આ'લા હઝરત કા તર્જુમાન હૈ **બરકાતે ખ્વાજા**
ચિરાગે ઈલ્મો હિકમત કા ઈર્ફાન હૈ **બરકાતે ખ્વાજા**
મિલતી હૈ ઈમાન કો તાઝગી ઈસસે
મોઈને હિંદ કા ઝીશાન હૈ **બરકાતે ખ્વાજા**
અહ્લે સુન્નત હૈ સભી મેહમાન ઉસ્કે
સુન્નીયોં કા મેઝબાન હૈ **બરકાતે ખ્વાજા**
કુર્આનો હદીષ કી રોશનીમેં
હક્કાનિયત કા એલાન હૈ **બરકાતે ખ્વાજા**
ભટકે હુવોં કો રાસ્તા ઈસને બતા દિયા
સિરાતે મુસ્તકીમ કા સામાં હૈ **બરકાતે ખ્વાજા**
સોઈ હૂઈ કૌમ કો બેદાર જિસને કિયા
કૌમે મુસ્લિમ કા યે દર અફશાં હૈ **બરકાતે ખ્વાજા**
મુફતીએ આ'ઝમ કી દુઆઓં કા સદકા
ચાંદ કી મિષ્લ પે દરખ્શાં હૈ **બરકાતે ખ્વાજા**
શબ્બીરો શબ્બર કે પ્યારે 'શબ્બીર' (તંત્રી)
તેરી કલમ કા યે તાબાં હૈ **બરકાતે ખ્વાજા**
અય ખુદા ! રખ હમેશા ફૂલા ફલા ઈસે
મુસ્તફા કે દીન કા નિગેહબાન હૈ **બરકાતે ખ્વાજા**
દેખકર 'રઝવી'ને દિલસે યૂં કહા
યહ 'રઝા' કા ફયૂઝાન હૈ **બરકાતે ખ્વાજા**

## ટેલીફોન નંબરો બદલાયા છે

**'બરકાતે ખ્વાજા' (માસિક) કાર્યાલય** તથા **અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા** તથા **ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**ના ટેલીફોન નંબરો નીચે પ્રમાણે બદલાયા છે :-

**નવા ટેલીફોન નંબરો**

| | |
|---|---|
| ઓફિસ | : ૨૮૦૦૧૧ |
| ઘર | : ૨૮૦૨૯૨, ૨૮૦૧૯૨ |
| કોડ | : ૦૨૬૪૨ |

## શરીઅતના હુકમોને માન આપો !

**સવાલ** : કેટલાક પ્રશ્નો આ વિષયે આવ્યા કરે છે કે જે હાફેઝ નમાઝ નથી પઢતા અથવા જમાઅતના પાબંદ નથી, કેટલાક રમઝાનના એક બે મહિના અગાઉ દાઢી વધારે છે પછી રમઝાન જતાં ગાયબ કરી દે છે ! ટી.વી. પર સિરિયલો કે મેચો વગેરે જોવાના શોખિન છે તેમના પાછળ નમાઝ, તરાવીહ વગેરે પઢવા વિશે શું હુકમ છે ?

**જવાબ** : કોઈપણ નમાઝ હોય ઈમામ સુન્ની સહીહુલ અકીદા હોય જ પણ ફાસિક તથા ફાજિર પણ ન હોવો જોઈએ. નમાઝ ન પઢવું એ ઉઘાડુ ફિસ્ક છે, શરઈ મજબૂરી વિના જમાઅત એકવાર જાણીબુઝીને છોડનાર ધમકીને પાત્ર અને આદત બનાવનાર ફાસિક, દાઢી એક મુઠ્ઠીથી ઓછી કરવી કે સંપૂર્ણ મૂંડાવવી એક જ હુકમમાં છે એટલે કે હરામ અને તેવું કરનાર ફાસિક છે, ટી.વી.ની સિરિયલો કે મેચોમાં ગૈર મેહરમ સ્ત્રીઓ બની ઠનીને આવે છે જેથી તેને જોવાનો શોખિન પણ ફાસિક છે. અને દરેક ફાસિક પાછળ નમાઝ 'મકરૂહે તહરીમી' થશે, પઢી હશે તો દોહરાવવી વાજિબ થશે. આ શરીઅતનો હુકમ છે. (બહવાલા બહારે શરીઅત) જેણે સાચી તૌબા કરી દાઢી વધારી તો શરઈ હદ પ્રમાણે એક મુઠ્ઠી થયા બાદ તેની પાછળ નમાઝ જાઈઝ થશે. નમાઝ કે જમાઅતને ત્યજનાર પણ ફરી એવું ન કરવાની શરતે તથા છૂટેલી નમાઝો ક્રમે ક્રમે કઝા કરવાનું શરૂ કરી સાચી તૌબા કરી લે તો તેની પાછળ નમાઝ દુરુસ્ત થશે. આ રસૂલે પાક ﷺની શરીઅતે પાકનો મસ્અલો છે એને પ્રતિષ્ઠાનો પ્રશ્ન ન બનાવી દરેક સત્ય વાત સ્વીકારી લેવી જોઈએ એમાં જ સૌની ભલાઈ છે. *(રજૂકતા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી)*

"ખુદા કે લિએ" સચ બોલો ! સચ કબૂલો !

# પૂર્વગ્રહના ચશ્મા હટાવો તો ઈસ્લામના ચાહક બની જશો !

**તંત્રી લેખ**

ઈસ્લામ વિશે કાંઈ જ્ઞાન ન ધરાવનાર કેવળ ઉપર ટપકીયાં અમુક પુસ્તકો વાંચીને પુસ્તકિયા જ્ઞાનવાળા કેટલાક ઈસ્લામ તથા મુસ્લિમ વિરોધી લેખકોને ઈસ્લામ તથા મુસલમાન વિશે લખવાના ખૂબ જ અભરખા થતા હોય છે. આજની કહેવાતી લોકશાહી અને વાણી સ્વતંત્રતાના યુગમાં આવા અપાત્ર લેખકોને ફાવે તેમ લખવાનો જાણે છૂટો દોર મળેલો છે. જેમ કે વર્તમાન પત્ર 'દિવ્ય ભાસ્કર' ૧૧ મે ૨૦૦૮ રવિવાર પૂર્તિમાં એક લેખ એવા જ એક લેખક ગુણવંતશાહનો લખેલ છે. 'ખુદા કે લિએ' નામની એક ફિલ્મ જે પાકિસ્તાનમાં દિગ્દર્શક શોએબ મન્સૂર નામની વ્યક્તિ થકી સર્જન પામી, તેના વિશે લખેલ છે કે :–

"ફિલ્મમાં બે મોલ્વીઓને સાથોસાથ રજૂ કરીને ઈસ્લામમાં રહેલા અસલી સૌંદર્યને પ્રગટ કરવાનો તર્કશુદ્ધ પ્રયત્ન થયો છે. કટ્ટરપંથી તથા રૂઢીચુસ્ત મોલ્વી એક હોનહાર યુવાનને ગેરમાર્ગે દોરે છે. એ મુલ્લા સંગીત, ચિત્રકળા, સાહિત્ય અને શૃંગારને ઈસ્લામ વિરોધી બાબત ગણે છે. બીજા મોલ્વી (નસીરુદ્દીન શાહ) ઈસ્લામના મર્મને સમજનારા આલિમ છે અને દાઢી રાખવા જેવા બ્રહ્માચારના આગ્રહી નથી. ફિલ્મના અંત ભાગમાં જોવા મળતા કોર્ટના દશ્યમાં એ મોલ્વી હદીષના અવતરણો અને પ્રસંગો ટાંકીને એવું તર્કયુક્ત તારણ કાઢે છે કે કન્યાની મરજી વિરુધ્ધ થયેલાં લગ્ન (નિકાહ) ઈસ્લામમાં જાયઝ (ઉચિત) નથી. દાઢી રાખવાની ના નથી, પરંતુ તેને મુસલમાન હોવાની પૂર્વ શરત ગણવાના આગ્રહ સામે દલીલ રજૂ કરતી વખતે એ મોલ્વી એક સાંસરો સવાલ પૂછે છે, "શું પાકિસ્તાનમાં જે બે નામો આદરપૂર્વક લેવાય છે તેવા મુહમ્મદ અલી ઝીણા અને અલ્લામા ઈકબાલ દાઢી રાખતા હતા ?" ઈસ્લામમાં સંગીતને સ્થાન નથી એવી ગેર સમજ સામે પણ એ મોલ્વી અત્યંત પ્રભાવશાળી દલીલો રજૂ કરે છે, ત્યારે સામે બેઠેલા જૂનવાણી મુલ્લાજી મૂંગા થઈ જાય છે....." *(૧૧–મે–૨૦૦૮, દિવ્યભાસ્કર, રવિવાર)*

**છીછરા જ્ઞાન વડે ઈસ્લામનો મર્મ ન સમજાય !**

આ લેખના લેખક મહાશયની સ્થિતિ એવી છે કે સૂંઠનો ગાંગડો લઈને ગાંધી બની બેઠા છે ! જેમ કે પોતે ઈસ્લામ વિશેના પુસ્તકિયા છીછરા જ્ઞાનમાં ડૂબકીઓ ખાતા રહ્યા છે અને મનમાં જાણે ઈસ્લામના નિષ્ણાત થઈ ગયા હોય તેમ ઈસ્લામ વિશે તથા મુસલમાનો વિશે લખી પોતાની અજ્ઞાનતાની ચાડી ખાતા અવાર નવાર વર્તમાનપત્રોમાં જોવા મળે છે. ઈસ્લામના પ્રખર જ્ઞાનીઓ એટલે ઉલમાએ દીન (દીનના આલિમો) કે તેમના થકી જ ઈસ્લામની મૂળભૂત વાતો પબ્લિકની સમજમાં આવી શકે છે, તેઓ કુર્આન, હદીષના ઈલ્મના નિષ્ણાત હોય છે, તેમનાથી જ આ મહાશયને નફરત છે જેના સંબંધે ઝહેર એ પોતે અવાર નવાર 'ગુજરાત સમાચાર' કે 'દિવ્ય ભાસ્કર' વગેરે વર્તમાન પત્રો થકી ઓક્યા કરે છે એ સર્વ જાણે છે. હદ તો એ છે કે અગાઉ આ જ મહાશયે ઈસ્લામના પયગંબર વિશે અયોગ્ય શબ્દો લખેલા અને તેની સામે ઉહાપોહ થતાં દિલગીરી વ્યક્ત કરેલી. હવે આવી ઈસ્લામ પ્રતિ પૂર્વગ્રહ ધરાવતી વ્યક્તિ જેને 'ઈસ્લામનું સૌંદર્ય' કહે અથવા તે 'ઈસ્લામનો મર્મ' જેને કહે તે ચીજ કેવી વિકૃત જેહાલત હોય શકે છે તે દરેક સમજુ વ્યક્તિ સમજી શકે છે.

**ફિલ્મની સ્ટોરી પરથી ઈસ્લામનું સૌંદર્ય ન સમજાય !**

ઉપરોક્ત લખાણમાં સૌ પ્રથમ એ વાત ધ્યાનમાં રાખશો કે અહીં વાત એક ફિલ્મ વિશે છે અને તેમાં મોલ્વીઓનું પાત્ર ભજવનારા આવારા ફિલ્મી કલાકારો છે જેમને ઈસ્લામ સાથે કોઈ લેવા દેવા નથી, એઓ તો ફક્ત એક્ટિંગ કરી નાણા તથા ખ્યાતિ જ કમાવા માંગતા હોય છે. બીજું કે **એમાં રજૂ કરેલ કલાકારો (મોલ્વી પાત્રો) બંનેવની કાર્ય પદ્ધતિ અસલ ઈસ્લામને અનુરૂપ નથી. આ બનાવટી સ્ટોરી છે** અને તેમાંના પ્રથમ મોલ્વી બનેલ કલાકાર વિશે જે કટ્ટરપંથી તથા રૂઢીચુસ્ત લખ્યું છે, તે એક યુવાનને ગેર માર્ગે દોરે છે એવું જણાવ્યું છે. તો જાણી લો કે ઈસ્લામમાં ન કટ્ટરપંથીપણુ છે ન રૂઢીચુસ્તપણુ છે ન કોઈને ગેર માર્ગે દોરવાનો હુકમ છે જેથી એ **પ્રથમ મોલ્વી તરીકે રજૂ કરેલ પાત્ર પણ ન ઈસ્લામની અસલ રૂહ કે ઈસ્લામના અસલ સૌંદર્યને કે ઈસ્લામના મર્મને અનુરૂપ છે અને ન તો બીજા છૂટછાટવાળા કલાકાર મોલ્વીનું પાત્ર પણ ઈસ્લામના અસલ સૌંદર્યને રજૂ કરે છે,** કેમ કે તે મોલ્વી થઈને દાઢી રાખવાના આગ્રહી નથી, એટલે કે દરેક જાતની **છૂટછાટવાળા મોલ્વી** તરીકે તેમને રજૂ કર્યા છે. વળી આગળ લખે છે કે, દાઢી રાખવાની ના નથી પણ તેને મુસલમાન હોવાની પૂર્વશરત ગણવાના આગ્રહ સામે દલીલ રજૂ કરતી વખતે એ મોલ્વી એક સાંસરો સવાલ પૂછે છે....."

**ઈસ્લામ સ્વીકાર માટેની શરતને સમજી લો**

તો ભાઈઓ ! **દાઢી રાખવી એ મુસલમાન હોવાની પૂર્વ શરત હરિગઝ નથી !** મુસલમાન થવા માટેની પૂર્વ શરત ફક્ત એ છે કે અસંખ્ય મઅબૂદોની પૂજા (ઈબાદત)થી તૌબા કરે અને દિલથી માને અને જીભથી ઈકરાર કરે કે, "અલ્લાહ એક છે તે જ ઈબાદતને લાયક છે, મુહમ્મદ (ﷺ) તેના રસૂલ છે." અને બસ ! હવે ઈસ્લામ સ્વીકાર્યો પછી સર્વ અમલ સંબંધી હુકમો નમાઝ પઢવી, રોઝા રાખવા, શક્તિશાળી માટે હજ્જ કરવી, ઝકાત આપવી વગેરે ફર્ઝ થશે. અને **દાઢી રાખવી નબી કરીમ ﷺની સુન્નત છે તેને રાખનારા ખુશનસીબ છે અને તેને મૂંડાવનાર કે મુઠ્ઠીથી ઓછી કતરાવનાર તથા અન્ય ફર્ઝ, વાજિબ અમલો ન પાળનાર ગુનેહગાર ગણાશે.** સારાંશ કે દાઢી એ કાંઈ મુસલમાન થવા માટે પૂર્વ શરત નથી. **આ ફિલ્મમાં મુદ્દલે ઈસ્લામ સંબંધી રજૂઆત જ ગલત છે.** ઈસ્લામમાં ન તો મુસલમાન થવા માટે કોઈ જબરદસ્તી છે ન તો મુસલમાન થયા બાદ ઈસ્લામના સૂચવેલા અમલો (કાર્યો) માટે કોઈ જબરદસ્તી છે. રબ તઆલાનું ફર્માન છે, **لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ قَدْ تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ** "દીનમાં કોઈ જબરદસ્તી નથી. બેશક ! સ્પષ્ટ રીતે હિદાયત ગુમરાહીથી અલગ થઈ ગઈ." *(સૂ. અલ્ બક઼રહ્, આયત–૨૫૬)* હા, ઈમાન નહીં લાવે તથા સારા અમલો નહીં કરે તે અલ્લાહની અદાલતમાં મુજરિમ ઠરશે, નહીં તો અહીં ન કટ્ટરવાદ છે ન રૂઢીચુસ્તપણુ છે, બલ્કે કુર્આન તથા હદીષનો દરેક આદેશ માનવ ભલાઈ માટે જ છે, જો તેનું અસલ મર્મ સમજવા કોશિશ કરે તો દિલનો અંધકાર તથા દિમાગની અજ્ઞાનતાનું તિમિર દૂર થઈ શકે છે, પણ એ માટે ઈસ્લામ પ્રતિના પૂર્વગ્રહને દૂર કરવો અનિવાર્ય છે.

**એક મૂર્ખામીભરી દલીલ અને તેનો જવાબ**

વળી "મુહમ્મદ અલી ઝીણા" તથા "શાયર ડો. ઈકબાલ"નો દાખલો આપી કહે છે કે "તેઓ દાઢીવાળા ન હતા" એવી દલીલ કરીને એક મોલ્વી કલાકાર બીજા મોલ્વી કલાકારને મૂંગો કરી આપે છે ! તો **આ કેટલી બેવકૂફીભરી દલીલ છે !** ઈસ્લામમાં કોઈ વ્યક્તિના ક઼ાનૂન નથી ચાલતા બલ્કે કુર્આન તથા હદીષના ક઼ાનૂનો ચાલે છે. કોઈ મશ્હૂર પોલિટિશ્યન કે કોઈ મશ્હૂર વ્યક્તિ ભલે તેમણે દીન વિશે શાયરી

કરી હોય પણ તેમનો ઈસ્લામ વિરુધ્ધ અમલ કાંઈ ઈસ્લામી નથી થઈ જવાનો ! **દરેકનો અમલ કુઅાન તથા હદીષની કસોટીમાં સાચો ઉતરે તો જ તે સહીહ અમલ ગણાશે, નહીં તો તેની ખ્યાતિના લીધે તેનો અમલ યોગ્ય હતો કે યોગ્ય છે એ કહેવામાં નહીં આવે. શરીઅતમાં આઈનો જેને ગલત બતાવે તે લીડર, શાયર, પીર કે મૌલ્વી ગમે તે હોય ગલત ઠરશે.**

આ તો નિશ્ચિત ફિલ્મ સ્ટોરી છે જેમાં કયા પાત્રે શું બોલવું અને કોણે હાર સ્વીકારવી નક્કી હોય છે, નહીં તો અસલ આલિમે દીન સામે આ દલીલ કરવામાં આવે તો એવો પ્રશ્ન કરનારની અજ્ઞાનતા જરૂર તે દૂર કરી આપે અને કુર્આનની આયતો તથા હદીષોની દલીલોથી તેના દિલના અંધકારને દૂર કરી ઈમાની રોશનીથી જરૂર જગમગાવી આપે અને સમજાવે કે તમને રસૂલુલ્લાહ ﷺનો અમલ ન દેખાયો ?! એમનાથી વિશેષ આદરણીય કોણ છે ? સહાબીઓ, તાબઈનો, તબે તાબઈનો અને અલ્લાહના વલીઓના અમલ ન દેખાયા કે જેમણે સૌએ દાઢી રાખી અને તે સુન્નત રાખવા સૌને પ્રોત્સાહિત કરતા રહ્યા. એમાંનો કોઈ 'દાઢી મૂંડો' ન હતો, તો તમે છેક આજની વ્યક્તિઓના દાખલા આપો છો ! વળી ઈસ્લામમમાં મ્યૂઝિક 'હરામ' છે એ તો કુર્આન વ હદીષથી સિદ્ધ હક઼ીક઼ત છે, જેના માટે કુર્આન હદીષના આદેશોનો અભ્યાસ કરવો રહ્યો. એમાં કોઈ જ ગેર સમજ નથી, પણ આ રીતની રજૂઆત કરીને પબ્લિકને ગેર માર્ગે દોરવાનો આ એક પ્રયાસ છે.

સારાંશ કે એની એ ગલત દલીલોને સહજ રીતે અસલ આલિમ હોત તો તોડી પાડતે. પણ પિક્ચર છેવટે પિક્ચર હોય છે, ફિલ્મમાં તો સૌ નિશ્ચિત ઘડેલી સ્ટોરી પર ચાલે છે અને એ સ્ટોરી બનાવનારની કમબખ્તી કે તેણે એવી સ્ટોરી ઉભી કરી જે ઈસ્લામી ક઼ાનૂન સામે ટકરાવ પેદા કરી લોકોને આઝાદ ખયાલ બનાવવા પ્રોત્સાહિત કરે છે.

વળી ઈસ્લામમમાં ન છોકરીની મરજી વિરુધ્ધ નિકાહ કરવાની રજા છે, ન તો બળાત્કાર જાઈઝ છે, પણ એવી વાતોની સ્ટોરી બનાવી એ ફિલ્મમાં એક મોલ્વી પ્રતિ સંબંધિત કરી છે કે તેણે એ બધું એક નવયુવાન પાસે કરાવ્યું. તો આ તો સાદી સમજવાળો પણ સમજે છે કે ઈસ્લામમાં એ ક્યાં જાઈઝ જ છે ! જેથી એની ચર્ચા પણ અમે કરવા માંગતા નથી. બીજું એ ફિલ્મમાં શું હશે એની સાથે અમારે કોઈ સંબંધ નથી, પણ આવી ફિલ્મોને આધાર બનાવી ઈસ્લામી ક઼ાનૂનો તથા સાચા આલિમે દીનની ઠેકડી ઉડાડવી એ એક અતિ ધૃણાજનક કૃત્ય છે જે આવા હલકી મનોવૃત્તિવાળા લેખક કરી રહેલ છે, જેનાથી સર્વ પબ્લિકે સાવચેત રહી તેમની તર્કબુદ્ધિવાળી તરકટ વાતોમાં આવવું ન જોઈએ.

વળી આ જ લેખક મહાશય તા. ૧૪ માર્ચ ૨૦૦૮ના 'ગુજરાત સમાચાર' દૈનિક પત્રની 'નેટ વર્ક' કોલમમાં તુર્કીનો હવાલો આપી લખે છે કે :–

"તુર્કીની સરકારે ઈસ્લામી શરીઅતના કેટલાક ક઼ાયદાઓ આજની ૨૧મી સદી માટે અને આગળને આગળ વધી રહેલ વિજ્ઞાન માટે મેળ બેસે તેવા નથી એટલે ઈસ્લામની નવેસરથી વ્યાખ્યા કરવાના તુર્કીના આ પ્રયત્નોને કેટલાક ક્રાંતિકારી પગલુ ગણાવે છે તો કેટલાક એને ધર્મ વિરોધી ગણાવે છે." *(ગુજરાત સમાચાર, ૧૪/૪/૨૦૦૮)*

**વિજ્ઞાનની પ્રગતિથી ઈસ્લામની સચ્ચાઈ ઉઘડે છે !**

મૂળ વાત એ છે કે જેમ જેમ વિજ્ઞાન પ્રગતિ કરી રહેલ છે તેમ તેમ ઈસ્લામની સચ્ચાઈ જાહેર થઈ રહી છે બલ્કે વિજ્ઞાનની માન્યતાઓની ખામી ઈસ્લામ એવી રીતે રજૂ કરી રહેલ છે કે દરેક બુદ્ધિ રાખનારે માનવું પડે તેમ છે. જેમ કે "માનવી વાનર રૂપમાં હતો અને તેમાંથી ક્રમે ક્રમે હાલનું માનવ સ્વરૂપ થયો છે !" ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ જે તર્ક પર આધારિત છે એ માન્યતાની ઈસ્લામ જબરદસ્ત રદ કરે છે. ઈસ્લામ

જણાવે છે કે પ્રથમ માનવ આદમ (علیہ السلام) હતા અને સર્વ માનવી તેમની ઔલાદ છે જેને હવે ઘણા પશ્ચિમી વૈજ્ઞાનિકો પણ સ્વીકારતા થયા છે ! પણ બુરુ થાય પૂર્વગ્રહનું કે હજીય લોકોને અંધારામાં રાખવા એ વાતો છુપી રાખવામાં આવે છે. ઈસ્લામ કાલ્પનિક કે તાર્કિક ધર્મ નથી કે વિજ્ઞાન સામે તેને ઝુકવું પડે, બલ્કે આ તે હક્ક મઝહબ છે જે વિજ્ઞાનની તાર્કિક માન્યતાઓ સામે ચેલેંજ છે જેમ કે "પૃથ્વી સ્થિર છે અને સૂર્ય ગતિ કરે છે." ઈસ્લામની આ થિયરી પણ વિજ્ઞાન સામે ચેલેંજ છે જેનો જવાબ કોઈથી બને તેવો નથી. વધુ માટે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબ 'ફવઝે મુબીન'નો અભ્યાસ કરશો.

વળી લખે છે કે, "ઈસ્તંબુલ (તુર્કી)ના એક જાણીતા સુધારાવાદી મુસ્લિમ વિદ્વાન મુસ્તફા અયાનુલ નામના છે, એમનું કહેવું છે કે હદીષના કેટલાક મહિલા વિરોધી ભાગોને કાઢી નાખી શકાય તેમ છે. તેઓ કહે છે કે એ કેટલાક ભાગો સત્તાવાર નથી અને એ સમયની સામાજિક તથા ઐતિહાસિક જરૂરિયાતના કારણે એ ભાગો બનેલા છે." *(ગુ.સ., ૧૪/૪/૨૦૦૮)*

**ઈસ્લામ એક ઊણપ વિહોણો 'સંપૂર્ણ ધર્મ' છે !**

ઈસ્લામ ધર્મ કોઈ માનવની કલ્પના કે વાર્તારૂપ લખાયેલો ધર્મ નથી બલ્કે અલ્લાહની ઉતારેલ આસ્માની કિતાબ કુર્આન તથા તેના મોકલેલ રસૂલ મુહમ્મદ ﷺના આદેશોનું નામ છે અને એમાં જ અલ્લાહ તઆલાનો સ્પષ્ટ નિર્દેશ છે કે, **اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِىْ وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا** "આજે મેં તમારા માટે તમારો દીન (ધર્મ) સંપૂર્ણ કરી આપ્યો. અને તમારા પર મારી નેઅમત પૂરી કરી આપી. અને તમારા માટે ઈસ્લામને દીન પસંદ કર્યો." *(સૂ. માઈદા, આયત–૩)* આ કયામત સુધીના લોકો માટેનો 'સંપૂર્ણ ધર્મ' (કોઈ ઊણપ વગરનો ધર્મ) છે. હઝરત આદમ علیہ السلامથી હઝરત ઈસા علیہ السلام સુધી નબીઓ રસૂલો આવતા રહ્યા અને નવી શરીઅતો જરૂરત મુજબ સમયાનુરૂપ આવતી રહી પણ મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ અંતિમ નબી છે તેમની શરીઅત કયામત સુધીની અંતિમ શરીઅત છે, ન હવે કોઈ કિતાબ આવશે ન કોઈ નબી આવશે, ન કોઈ નવી શરીઅત આવશે. હદીષમાં હુઝૂર ﷺનું ફર્માન છે કે, **"લા નબી બઅદી"** "મારા બાદ કોઈ નબી નથી." તો હવે કોઈને અધિકાર નથી કે નવી શરીઅત કાઢે. ઈસ્લામના નીતિ નિયમો તો ઈસ્લામને સૌથી વિશેષ સમજનાર તથા સમજાવનાર અંતિમ નબી મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺના દર્શાવેલ છે તથા તેમના જ સૌથી વિશેષ ઈસ્લામને સમજનાર તથા સમજાવનાર સાથીઓ, આપનાથી જ ટ્રેઈન થયેલ એટલે સહાબીઓના સ્પષ્ટ કરેલા છે તથા તેમનાથી (સહાબીઓથી) ટ્રેઈન્ડ થયેલા અને સહાબીઓ પછી સૌથી વિશેષ સમજવાળા એટલે તાબઈનોએ ઈસ્લામના કાનૂનો સંપાદિત કર્યા છે. સમયાનુરૂપ સમસ્યા ખડી થતાં તે સમયના શ્રેષ્ઠ જ્ઞાની ઈમામોએ એવા કાનૂનો કુર્આન હદીષના આધારે સ્પષ્ટપણે સમજાવ્યા છે કે તેના હવાલા તથા સહારાથી કયામત સુધી ઉઠનારા નવીન મસાઈલ તથા સમસ્યાઓનો હલ જે તે સમયના લાયક ઉલમા કાઢી શકે છે. તે જ્ઞાની પુરૂષ સમક્ષ આજનો સુધારાવાદી કહેવાતો વ્યક્તિ નર્યો જાહિલ ઠરશે ! તેમના ચરણોની ધૂળ જેટલી પણ તેની હેસિયત નથી. અને ઈસ્લામ અન્યોની જેમ બીજેથી નિયમો લેવાનો મોહતાજ નથી એ નોંધી રાખશો.

**સ્ત્રીઓને સન્માન તથા હક્કો ઈસ્લામે જ આપ્યા**

કુર્આનનો કે હદીષનો કોઈ ભાગ મહિલા વિરોધી નથી, આ ઈસ્લામ વિરોધીઓનો ગલત પ્રોપેગન્ડો છે કે ઈસ્લામમાં સ્ત્રીઓને અધિકારો નથી... વગેરે બલ્કે જગતભરની કૌમોએ ઈસ્લામને અનુસરીને કે તેના અભ્યાસ પછી સ્ત્રીઓ પર થતા અમુક જુલ્મો રદ કર્યા છે, ઈસ્લામે જ તો સ્ત્રીને માન મર્તબાનું સ્થાન આપ્યું છે, નહીં તો **ઈસ્લામ પહેલાં સ્ત્રીની સ્થિતિ ઘણી કફોડી હતી, ક્યાંક દેવદાસી પ્રથા તો**

**ક્યાંક સ્ત્રીને પતિની ચિતા પર જીવતી સળગી જવું પડતું હતું તો ક્યાંક જીવતી બાળકીઓને દફન કરાતી હતી, તો ક્યાંક વિધવા થનાર સ્ત્રીને બંગડીઓ ફોડી, માથે બોડી કરી મનહૂસ કહેવામાં આવતી હતી, પરણિત વિધવા તથા બાળ વિધવા શાદી કરી શકતી ન હતી ! વગેરે જુલ્મો થતા હતા તો ઈસ્લામે જ તેણીને આ જુલ્મોમાંથી મુક્તિ અપાવી છે,** જેથી કોઈ તર્કબુદ્ધિવાળો તથા કહેવાતો બુદ્ધિજીવી કે સુધારાવાદી કહેવાતો મુસ્લિમ પણ કાંઈ એથી ઉલ્ટુ કહે તો એ તેની નાદાની તથા મૂર્ખાઈ જ છે અને ઈસ્લામ પ્રતિની અજ્ઞાનતા જ છે. અને અમારી ચેલેંજ છે કે ઈસ્લામમાં કુર્આનમાં તથા હદીષમાં જે સ્ત્રી માટે હક્કો દર્શાવ્યા છે પુત્રી, માં, બહેનના, પત્નીના મર્તબા છે તે અન્ય ઠેકાણે હોય તો કોઈ દર્શાવે ! આજે તો 'સ્ત્રી આઝાદી'ના નારાના શોર હેઠળ સ્ત્રીનું સ્મિત પોતાના પતિ તથા ઘરવાળા માટે હોવું જોઈએ તેને એ સ્મિત વેચતી કરી દીધી અને શરીર પણ વેચતી કરી દીધી ! અંગ પ્રદર્શનો કરી નાણા કમાવાની હરીફાઈમાં નારીને ફેંકી દીધી ! આ 'સ્ત્રી આઝાદી' છે કે સ્ત્રીની ઈજ્જતનું લિલામ છે ?! દરેક દિમાગ રાખનારા અસલિયતને સમજી રહ્યા છે, અને સ્ત્રીઓની હાલત પર ચિંતિત થઈ રહ્યા છે.

**આંખો હોય તો સ્ત્રીઓ પર જુલ્મ ક્યાં થાય છે તે જોઈ લો !**

થોડા સમય પરની 'ક્રાઈમ વોચ' કોલમ ગુજરાત સમાચાર દૈનિકમાં છે કે સઊદી અરબીયામાં "કોઈ કન્યા વિદ્યાલયમાં આગ લાગવાનો બનાવ બન્યો તેમાં પંદર વિદ્યાર્થીનીઓ બળી મરી. આ સમાચાર મીઠુ મરચુ ઉમેરી પ્રગટ કર્યા જણાય આવે છે અને તેમાં છેલ્લે પોતાની ભરાશ ઠાલવી કે પર્દાના લીધે આ કરૂણ અંજામ થયો કેમ કે દરવાજો ખોલવા કટ્ટરપંથી મુલ્લા ના પાડતા હતા....વગેરે."

પત્રકારત્વ પૂર્વગ્રહવાળુ પીળુ ન હોવું જોઈએ પણ ન્યાયવાળુ ક્લીન હોવું જોઈએ ! શું જગતમાં આગ લાગવાના તથા સળગી જવાના બનાવો ઘણા બને છે ત્યાં પણ પર્દો આડે આવે છે ?! તદ્દન મારી મચડીને ઈસ્લામનો વિરોધ કરવા ખાતર જ તથા ઈસ્લામના પવિત્ર કાનૂનો પર કાદવ ઉછાળવા ખાતર ગમે તે વાતને વિકૃત કરી રજૂ કરવી એ આવા નીચ મનોવૃત્તિના લેખક કલાકારોનું જ કામ છે.

જ્યાં સુધી પર્દાનો સવાલ છે તો પર્દામાં સ્ત્રીની ઈજ્જત સચવાય છે, નહીં તો આ બેપર્દગીનું જ પરિણામ છે કે છેડતી તથા બળાત્કાર તથા આડા સંબંધોના બનાવો ખૂબ વધી ગયા છે જેના પરિણામે ખૂન, બળાત્કાર, આપઘાતના બનાવો રોજ બને છે. વળી થોડાક સમય પર આ જ **ગુજરાત સમાચાર 'ન્યૂઝ ફ્લેસ' કોલમમાં 'એર હોસ્ટેસો' સંબંધે એક અતિ અપમાનજનક લેખ હતો જેમાં તેણીઓને નર્યી વેશ્યા જ ચીતરવામાં આવી છે !** કે 'એર હોસ્ટેસ'ની નોકરીમાં લોકો સામે હસીને તેમને ખુશ કરવા, ફિગર સારી રાખવી જેથી તેણીના સૌંદર્ય પ્રતિ લોકો આકર્ષાય અને ગ્રાહકો ખુશ રહે, મનથી દુઃખી હોય તો પણ ગ્રાહકોને ખુશ રાખવા લોકો તરફ સ્મિત કરતા રહેવું તથા તેણીઓ દિવસો સુધી બહાર રહેતી તથા હોટલોમાં ઉતરતી હોવાથી પાયલોટ સાથે તથા સહકર્મચારી સાથે વ્યભિચારમાં પડવું પડે છે, કોઈ વફાદાર સાથી તેણીને નથી મળતો, પતિની વફાદાર નથી રહી શક્તી, વળી તેણીએ સતત પુરૂષ યાત્રી ક્યાંક છેડતી ન કરી બેસે તે ભય હેઠળ રહેવું પડે છે ! વગેરે.... એ જ પ્રમાણે મોડેલોની હાલત હોય છે કે ગ્રાહકોને આકર્ષવા પાતળી દેખાવડી રહેવા ખૂબ જ તકલીફો વેઠી જાત પર જુલ્મ કરવા પડે છે એવા લેખો વાંચવા મળે છે. *(ગુ.સ.)*

**હવે તમે જ બતાવો કે આ શું સ્ત્રીનું શોષણ નથી ?! સ્ત્રીને બેપર્દા કરી સજાવી ધજાવી વાસના ભૂખ્યાઓને આકર્ષી વેપાર કરી લેવો શું આ સ્ત્રી આઝાદી છે ? કે સ્ત્રી પર જુલ્મ છે ?!** ઈસ્લામ આવાં કામોને મુદ્દલે **હરામ** દર્શાવે છે અને એ રીતે આવા જુલ્મથી નારીને મુક્તિ અપાવે છે. જ્યારે વિધર્મીઓ તેને સ્ત્રી આઝાદીનું મોહરૂ લગાડી તેણીને ગુલામડી જેમ જીવાડે છે કે દુઃખથી ત્રાસીને હાશ

અનુભવવા તેણીને રડવાની ઈચ્છા હોય તો પણ ન રડી શકે કે મેક અપ બગડી જશે ! અને ગ્રાહકો પર ખોટી છાપ પડશે ! અને નોકરીમાંથી છૂટી કરી અપાશે. આથી વધુ જુલ્મ શું છે ?

■અને તમારા જ વર્તમાન પત્રના સમાચારોનું સર્વે કરો કે મહિનામાં કેટલી મુસ્લિમ અને કેટલી ગૈર મુસ્લિમ સ્ત્રીઓની મારપીટ, ઘરેથી તગેડી મૂકવાના, દહેજ માટે પરેશાન કરવાના, હત્યા, આત્મહત્યા, બળાત્કાર, સામૂહિક બળાત્કાર, જીવતી સળગવાના તથા સળગાવવાના, ઝેર પીવાના બનાવો બને છે ?! પછી **ન્યાયપૂર્વક કહો કે જુલ્મ ક્યાં થઈ રહ્યો છે ?** અમસ્તાં જ મુસ્લિમો તથા ઈસ્લામ વિરુધ્ધ લખી છાપાં કાળાં ન કરો ! વળી લેખક મહાશય વારંવાર મુસ્લિમ અને ત્રાસવાદ બાબતે લખતા રહે છે, તો એ સંબંધે પણ સ્પષ્ટતા જોઈ લો :–

**હવે તો કહો કે ત્રાસવાદી કેવળ મુસ્લિમ જ નથી ! પણ......**

ત્રાસવાદી કોઈ પણ નામનો હોય તેનું કૃત્ય અધર્મીપણુ તથા ઈસ્લામ વિરુધ્ધનું છે એ એક સનાતન સત્ય હક્ીકત છે, ઈસ્લામે દરેક જુલ્મને સદા વખોડેલ છે, અમે પણ તેને વખોડીએ જ છીએ. પણ આ લેખક મહાશયના માથે બસ એક જ ભૂત સવાર છે અને તે એ કે અવાર નવાર મુસ્લિમ ત્રાસવાદી, ઈસ્લામી ત્રાસવાદ વગેરે શબ્દો સાથે કાંઈ ન કાંઈ લખતા રહે છે, તેમને કહેવાતા મુસ્લિમ ત્રાસવાદી સિવાય દેશ તથા દુનિયામાં ત્રાસવાદ ફેલાવતા અન્ય ત્રાસવાદીઓ દેખાતા જ નથી ! હાલમાં મહારાષ્ટ્રના મુંબઈ તેમજ અન્ય શહેરોમાં યુ.પી. બિહાર તથા અન્ય પ્રાંતિય નિર્દોષ લોકોની મારપીટ તથા તેમના પર જુલ્મ જે રાજ સેના તથા શિવ સેના થકી અવાર નવાર થાય છે તે કયું રાષ્ટ્ર પ્રેમનું કૃત્ય છે ? તથા હાલમાં થાણામાં થિયેટરમાં બોમ્બ ફૂટતાં બાલઠાકરેનું નિવેદન કે (તેઓ હિંદુ હોવાથી) બોમ્બ ફોડનારા પ્રતિ મને ગર્વ છે ! તથા આત્મઘાતી બોમ્બર બનવા હિંદુઓને આહ્‌વાન એમણે આપ્યું, તો આ કયું કાયદેસરનું તથા દેશપ્રેમનું કૃત્ય છે ? **આ ત્રાસવાદ નથી તો ત્રાસવાદ બીજી કઈ બલાનું નામ છે ?** મુસ્લિમોને ત્રાસવાદ સંબંધે છાશવારે સૂફિયાણી સલાહો આપતા આ લેખક મહાશય તેમને પણ કાંઈક સલાહો આપવા કેમ આગળ નથી આવતા ? તેમનો તો ઉલ્લેખ પણ તે ત્રાસવાદીરૂપે કરતા નથી !

માઓવાદી, નકસલવાદી, ખાલિસ્તાનવાદી, ઉલ્ફાવાદી, તામિલ ટાઈગર વગેરે ઉગ્રવાદીઓ ત્રાસવાદીઓ શું મુસ્લિમ છે ? અને તેઓ કોઈ સર્જનનાં કાર્યો કરી રહ્યા છે કે નિર્દોષ લોકો તથા પોલીસોની લાશો પાડી રહ્યા છે ? અને હવે તો પર્દો ધીમે ધીમે ઉઠી રહ્યો છે કે ક્યાંક બોંબ ધડાકો થતાં તરત જ મુસ્લિમ નામી કોઈ સંગઠન સાથે તેની નિસ્બત કરવામાં આવી જતી હતી પણ હાલમાં 'નયી મુંબઈ' અને નાંદેડ તથા થાણાના ડ્રામા થિયેટરમાં બોંબ ધડાકાઓના અનુસંધાનમાં અન્યો સાથે બે હિંદુ સ્ત્રીઓની પોલીસે ધરપકડ કરી, જેમનો સંબંધ "સનાતન પ્રભાત" તથા "હિંદુજન જાગૃતિ સમિતિ" સાથે છે, તેમણે તેનો સ્વીકાર પણ કર્યો છે. આ સમિતિની કુલ ચાર વ્યક્તિઓની ધરપકડ પછી શંકાની સોય દરેક ધમાકા બાદ મુસ્લિમનામી સંગઠનો પ્રતિ થતી હતી તે હવે અન્ય ધર્મી કટ્ટરપંથી સંગઠનો પ્રતિ થવા લાગી છે. *(મુસ્લિમ ટાઈમ્સ અઠવાડિક–ઉર્દૂ, ૨૩ થી ૨૯ જૂન–૨૦૦૮ તથા અન્ય વર્તમાન પત્રો)* તો હવે આ લેખક મહાશય જે અત્યાર સુધી એક જ ટ્રેક પર દોડી રહ્યા છે અને વાત વાતમાં મુસ્લિમો ત્રાસવાદ સંબંધે આમ કરે અને તેમ કરે, તેવી સૂફિયાણી સલાહો ઠોકતા રહ્યા છે તો હવે આ ઉપર દર્શાવ્યાં તે હિંદુ સંગઠનો તથા અન્ય એવા ઉગ્રવાદી તત્વો સંબંધે કાંઈ કહેશે ખરા ?! લેખક મહાશયે નિષ્પક્ષ બની ન્યાયી વલણ અપનાવી ઈસ્લામ તથા મુસલમાનો પ્રતિના પૂર્વગ્રહનો ત્યાગ કરી પોતાની કલમ ચલાવી આપણા ભોળા સમાજ તથા અજાણ પબ્લિકમાં શાંતિ તથા સલામતી ઉદ્‌ભવે તેવાં લખાણો કરવાં જોઈએ અને વિવિધ જાતિઓમાં વૈમનસ્ય ઉપસ્થિત થાય તથા એકબીજા પ્રત્યે ધૃણા ઉપજે તેવાં લખાણોથી દૂર રહેવું જોઈએ.

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહની તફસીર

يَسْـَٔلُونَكَ عَنِ الشَّهْرِ الْحَرَامِ قِتَالٍ فِيهِ ۖ قُلْ قِتَالٌ فِيهِ كَبِيرٌ ۖ وَصَدٌّ
عَن سَبِيلِ اللَّهِ وَكُفْرٌ بِهِ وَالْمَسْجِدِ الْحَرَامِ وَإِخْرَاجُ أَهْلِهِ
مِنْهُ أَكْبَرُ عِندَ اللَّهِ ۚ وَالْفِتْنَةُ أَكْبَرُ مِنَ الْقَتْلِ ۗ وَلَا يَزَالُونَ
يُقَاتِلُونَكُمْ حَتَّىٰ يَرُدُّوكُمْ عَن دِينِكُمْ إِنِ اسْتَطَاعُوا ۚ وَمَن
يَرْتَدِدْ مِنكُمْ عَن دِينِهِ فَيَمُتْ وَهُوَ كَافِرٌ فَأُولَٰئِكَ حَبِطَتْ
أَعْمَالُهُمْ فِي الدُّنْيَا وَالْآخِرَةِ ۖ وَأُولَٰئِكَ أَصْحَابُ النَّارِ ۖ هُمْ
فِيهَا خَالِدُونَ ﴿٢١٧﴾

**તર્જુમો** : તેઓ પૂછે છે તમને કે માહે હરામમાં જંગ કરવાનો હુકમ શું છે ?[૨૭૪] તમે ફર્માવો કે લડાઈ કરવી એમાં મહાન ગુનોહ છે, પરંતુ રોકી દેવું અલ્લાહની રાહથી, અને કુફ્ર કરવું તેની સાથે, અને (રોકી દેવું) મસ્જિદે હરામથી, અને કાઢી મૂકવાં એમાં વસનારાંઓને એમાંથી, એનાથી પણ મોટા ગુનાહ છે અલ્લાહની નજીક, અને ફિત્ના (તથા ફસાદ) કત્લથી પણ મોટો ગુનોહ છે. અને હમેશાં[૨૭૫] લડતા રહેશે તમારી સાથે ત્યાં સુધી કે ફેરવી આપે તમને તમારા દીનથી, પછી મૃત્યુ પામે કુફ્રની હાલત પર તો એ જ તે (બદ્‌નસીબ) છે કે બેકાર થઈ ગયા તેમના અમલ દુનિયા તથા આખેરતમાં અને એ જ દોઝખી છે, તેઓ એમાં હમેશાં રહેશે.

### તફસીર...............

**૨૭૪.** હુઝૂરે કરીમ ﷺએ જમાદિઉષ્ષાનીની અંતિમ તારીખોમાં અબ્દુલ્લાહ ઈબ્ને જહશને એક નાના સરખા દળ સાથે કાફિરોની એક્ટિવિટી માલૂમ કરવા માટે મોકલ્યા. તેમની અથડામણ મુશ્રિકોના એક કાફલા સાથે થઈ ગઈ, જેથી તેમનો એક માણસ મુસલમાનોના હાથે માર્યો ગયો અને ત્રણ માણસોને સર સામાન સાથે પકડી લેવામાં આવ્યા. જે દિવસે આ બનાવ બન્યો ત્યારે મુસલમાન એ ખયાલમાં હતા કે રજબનો ચાંદ દેખાવા પામ્યો નથી અને જમાદિઉષ્ષાનીની ત્રીસમી તારીખ છે, અને હક઼ીક઼ત એ હતી કે રાત્રે રજબનો ચાંદ થઈ ગયો હતો. આ બનાવથી મક્કાના કાફિરો અને યહૂદીઓ તથા મુનાફિક઼ોને મદીનાના મુસલમાનો વિરુધ્ધ પ્રોપેગન્ડા કરવાનો એક સોનેરી મોકો હાથ લાગી ગયો. તેમણે તો હંગામો મચાવવાનું શરૂ કરી આપ્યું કે, જરા જુઓ ! આ મુસલમાનોને કે લોકોને તો નેકીનો હુકમ આપે છે અને ખૂદ માહે હરામ (રજબ)માં ક઼ત્લ કરવાથી પણ બચતા નથી. મુસલમાનોની આ અજાણતામાં થયેલી ભૂલને લઈને તેમણે વાતનું વતેસર કરી નાખ્યું. આ આયતોમાં તેમના પ્રોપેગન્ડાનો મુંહતોડ જવાબ આપવામાં આવ્યો કે, બરાબર છે કે માહે રજબની ઘણી ઈજ્જત તથા હુર્મત છે અને એમાં ક઼ત્લ કરવું ઘણો જ મોટો ગુનોહ છે, પરંતુ તમારાં કરતૂતોને તો જુઓ ! તે રસ્તો જે બંદાને મૌલા સુધી પહોંચાડે છે તેને તમે રોકીને ઉભા છો. મસ્જિદે હરામમાં તમે કોઈ હક્ક઼ પરસ્તને દાખલ થવા નથી દેતા, કેવળ એટલું જ નહીં બલ્કે અમ્નો સલામતીના એ શહેરથી તેના મૂળ વતનીઓને તડીપાર કરવાથી તમે નથી રોકાતા, અને એ સૌથી વિશેષ કે જે ઈસ્લામની દા'વત સ્વીકારી લે છે તેને જાત જાતના અઝાબ આપીને, તેના દિલમાં શંકા કુશંકાઓ ખડી કરીને દીને હક્ક઼થી દૂર કરવાના માટે સતત પ્રયત્નશીલ રહો છો, એ ગંભીર ગુનાહોનો તો તમને ખયાલ પણ નથી ! બલ્કે એને તો તમે જુર્મ સમજતા જ નથી ! અને આ મામૂલી બનાવને જે કેવળ ભૂલથી ઉપસ્થિત થઈ ગયો એને એવો ઉછાળી રહ્યા છો જાણે એ તમારા જુર્મોથીય ખૂબ જ ખરાબ છે !

**૨૭૫.** મુસલમાનોને કાફિરોની દિલી આરઝૂથી સાવચેત કરવામાં આવી રહ્યા છે જેથી સાવધાન રહે.

# મિર્આતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

દર્સે હદીષે પાક

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે અમે હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં હતા અને જે કાંઈ થાય છે તેની ચર્ચા કરી રહ્યા હતા[૧]. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જો તમે સાંભળો કે પહાડ પોતાના સ્થાનેથી હટી ગયો તો માની લો, અને જો એવું સાંભળો કે કોઈ માણસ પેદાઈશી (સ્વભાવિક) આદતથી બદલાઈ ગયો તો ન માનો, તે ફરી એના પ્રતિ વળી જશે જેના પર પેદા થયો હતો[૨]. *(અહમદ)* હઝરત ઉમ્મે સલ્મા[૩] رضی اللہ عنہાથી રિવાયત છે. તેમણે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ તમને દર વર્ષે તે ઝહેરીલી બકરીની તકલીફ થાય છે જે આપે (ખૈબરમાં) ખાઈ લીધી હતી ?[૪] ફર્માવ્યું, મને એના સિવાય કાંઈ (તકલીફ) નથી પહોંચતી જે મારા મુક઼દ્દરમાં લખી દેવામાં આવી જ્યારે હઝરત આદમ પોતાના ખમીરમાં હતા[૫]. *(ઈબ્ને માજહ)*

**અઝાબે ક઼બ્રની સાબિતી**[૬] : હઝરત બરાઅ ઈબ્ને આઝિબ[૭] رضی اللہ عنہથી રિવાયત છે, તે નબી કરીમ ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું, મુસલમાનથી જ્યારે ક઼બરમાં પૂછતાછ થાય છે તો તે ગવાહી દઈ ઉઠે છે કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, મુહમ્મદ અલ્લાહના રસૂલ છે[૮]. તો એ જ રબનું ફર્માન છે કે અલ્લાહ મો'મિનોને મજબૂત વાત પર ક઼ાયમ રાખે છે દુનિયવી જિંદગીમાં અને આખેરતમાં[૯]. અને હુઝૂર નબી કરીમ ﷺથી એક રિવાયત એ છે કે, ફર્માવ્યું કે આ આયત ક઼બ્રના અઝાબના સંબંધે નાઝિલ થઈ[૧૦] મુડદાને કહેવામાં આવે છે કે, તારો રબ કોણ ? તો તે કહે છે કે મારો રબ અલ્લાહ છે અને મારા નબી મુહમ્મદ (ﷺ) છે[૧૧]. *(મુસ્લિમ તથા બુખારી)*

### -:: સ....મ....જૂ....તી.... ::-

**૦૧.** કે વિશ્વના બનાવો આગલા ફૈંસલાઓ મુજબ થઈ રહ્યા છે કે આકસ્મિક. પણ આ ચર્ચા મુનાઝરાના અંદાઝમાં ન હતી, બલ્કે તેહક઼ીક઼ના માટે હતી, એટલા માટે હુઝૂરે અકરમ ﷺ સાંભળતા રહ્યા અને મના ન કર્યું, બલ્કે એક મસ્અલાની આવી તેહક઼ીક઼ કરી આપી. જાણવા મળ્યું કે 'ઈલ્મે ક઼લામ' પઢવું મના નથી.

**મસ્અલા** : તક઼દીર બાબતે ઝઘડવું મના છે, જેમ કે આ હદીષોથી જાણવા મળ્યું.

**૦૨.** મસ્અલાનો ખુલાસો એ થયો કે વિશ્વના બનાવો અગાઉના ફૈંસલાઓ પ્રમાણે થઈ રહ્યા છે અને તે ફૈંસલાઓ અટલ છે જેમની તબદીલી અશક્ય છે. યાદ રાખશો કે માણસની બે હાલતો 'ઝાતી' તથા 'વસફી'. વસફી હાલતો રાત દિવસ બદલાતી રહે છે. કાફિર મો'મિન બની જાય છે, ફાસિક઼ મુત્તક઼ી, બખીલ સખી બની જાય છે, ડરપોક બહાદુર બની જાય છે. કદીક બુઝુર્ગોની સોહબતથી કદીક ઈલ્મની બરકતથી, કદીક આમ જ કેવળ રબની કુદરતથી, પણ મૂળ હાલત કદી નથી બદલાઈ શકતી. જો કદી ટેમ્પરરી બદલાઈ પણ ગઈ તો તે ક઼ાયમી ન રહેશે. આગ પર પાણી ગરમ થઈ જાય છે પણ ત્યાંથી હટતાં પાછુ ઠંડુ પડી જાય છે. અહીં મૂળ હાલત ઝિક્ર છે અને સ્વભાવગતથી તે ખાસિયત મુરાદ છે જે ઈલ્મે ઈલાહીમાં આવી ચૂકી છે જેમાં ફેરફાર અશક્ય છે.

**૦૩.** આપનું નામ હિંદ બિન્તે ઉમૈયા છે, પહેલાં અબૂ સલ્માના નિકાહમાં હતાં. હિ.સ. ૪માં વિધવા થયાં. એ જ હિ.સ. ૪ શવ્વાલના અંતમાં હુઝૂર ﷺના નિકાહમાં આવ્યાં. હિ.સ. ૫૯માં મદીના પાકમાં વફાત પામ્યાં અને જન્નતુલ બક઼ીઅમાં દફન થયાં. ૮૪ વરસની ઉપર થઈ. ઘણા બધા સહાબીઓ તથા તાબઈઓએ આપનાથી હદીષો રિવાયત કરી.

**૦૪.** કે એક યહૂદણે ખૈબરમાં ધોકાથી બકરીનો ઝહેર મિશ્રિત ગોશ્ત હુઝૂર ﷺને ખવડાવી આપ્યો હતો. અમુક સહાબીઓએ પણ ખાઈ લીધો હતો જેઓ શહીદ થઈ ગયા. ખુદાના ફઝ્લથી હુઝૂર ﷺ સલામત રહ્યા પણ દર વરસે ઝહેરની તકલીફ ઉઠલો મારતી હતી, ત્યાં સુધી કે વફાતના સમયે પણ એ ઝહેરની અસર જાહેર થઈ ગઈ હતી. ઈન્શાઅલ્લાહ ! એનું વિગતે વર્ણન મેઅરાજના પ્રકરણમાં આવશે.

**૦૫.** જેથી એવું નથી કહી શકાતુ કે જો અમે ખૈબર ન

જાત તો ઝહેર ન ખાત. ખૈબર જવું, ત્યાં ઝહેર ખાઈ લેવું, સર્વ કાંઈ લખવામાં આવી ચૂક્યુ હતું.

**૦૬.** અઝાબે કૃબ્રના વિશે અમુક મસ્અલા યાદ રાખવા જોઈએ : (અ) અહીં કૃબ્રથી મુરાદ 'બરઝખની દુનિયા' છે જેનો પ્રારંભ દરેક વ્યક્તિના મૃત્યુથી છે અને અંત કૃયામત પર. આમ બોલીમાં બોલાતી કૃબ્ર મુરાદ નથી, જેથી જે મુડદુ દફન ન થયું બલ્કે સળગાવી દેવામાં આવ્યું, ડૂબાડી દેવામાં આવ્યું, તેને સિંહ ખાઈ ગયો તેને પણ કૃબ્રનો હિસાબ તથા અઝાબ છે. (બ) કૃબ્રના અઝાબની સાબિતી ઘણી બધી આયતો તથા પુષ્કળ હદીષો થકી છે. રબ તઆલા ફર્માવે છે : **يُثَبِّتُ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا بِالْقَوْلِ الثَّابِتِ** છેવટ સુધી. પછી ફર્માવે છે : **اُغْرِقُوْا فَاُدْخِلُوْا نَارًا** તથા ફર્માવે છે : **اَلنَّارُ يُعْرَضُوْنَ عَلَيْهَا غُدُوًّا وَّ عَشِيًّا** આ સર્વ આયતો કૃબ્રના અઝાબના સંબંધે છે. *(જુઓ અમારી ફેહરિસ્તે કુર્આન તથા ફતાવા નઈમિયહ્)* જેથી કૃબ્રના અઝાબને નકારનારો ગુમરાહ છે. (ક) કૃબ્રમાં કેવળ ઈમાનનો હિસાબ છે, હશ્રમાં ઈમાન તથા અમલ બંનેવનો. (ડ) કૃબ્રનો હિસાબ આપણા હુઝૂરના જમાનાથી શરૂ થયો, પાછલી ઉમ્મતોમાં ન હતો, ન તેમને તેમના નબીની પેહચાન કરાવવામાં આવતી હતી. (ચ) કૃબ્રનો હિસાબ આઠ શખ્સોને નથી થતો : નબી, શહીદ, જેહાદની તૈયારી કરનાર, પ્લેગમાં મૃત્યુ પામનાર, પ્લેગમાં સબ્ર કરનાર, નાના બાળક, જુમ્આના દિવસ કે રાતમાં મૃત્યુ પામનાર, દર રાત્રે સૂરએ મુલ્ક પઢનાર, મૃત્યુ શૈયા પર કુલહુવલ્લાહ પઢનાર. *(શામી)* (છ) કૃબ્રનો હિસાબ કાંઈક જુદો છે અને કૃબ્રનો અઝાબ કાંઈક ઔર છે. અમુક લોકો કૃબ્રના હિસાબમાં કામયાબ થશે પણ અમુક ગુનાહોના કારણે જેમ કે ચુગલખોર તથા નાપાક. (જ) કાફિરને કૃબ્રનો અઝાબ કાયમ માટે થશે અને ગુનેહગાર મુસલમાનને મર્યાદિત સમય પૂરતો થશે, ત્યાં સુધી કે અમુકનો અઝાબ જુમ્આની રાત આવતાં જ ખત્મ થઈ જાય છે. એટલા માટે દફન બાદથી જુમ્આની રાત સુધી કૃબ્ર પર કુર્આનની તિલાવત કરાવવામાં આવે છે. (ઝ) હશ્ર (કૃયામતના હિસાબ કિતાબ) પછી બંદાઓને જન્નત કે દોઝખમાં દાખલ કરીને સવાબ કે અઝાબ આપવામાં આવશે. બરઝખમાં જન્નત કે દોઝખનો સવાબ કે અઝાબ કૃબ્રમાં પહોંચે છે. મૈયતનું શરીર ત્યાં નથી પહોંચતું, જેથી બંનેવ અઝાબો સવાબોમાં ફરક છે. (ભ) કૃબ્રનો અઝાબ રૂહને છે અને શરીર એના તાબા હેઠળ છે પણ હશ્રના પછીનો અઝાબ તથા સવાબ રૂહ તથા શરીર બંનેવને થશે.

**૦૭.** આપનું નામ બરાઅ્ અને ઉપનામ અબૂ અમ્મારા છે. અન્સારી હારષી છે. ગઝવએ ખંદક તથા ગઝવએ ઓહદ વગેરે પાંચ ગઝવહમાં હુઝૂર صلى الله عليه وسلمની સાથે રહ્યા. ફારૂકી યુગમાં કૂફામાં સ્થાયી થયા. હિ.સ. ૨૪માં...આપે જ ફતહ કર્યું. હઝરત અલી મુર્તઝાના યુગમાં જંગે જુમલ, જંગે સિફ્ફીન અને નહરવાનમાં હઝરત અલી મુર્તઝા كرم الله تعالى وجهه الكريم ના સાથે હતા. કૂફામાં વફાત પામ્યા.

**૦૮.** પૂછનારા મુન્કર નકીર બે ફરિશ્તા છે જેઓ તૌહીદ તથા રિસાલત અને દીનની પરીક્ષા લે છે. આ જવાબ આમ મો'મિનોનો છે જે અહીં ઈર્શાદ થયો. અમુક આશિકૃ જમાલે મુસ્તફા જોતાં જ ઉઠીને ફિદા થઈ જાય છે અને એવો તવાફ કરે છે જેવો પરવાનો શમ્અનો અથવા હાજી કા'બાનો કરે છે. જેમ કે બુઝુર્ગોના ઈતિહાસથી સાબિત છે કે તેમણે ખ્વાબમાં લોકોને પોતાના (કૃબ્રમાં થયેલ) સવાલની વિગત વજદઅંગેઝ તરીકૃાથી બતાવી.

**૦૯.** અહીં આખેરતથી મુરાદ કૃબ્ર છે. એટલે કે કૃબ્રમાં કોઈ શખ્સ પોતાની કોશિશ વડે કામયાબ નથી થઈ શક્તો, કેવળ રબના કરમથી કામયાબી મળશે. એટલે કે મો'મિનોને જીવન તથા કૃબ્રમાં કલ્માએ શહાદત પર અલ્લાહ તઆલા જ અડગ રાખે છે, નહીં તો દુનિયાના ઘણા બધા સંજોગો અને કૃબ્રના સખત સવાલો તેને ફિસલાવનારા છે. ''કૃૌલિ ષાબિત''થી મુરાદ કલ્મએ તૈયેબહ છે. કૃબ્રમાં કેવળ અકૃીદાની જ પરીક્ષા છે જેથી અમલોનું વર્ણન ન થયું.

**૧૦.** એટલે કે કૃબ્રના અઝાબ તથા ષવાબની સાબિતીમાં, નહીં તો આ આયત મો'મિનોના બારામાં આવી છે જેઓ કૃબ્રના અઝાબથી મેહફૂઝ છે. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

**૧૧.** દુનિયામાં પરીક્ષાના પ્રશ્નો પહેલાં ગૃપ્ત રાખવામાં આવે છે જેથી કોઈ જવાબ (અગાઉથી) વિચારી ન લાવે. આપણા હુઝૂર صلى الله عليه وسلمએ પરીક્ષાના પ્રશ્નો પણ જાહેર કરી આપ્યા, તેના જવાબો પણ જણાવી આપ્યા. ખુદા કરે કે તે વખતે હોશ ઠેકાણે રહે અને આ જણાવી આપેલા જવાબો યાદ રહે.

# શિફા શરીફ

شفا شریف

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمة الله عليه**

**ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી** *(પાટડીવાળા)*

**:: પ્રકરણ : ૩ ::**

આ પ્રકરણમાં તે સહીહ અન મશ્હૂર હદીષો રજૂ કરવામાં આવશે જેનાથી સ્વચ્છપણે સ્પષ્ટ થાય છે કે બારગાહે ખુદાવંદીમાં સૈયદના મુહમ્મદ صلى الله عليه وسلمનો કયો મર્તબો છે અને નબીએ કરીમ صلى الله عليه وسلمને બંને જહાનમાં કઈ કઈ બુઝુર્ગીઓના સાથે ખાસ કરવામાં આવ્યા છે.

**★ બારગાહે ખુદાવંદીમાં હુઝૂરનો મકામ ★**

**(અર્થ)** : તેમાં કોઈ મતભેદ નથી કે નબી કરીમ صلى الله عليه وسلم તમામથી ઈજ્જતદાર બશર અને આદમની ઔલાદના સરદાર છે. આપ અલ્લાહ તઆલાના નજીક તમામ મનુષ્યોથી શ્રેષ્ઠ છે. આપનો મર્તબો તે સૌથી ઉચ્ચ છે અને ખુદાની સૌથી નજીક છે. યાદ રાખશો કે આ વિશે જે હદીષો આવેલી છે તે ઘણી જ વધારે છે જેમાંથી અમે સહીહ અને મશ્હૂર હદીષો રજૂ કરીએ છીએ અને જે અર્થમાં તે આવેલી છે તે ધ્યાનમાં લેતાં અમે તેના બાર[૧] વિભાગોમાં વહેંચણી કરી દીધી છે. *(પેજ–૧૩૦)*

*(વિભાગ : ૧)*

## શાને મુસ્તફવી صلى الله عليه وسلم

આ વિભાગ સરવરે કોનો મકાં صلى الله عليه وسلمની પ્રતિષ્ઠાની ઊંચાઈ, પ્રતિષ્ઠાનું સ્થાન રફઅતે શાન (બુલંદીની ભવ્યતા), મહત્તા, આદમની ઔલાદની સરદારી અને આપના દુનિયાના મહાન મર્તબાનું બયાન જે ખબરો અને હદીષો પર આધારિત છે તે રજૂ કરવામાં આવશે. પછી જેમાં આપની બરકતવાળી જાતની વિશિષ્ટતાઓ, અને આપના મુબારક નામોની બરકતોનું વર્ણન છે. તેમાંથી કેટલીક રજૂ કરવામાં આવશે.

ક઼ાઝી અયાઝ માલિક رحمة الله عليه ફર્માવે છે કે અમને શયખ અબૂ મુહમ્મદ અબ્દુલ્લાહ બિન અહમદ અલ્અદલ رحمة الله عليهએ પોતાની સનદના સાથે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضى الله عنهماથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ માનવ જાતિને બે ભાગમાં વહેંચી છે અને મને સારા પ્રકારમાં રાખ્યો છે. જેવો કે ઈર્શાદે બારી તઆલા છે કે એક ગિરોહ તે 'અસ્હાબિલ્યમીન'નું છે. (સૂરએ વાકિઆ, આ. ૩૮) અને બીજો 'અસ્હાબુશ્શિમાલ' (સૂરએ વાકિઆ, આા ૪૧૮) પછી હું 'અસ્હાબુલ્યમીન'માંથી છું અને તેમાં તમામથી શ્રેષ્ઠ છું અને પછી તે બંનેના ત્રણ ત્રણ ભાગ કર્યા અને ત્રીજા શ્રેષ્ઠ ભાગમાં રાખ્યો જેવું કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે કે તેમાંથી એક ભાગ 'અસ્હાબુલ્મયમનહ' છે. *(સૂરએ વાકિઆ, આ. ૮)*

**૧.** કિતાબના લેખક એટલે ઈમામ ક઼ાઝી અયાઝ માલિકી رحمة الله عليه એ આ પ્રકરણને બાર વિભાગમાં લખવાની ખુશખબરો સંભળાવી, પરંતુ લખવા બેઠા ત્યારે બારની જગ્યાએ પંદર વિભાગ થઈ ગયા. આવા સમયના ઈમામ સાહિબે દિલ અને આશિકે઼ રસૂલના માટે કોઈ મુશ્કેલ ન હતું કે તેઓ બારની જગ્યાએ બારસો વિભાગ લખી દેતા અને સરવરે કોનો મકાં صلى الله عليه وسلمના ફઝાઈલ (શ્રેષ્ઠતા) અને કમાલાત (વિશિષ્ટતાઓ) એટલા સિમિત નથી કે જગતનો કોઈ વ્યક્તિ અથવા તમામ વ્યક્તિઓ તેનો ઘેરાવ કરી શકે. દરેક રીતે જ્યારે પણ કોઈ સાહિબે દિલે હબીબે ખુદા صلى الله عليه وسلمના ગુણો બયાન કરવા માટે પોતાના ક઼લમના ઘોડાને ધીમી ચાલની પરવાનગી આપી ત્યારે તે ઈશ્કે઼ રસૂલના નશામાં તૃપ્ત થઈને કાંઈક એવી રીતે પુરપાટ દોડવા લાગે છે કે મંઝિલો (પડાવ) પર મંઝિલ પસાર થતી જાય છે, જોવાવાળા આશ્ચર્ય ચકિત બની જાય છે, પરંતુ તેઓ આ મેદાનમાં વિસ્તારને જોઈને એ જ સમજે છે કે હજુ તો જરા પણ અંતર કપાયું નથી અને છેવટે તેને પોતાની લાચારી અને વિવશતાને પ્રગટ કરવાનું બને છે અને શાયરે રસૂલ હઝરત હસ્સાન رضى الله عنه આ શબ્દોમાં બેકાબૂ બની પુકારી ઉઠે છે : ***મા ઈમ્મદહ્તુ મુહમ્મદમ બિ મક઼ાલતી–લાકિમ્મદહ્તુ મક઼ાલતી બિ મુહમ્મદ***

બીજો 'અસ્હાબુલ્મ શ્અમહ' *(સૂરએ વાકિઆ, આ. નં. ૯)* ત્રીજો 'અસ્સા બિકૂન' *(સૂરએ વાકિઆ, આ. ૧૦)* હું સાબિકૂનમાંથી છું અને તેમાં પણ સર્વશ્રેષ્ઠ. પછી તેના ત્રણ કબીલા (કુટુંબ) બનાવ્યા ત્યારે મને તેમાં સર્વશ્રેષ્ઠ કબીલામાં રાખ્યો જેવો કે ઈર્શાદે ખુદાવંદી છે :–

"અને તમને શાખાઓ તેમજ કબીલાઓમાં બનાવ્યા કે જેથી પરસ્પર ઓળખાણ ધરાવો."

*–(સૂરએ હુજુરાત, આ. ૧૩)*

હું માનવ જાતિમાં અલ્લાહ તઆલાના નજીક સૌથી પરહેઝગાર અને સૌથી ઈજ્જતદાર છું અને આ હું ગર્વથી કહેતો નથી. પછી કબીલાઓનાં ઘર બનાવ્યાં અને મને શ્રેષ્ઠ ઘરમાં રાખ્યો, જેવું કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

"અલ્લાહ તો એ જ ઈચ્છે છે અય નબીનાં ઘરવાળાઓ ! કે તમારાથી પ્રત્યેક નાપાકી દૂર કરી નાખે અને તમને પાક કરીને ખૂબ સ્વચ્છ કરી આપે." *(સૂરએ અહઝાબ, આ. ૩૩)*

હઝરત અબૂ સલ્મા અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہماથી રિવાયત છે કે સહાબાએ કિરામ رضی اللہ عنہمએ બારગાહે રિસાલતમાં આવી રીતે અર્ઝ કરી :–

"યા રસૂલલ્લાહ ! આપને નબુવ્વત કયારે અર્પણ કરવામાં આવી ? ફર્માવ્યું, જ્યારે આદમ રૂહ અને બદનના વચ્ચે હતા."

હઝરત વાસિલા બિન અસ્કઅ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ علیہ السلامની અવલાદથી હઝરત ઈસ્માઈલ علیہ السلامને પસંદ કર્યા. હઝરત ઈસ્માઈલ علیہ السلامની ઔલાદથી બની કનાનહને બની કનાનહથી કુરૈશને, તેમનાથી બની હાશમને અને બની હાશમથી મને પસંદ કરી લીધો છે.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હું હઝરત આદમ علیہ السلامની તમામ ઔલાદથી અલ્લાહ તઆલાના નજીક મુકર્રમ અને મુઅઝ્ઝમ (પ્રતિષ્ઠિત) છું. ગર્વની રીતે કહેતો નથી (એટલે કે નેઅમતની જાણકારી આપવાની રીતે કહી રહ્યો છું.) હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ વાળી રિવાયતમાં છે કે હું સમગ્ર આગળના અને પાછળનાથી વધુ બુઝુર્ગ છું અને હું આ ગર્વથી કહેતો નથી.

હઝરત ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે રસૂલ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે એક વખત હઝરત જિબ્રઈલ علیہ السلام અમારી બારગાહમાં હાજર થઈ અર્ઝ કરવા લાગ્યા કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મેં જમીનના ખૂણે ખૂણે તપાસ કરી લીધી પરંતુ આપનાથી શ્રેષ્ઠ કોઈને પણ જોયા નહીં અને બની હાશમથી શ્રેષ્ઠ કોઈ કબીલાને ન જોયો.

હઝરત અનસ رضی اللہ عنہનું બયાન છે કે મેઅરાજની રાતે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં જ્યારે બુરાક રજૂ કરવામાં આવ્યો અને આપે તેના પર સવાર થવા માટેનો સંકલ્પ જાહેર કર્યો ત્યારે બુરાક ખુશીમાં ઉછળવા લાગ્યો. જિબ્રઈલ علیہ السلامએ ફર્માવ્યું કે, અય બુરાક ! તું નબી આખિરુઝ્ઝમાં صلی اللہ علیہ وسلمની બારગાહમાં કેવી હરકતો કરી રહ્યો છે ? શું તને એ ખબર નથી કે જે તારી પીઠ પર સવાર થવા લાગ્યા છે ?! બારગાહે ખુદાવંદીમાં તેનાથી વધીને પ્રતિષ્ઠિત અને માનપાત્ર બીજા કોઈ નથી. બુરાક આ સાંભળી શરમથી પરસેવો પરસેવો થઈ ગયો.

લેસ્ટરથી **જનાબ મુનીરભાઈ પઠાણ** જણાવે છે કે નીચેના સ્થળે શોપ પર અમે એક બોક્સ (ગલ્લો) **S.D.I.** તરફથી રાખ્યો છે જેમાં સખીદાતા જે ઈચ્છે તે નાખે છે. આ વરસે જેની રકમ **રૂા. ૩૫૦૦૦/–**નીકળી જે ભરૂચ શહેરમાં ગરીબ વિદ્યાર્થીઓને નોટબુક, પુસ્તકો ફી, વગેરેમાં સહાય અર્થે ખર્ચી છે. તો આપ પણ આ સ્થળે બોકસમાં આપની લિલ્લાહ, ઝકાત, સદકા, ન્યાઝ કોઈપણ રકમ નાખી ગરીબોની સહાયમાં ભાગીદાર બની શકો છો, જેનો બદલો રબ્બે કરીમ તેના હબીબે પાક صلی اللہ علیہ وسلمના સદકામાં તમને બંને જહાનમાં અતા કરશે. સંપર્ક સરનામુ :–

**E-RAZORS COMMUNICATION**
139-A East Park Rd. **LEICESTER** LE5 5AZ

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## નમાઝના મુસ્તહબ વખતો

ફજરની નમાઝ મોડેથી પઢવી મુસ્તહબ છે. એટલે કે ખૂબ અજવાળુ થઈ જાય ત્યારે શરૂ કરવી પરંતુ એવો વખત થવો મુસ્તહબ છે કે ચાલીસથી સાઠ આયતો તરતીલની સાથે (ઈત્મિનાનથી) પઢી શકાય અને સલામ ફેરવ્યા પછી એટલો વખત સૂર્ય ઉગવામાં બાકી રહે કે જો નમાઝમાં ખરાબી દેખાય અને ફરી પઢવાની જરૂરત જણાય તો વુઝૂ કરી ફરીથી તરતીલ સાથે ચાલીસથી સાઠ આયતો પઢી શકાય.

ફજરની નમાઝ પઢવામાં એટલી ઢીલ કરવી મકરૂહ છે કે સૂર્ય ઉગવાનો શક પડવા લાગે. *(કાઝીખાન વગેરે)*

<u>મસ્અલો</u> : સ્ત્રીઓ માટે ફજરની નમાઝ હમેશાં શરૂ ટાઈમમાં પઢી લેવી મુસ્તહબ છે. બીજી નમાઝોમાં બેહતર એ છે કે પુરૂષોની જમાઅતની રાહ જુએ. જ્યારે જમાઅત થઈ જાય ત્યારે પઢે.

<u>મસ્અલો</u> : શિયાળામાં ઝોહરની નમાઝ જલ્દી પઢવી મુસ્તહબ છે પરંતુ ઉનાળામાં મોડેથી પઢવી મુસ્તહબ છે, પછી ભલે એકલા પઢે કે જમાઅતથી. પરંતુ જો ઉનાળામાં ઝોહરની જમાઅત શરૂ વખતમાં જ થતી હોય તો મુસ્તહબ વખત માટે જમાઅત છોડવી જાઈઝ નથી. વસંતઋતુ શિયાળાના હુકમમાં છે અને પાનખર ઉનાળાના હુકમમાં. *(રદ્દુલ મુહતાર, આલમગીરી)*

<u>મસ્અલો</u> : જુમ્આનો મુસ્તહબ વખત તે જ જે ઝહોરનો છે. *(બહર)*

<u>મસ્અલો</u> : હમેશાં અસરની નમાઝમાં મોડુ કરવું મુસ્તહબ છે, પરંતુ એટલુ મોડું ન કરવું કે સૂર્યના ગોળામાં પીળાશ આવી જાય કે એના ઉપર આસાનીથી નજર જમાવી શકાય (જોઈ શકાય) તડકાની પીળાશનો ભરોસો ગણાશે નહીં. *(આલમગીરી, દુર્રે મુખ્તાર વગેરે)*

<u>મસ્અલો</u> : બેહતર એ છે કે ઝોહરની નમાઝ કોઈપણ ચીજના મૂળ પડછાયા સિવાય તે ચીજ જેટલો પડછાયો થાય ત્યારે પઢે અને અસરની નમાઝ પડછાયો ડબલ (બમણો) થાય ત્યારે પઢે. *(ગુનિયા)*

<u>મસ્અલો</u> : અનુભવે જણાયું છે કે સૂર્યના ગોળામાં પીળાશ ત્યારે આવે છે કે જ્યારે આથમવામાં ૨૦ મિનિટ બાકી હોય છે. એટલો સમય (૨૦ મિનિટનો) કરાહત ગણાય છે. એવી જ રીતે સૂર્ય ઉગ્યા પછી ૨૦ મિનિટે ગમે તે નમાઝ પઢી શકાય. (સૂર્ય ઉગ્યા બાદ ૨૦ મિનિટ સુધી કોઈ નમાઝ ન પઢવી) *(ફતાવા રઝવિય્યહ્, બહારે શરીઅત)*

<u>મસ્અલો</u> : તાખીર એટલે મોડુ કરવાનો મતલબ એ કે મુસ્તહબ સમયના બે ભાગ કરવા અને પાછલા ભાગમાં નમાઝ પઢવી.

<u>મસ્અલો</u> : વાદળો છવાયેલાં ન હોય તે દિવસોમાં હમેશાં મગરિબની નમાઝ જલ્દી પઢવી મુસ્તહબ છે. અને બે રકાતથી વધુ મોડુ કરવું મકરૂહે તનઝીહી છે. અને મુસાફરી કે બિમારી વિગેરેમાં કોઈ મજબૂરી વિના એટલું મોડુ કરવું કે તારાઓ દેખાવા લાગે તો મકરૂહે તહરીમી છે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી, ફતાવા રઝવિય્યહ્)*

<u>મસ્અલો</u> : ઈશામાં ત્રીજા ભાગની રાત સુધી મોડું કરવું મુસ્તહબ છે અને અડધી રાત સુધી મોડુ કરવું મુબાહ છે પણ તે અડધી રાત થતા પહેલાં ફર્ઝ પઢી ચૂકે તો, અને એટલું મોડું કરવું કે રાત ઢળી ચૂકી (અડધીથી વધી ગઈ તો) તો મકરૂહ છે.

<u>મસ્અલો</u> : ઈશાની નમાઝ પઢયા પહેલાં સૂવું મકરૂહ છે.

<u>મસ્અલો</u> : ઈશાની નમાઝ પછી દુનિયવી વાતો કરવી, વાર્તાઓ, કહાણીઓ કહેવી સાંભળવી મકરૂહ છે. જરૂરી વાતો, કુર્આનની તિલાવત, અલ્લાહનો ઝિક્ર, દુરૂદ શરીફ, મસ્અલા મસાઈલ અને દીની કિતાબ પઢવી, બુઝુર્ગોના કિસ્સા કહેવા–પઢવા, મહેમાન સાથે વાતચીત કરવામાં કોઈ વાંધો નથી. એવી જ રીતે સુબ્હ સાદિક્થી લઈને સૂરજ નીકળવા સુધી અલ્લાહના ઝિક્ર સિવાય દરેક વાતો મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

<u>મસ્અલો</u> : જે માણસ એમના જાગવા ઉપર વિશ્વાસ રાખતો હોય કે જરૂરથી ધારેલા સમયે જાગી શકીશ તો તેણે આખરી રાતમાં વિત્ર પઢવી મુસ્તહબ છે, નહીં તો સૂતા પહેલાં પઢી લે. પછી જ્યારે રાતના મોડેથી આંખ ખુલે ત્યારે તહજ્જુદની નમાઝ પઢે. વિત્ર બીજી વખત પઢવી જાઈઝ નથી. *(કાઝીખાન)*

<u>મસ્અલો</u> : વાદળો હોય ત્યારે અસર અને ઈશામાં જલ્દી કરવી મુસ્તહબ છે. અને બાકીની નમાઝોમાં મોડું કરવું મુસ્તહબ છે.

# રહમતે દારૈન ﷺના શયદાઈ

રનૂકર્તા ફરજાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ઈસ્લામના સિપાહી

જીવન ચરિત્રના લેખકોએ હઝરત સઅદ رضی اللہ عنہની બીજી ખૂબીઓના એમની ઈબાદતનો શોખ, ખુદાનો ખૌફ અને ઈલ્મ ફઝ્લનો ઝિક્ર પણ ખાસ રીતે કર્યો છે. એમના પર દરેક સમયે ખુદાના ડરનો પ્રભાવ રહેતો હતો. ઘણી જ મહેનતથી રોઝા રાખતા હતા અને રાતનો વધારે પડતો સમય યાદે ઈલાહીમાં પસાર કરતા હતા. નમાઝના માટે ઊભા થતા તો ખુદાના ડરથી શરીર પર ધ્રુજારી ચાલુ થઈ જતી અને ચેહરાનો રંગ બદલાઈ જતો. તહજ્જુદની નમાઝનો ખાસ ઈન્તેઝામ હતો. વધારે પડતા અડધી રાતના પછી મસ્જિદે નબવીમાં જઈને ઘણા જ આજીજી નમ્રતાથી નમાઝો પઢયા કરતા હતા. નમાઝના પછી ઘણા જ આજીજી સાથે દુઆઓ માંગતા હતા કે, "ઈલાહી ! મારા ગુનાહોને બખ્શી દે અને મને તારી મખ્લૂકની ખિદમત કરવાની તૌફીક આપ." રમઝાનુલ મુબારક આવતી તો એમની ખુશીનો કોઈ પાર ન રહેતો. એ મુકદ્દસ મહીનામાં રાત દિવસ ઈબાદતના સિવાય કોઈ ધંધો ન કરતા. રાતના છેલ્લા ભાગમાં ખુદાના ડરથી એટલા પ્રમાણમાં રડતા કે દાઢી મુબારક અને મુસલ્લો આંસૂઓથી ભીનો થઈ જતો. કુર્આને હકીમથી ઘણુ જ વધારે આકર્ષણ હતું, કુર્આનની તિલાવત કદી ત્યજતા નહીં. એવા સારા અવાજ અને દર્દની સાથે કુર્આને હકીમની તિલાવત કરતા હતા કે સાંભળ વાવાળાઓ તલ્લીન થઈ જતા. હઝરત અબ્દુર્રહમાન બિન સાઈબ કહે છે કે એકવાર હઝરત સઅદ رضی اللہ عنہએમની પાસે તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, "અબ્દુર્રહમાન ! મેં સાંભળ્યું છે કે તમે કુર્આન કરીમની કિરાઅત સારા અવાજથી કરો છો ! મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે કે કુર્આન ગમ (ઈબ્રત)ના માટે નાઝિલ થયું છે એટલા માટે જ્યારે પઢો તો રડી દો ! અને જો ન રડી શકો તો તમારો ચહેરો રડમશ બનાવો અને એને સારા અવાજથી સાથે પઢો."

હઝરત સઅદ رضی اللہ عنہને બારગાહે રિસાલત ﷺમાં જે ખાસ નજદીકી પ્રાપ્ત હતી તેણે એમનો ઈલ્મો ફઝ્લ ઘણો ઊંચો કરી આપ્યો હતો. તેઓ વર્ષો વર્ષ સુધી નબુવ્વતના ઈલ્મો ઈરફાનના ઉગમ સ્થાનથી ફયૂઝયાબ થયા. એની એ અસર જાહેર થઈ કે હુઝૂર ﷺના વિસાલના પછી તેઓ એ મહાન સહાબીઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعینમાં ગણાયા જે ઈલ્મ તથા વિદ્યાકળાનું કેન્દ્ર હતા. અલ્લાહ તઆલાએ એમને ઈલ્મે દીનની સમજની દૌલત અતા કરી હતી અને એમાં ફકીહ સહાબીઓની એ પ્રથમ સફથી સંબંધ ધરાવતા હતા, જેમાં હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત ઉમ્મે સલમા, હઝરત અનસ બિન માલિક, હઝરત અબૂ સઈદ ખુદરી, હઝરત અબૂ મૂસા અશઅરી અને હઝરત મઆઝ બિન જબલ رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેવા ઉમ્મતના સ્તંભો સામેલ છે. એમનો દામન અગણિત ઈલ્મી મોતીઓથી ભરેલો હતો. લોકોનાં ટોળેટોળાં એમનાથી મસાઈલ પૂછવા આવતાં અને તે બધાને સંતોષકારક જવાબ આપી પાછા મોકલતા. જો કોઈ મસ્અલાનો ઈલ્મ ન હોય તો પોતાના સાથે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી પણ પૂછવામાં કોઈ આડ ન અનુભવતા. હઝરત સઅદ رضی اللہ عنہ હદીષ બયાન કરવામાં ઘણા જ લાયક હતા, છતાં પણ એમનાથી બસો પંદર હદીષો રિવાયત પામી છે. એમાં પંદર સર્વ માન્ય પંદરમાં બુખારી અને આઠ મુસ્લિમ એકલામાં છે.

શહ સવારે ઈસ્લામ હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ બેશક ! ઈસ્લામી ઈતિહાસની એક કમાલોથી ભરપૂર શખ્સિયત છે, એમની સીરત પોતાની અંદર અસંખ્ય પાસાંઓ અનુસરણની પાત્રતાવાળાં ધરાવે છે. ઈસ્લામી જિંદગીનો કદાચ જ કોઈ એવો ખૂણો હોય જેના વિશે એમનો કિરદાર અને અમલ કોઈ આ'લા નમૂના રજૂ ન કરતો હોય. અલ્લાહ તઆલાએ એમને ઈશ્કે રસૂલ, સબર તથા અડગતા અને બહાદુરી જેવા ગુણોના ઉપરાતં વ્યૂહ રચના તથા રાજનીતિ અને જેહાદની સરદારી જેવા ગુણોથી પણ માલામાલ કર્યા હતા. ઈસ્લામને જ્યાં અને જેવી રીતની જરૂરત પડી એમણે પોતાના તમામ ગુણોનું નજરાણુ તરત જ પેશ કર્યું. *(સંપૂર્ણ)*

## ફતવા વિભાગ

### કુફ્ર કરનારની પત્ની નિકાહથી નીકળી જશે !

શું ફર્માવે છે ઉલમાએ દીન તથા શરીઅતના મુફ્તીઓ આ મસ્અલામાં કે, ઝૈદ પોતાની પત્ની હિંદાને પંજગાના નમાઝ તથા કુર્આન પાકની તિલાવતથી રોકે છે અને એ બાબતે સતત તેણીને પરેશાન કરતો રહે છે. એકવાર હિંદા કુર્આને પાકની તિલાવત કરી રહી હતી તો ઝૈદે કુર્આન પાકને ઠોકર મારીને જમીન પર ફેંકી દીધું, એટલે સુધી કે એકવાર કુર્આન પાકને હિંદાથી ઝૂંટવી લઈને બહાર લાવ્યો અને આગમાં કુર્આને પાકને ફાડી ફાડીને બાળી દીધું આ રીતે કુર્આનની તૌહીન કરી. અને હાલમાં એક ખૂનના ગુના હેઠળ પકડાઈને જેલમાં છે. હિંદા તેની સાથે રહેવા નથી ચાહતી, તો પૂછવાનું એ છે કે ઝૈદના આ કરતૂતોથી : **(૧)** શું હિંદા ઝૈદના નિકાહથી નીકળી ગઈ ? **(૨)** જો નિકાહથી નીકળી ગઈ તો હિંદા બીજાથી નિકાહ કરી શકે છે કે હજી ઝૈદથી તલાક લેવાની જરૂરત રહે છે ? કુર્આને પાક તથા મુબારક હદીષોની રોશનીમાં જવાબ અર્પણ કરશો. *(પ્રશ્નકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**મર્કઝી દારુલ ઈફતા બરેલી શરીફનો જવાબ :** પ્રશ્ન પૂછવામાં આવેલ છે તે સંજાગોમાં ઝૈદનાં તે કૃત્યો જે એમાં વર્ણન થયાં છે તે અતિશય બુરાં, કુર્આને અઝીમની તૌહીન અને કુફ્ર છે. જેમ કે મજમઉલ અન્હર શરહે મુલ્તકીયુલ બહર, ભાગ–૧, પેજ–૬૯૩ પર છે :

**اذانکر آیتی من القرآن او استخف بالقرآن او بالمسجد ---**
**--- اوعاب شیأ ما لاقرآن اوخطئی او سخر بآیتی منه کفر-**

એમાં છે : **ویکفر بوضع رجله علی المصحف مستخفا** ઝૈદ કાફિર તથા મુર્તદ થઈને ઈસ્લામથી બહાર થઈ ગયો. તેની પત્ની તુરત જ તેના નિકાહથી નીકળી ગઈ. હવે જો તેમનો મેળાપ થશે તો હરામ હરામ સખત હરામ અને ઉઘાડુ ઝિના થશે અને તેનાથી જે ઔલાદ પૈદા થશે તે હરામની ગણાશે. ત્યાં સુધી કે ઝૈદ ઈસ્લામ લાવે, તૌબા કરે, કલ્મો પઢે અને નિકાહ દોહરાવે કેમ કે મુર્તદનું કુફ્ર અસલી કાફિરના કુફ્રથી બદ્તર છે. જેથી હિંદાને શરીઅતની રૂએ અધિકાર છે કે ઈદ્દત ગુજરી જતાં જેનાથી ઈચ્છે નિકાહ કરી લે, જ્યારે કે તેનાથી નિકાહ જાઈઝ હોય. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર :** (મુફ્તી) મુહમ્મદ કૌષર અલી રઝવી *(મર્કઝી દારુલ ઈફ્તા, ૮૨–સૌદાગ્રાન, બરેલી શરીફ, ૨૪–જમાદિયુલ આખર હિ.સ. ૧૪૨૯)* **સહહલ જવાબ :** (મુફ્તી) ક઼ાઝી મુહમ્મદ અબ્દુર્રહીમ બસ્તવી

**દારુલ ઈફ્તા પોરબંદરનો જવાબ :** આ સંજોગોમાં હિંદા ઝૈદના નિકાહથી નીકળી ગઈ. બીજા નિકાહ કરી શકે છે, તલાક઼ની જરૂર નથી. સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ ફર્માવે છે, ''જો ક઼તઈ કુફ્ર હોય તો પત્ની નિકાહથી નીકળી જશે પછી (માજી પતિ સાથે) ઈસ્લામ લાવ્યા બાદ જો સ્ત્રી રાજી હોય તો ફરી તેની સાથે નિકાહ થઈ શકે છે, નહીં તો જ્યાં પસંદ હોય ત્યાં તેણી નિકાહ કરી શકે છે. (બહારે શરીઅત, ભાગ–૯, પેજ–૧૬૭) વલ્લાહુ અઅલમુ બિસ્સવાબ.

**લખનાર :** (મુફ્તી) મુહમ્મદ અંજુમ ક઼ાદરી મિસ્બાહી (દારુલ ઈફ્તા, દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ, પોરબંદર, ૨૧–જમાદિયુલ આખર, હિ.સ. ૧૪૨૯) **અલ્‌જવાબ સહીહ :** (મુફ્તી) આલે મુસ્તફા ક઼ાદરી

### ભાઈ બહેનોને શું વારસામાં મળશે ?

એક શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો. તેના વારસદારોમાં ત્રણ ભાઈઓ અને નવ બહેનો હતી જેમાંથી એક બહેન બાપના મૃત્યુ બાદ મૃત્યુ પામી. આ મરનાર તેણીનો પતિ તથા એક પુત્રી હયાત છે. તો તેમના પિતાની મિલ્કત કઈ રીતે શરીઅત પ્રમાણે વહેંચવી જેથી કોઈનો હક્ક઼ ન માર્યો જાય તે જણાવશો.

*(પ્રશ્નકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

જવાબ : આ સંજોગોમાં કુલ મિલ્કતના ૧૫ હિસ્સા કરવામાં આવશે. ત્રણેવ ભાઈઓને બે બે હિસ્સા, નવ બહેનોને એક એક હિસ્સો મળશે. પણ નવમાંથી એક બહેન જે બાપના મૃત્યુ પછી મૃત્યુ પામી તેના એક હિસ્સાના ૫૬ હિસ્સા કરવામાં આવશે તેમાંથી તેણીના પતિને ૧૪ હિસ્સા, ૨૮ હિસ્સા તેણીની પુત્રીને, મરનાર સ્ત્રીના ત્રણેવ ભાઈઓને ૨–૨ હિસ્સા અને મરનારની આઠેવ બહેનોને ૧–૧ હિસ્સો આપવામાં આવશે.

બીજા શબ્દોમાં કુલ મિલ્કતના ૮૪૦ હિસ્સા કરવામાં આવશે. જેમાંથી દરેક ભાઈને ૧૧૪ હિસ્સા, આઠ બહેનોને દરેકને ૫૭ હિસ્સા, મરનાર બહેનના પતિને ૧૪ હિસ્સા અને તેણીની પુત્રીને ૨૮ હિસ્સા મળશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર :** મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી

*(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**માર્ગદર્શન :** મુફ્તી મુહમ્મદ નસીમ સાહબ *(જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

# ફઝીલતે શાબાનુલ્ મોઅઝ્ઝમ

:::::: કાર્યાલય ::::::

શાબાનના પૂરા મહિનાની ઘણી જ ફઝીલત છે. પણ ખાસ કરીને ૧૫ મી શાબાન અતિ ફઝીલતવાળી રાત છે. હદીષ શરીફમાં છે કે શાબાનની ૧૫ મી રાતમાં ખુદાએ ઝુલ જલાલ રહમત નાઝિલ ફર્માવે છે અને ફરિશ્તાઓ અલ્લાહ તઆલા સમક્ષ વર્ષભરનાં આમાલનામાં રજુ કરે છે. ત્યારબાદ અહકમુલ હાકિમીન પોતાની રહમતથી બંદાઓને પ્યારુ સંબોધન કરે છે : ''ખબરદાર ! છે કોઈ **મગફેરત** માંગનાર કે હું તેના ગુનાહોને બખ્શી દઉં. ખબરદાર ! છે કોઈ **રોજી માંગનાર** કે હું તેને રોજી આપુ. ખબરદાર ! છે કોઈ **મુસીબતમાં સપડાયેલો** કે હું તેને રાહત બખ્શું. ખબરદાર ! છે કોઈ આવો આવો.........'' (છેવટ સુધી).

**હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** શું તમે મગફેરત નથી ચાહતા ? શું રોજીની તમને તલબ નથી ? શું તમારે મુસીબતો નથી દૂર કરવી ? તો આવો ! અને આજે આ રાતને હરવા ફરવા, ટોળે મળી ગપ્પાં હાંકવા કરતાં અલ્લાહની ઈબાદતમાં રાત ગુજારો.

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે એક રાત્રે આકાએ દો જહાં ﷺ મારી પાસે તશરીફ લાવ્યા પછી જલ્દી ઉઠીને જતા રહ્યા. જ્યારે મેં આપને મારા બિસ્તર પર ન પામ્યા તો આપની તલાશમાં નીકળી પડી, મેં આપને જન્નતુલ બકીઅમાં જોયા. શું જોઉં છું કે આપે પોતાનું મુબારક માથુ આસ્માનની તરફ ઊંચુ કરેલું છે. હુઝૂરે મને જોતાં જ ફર્માવ્યું કે હે આઈશા ! આ ૧૫ મી શાબાનની રાત છે, અલ્લાહ તઆલા આ રાતમાં આસ્માને દુનિયા પર જલ્વાગર થાય છે. (એટલે કે રહમતના લેહાઝથી પોતાના બંદોઓની નિકટ થાય છે) અને બની કલ્બ કબીલાની બકરીઓના જેટલા પ્રમાણમાં વાળ છે તે વાળોની સંખ્યાથી અધિક લોકોને બખ્શી આપે છે. *(તફસીરે ઝિયાઉલ કુર્આન, સૂરએ ઈર્ફાન, બહવાલા તિર્મિઝી)*

આ મહિનામાં બંદાઓના વરસભરના અમલો બારગાહે ખુદામાં રજૂ થાય છે. એક શાબાનથી બીજી શાબાન સુધી મૃત્યુ પામનારાઓનાં મૌતનો સમય લખવામાં આવે છે અને વરસભરના સર્વ હુકમો નિશ્ચિત કરીને ફરિશ્તાઓના હવાલે કરી દેવામાં આવે છે. જેમ કે હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે આપ ﷺ શાબાનના મોટા ભાગના દિવસોના રોઝા રાખતા. *(મિશ્કાત, પેજ–૧૭૮)*

જ્યારે સહાબાએ કિરામે આકાએ દો જહાં ﷺને શાબાન મોઅઝ્ઝમમાં આટલી સંખ્યામાં રોઝા રાખતાં જોયા તો અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ આ મુબારક મહિનામાં આટલા પ્રમાણમાં રોઝા શા માટે રાખો છો ? તો આપે જવાબમાં ઈર્શાદ ફર્માવ્યો કે, આ મુબારક મહિનામાં એક શાબાનથી બીજા શાબાન સુધી મૃત્યુ પામનારાઓનું મૌત લખવામાં આવે છે, તો હું ચાહું છું કે જ્યારે મારા મૃત્યુનો સમય લખવામાં આવે તો એ સમયે હું રોઝાથી હોઉં. *(અત્તર્ગીબ વત્તર્હીબ)*

## દુઆએ નિસ્ફ શાબાન

શાબાનની ૧૫ મી રાત્રે મગરિબની નમાઝ બાદ છ રકાતો બબ્બે કરીને પઢે. પ્રથમ બે રકાત વખતે ભલાઈની સાથે લાંબી ઉમરની, બીજી બે રકાત વખતે બલાઓ દૂર થવાની, ત્રીજી બે રકાત મખ્લૂકનો મોહતાજ ન થવાની નિય્યતથી પઢે, દરેક બે રકાત બાદ સૂરએ યાસીન એક વાર અથવા સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૨૧ વાર અને ત્યાર બાદ છેવટે દુઆએ નિસ્ફ શાબાનુલ્ મુઅઝ્ઝમ પઢે :

*અલ્લાહુમ્મ યા ઝલ્ મન્નિ વલાયુમન્નુ અલૈહિ. યા ઝલ્ જલાલિ વલ્ ઈકરામ. યા ઝત્તૌલિ વલ્ઈન્આમિ લાઈલાહ ઈલ્લા અન્ત ઝહ્રલ્લાજીન. અલ્લાહુમ્મ ઈન્કુન્ત કતબ્તની ઈન્દક ફી ઉમ્મિલ્કિતાબિ શકિય્યન્ અવ્ મહરૂમન્ અવ્ મત્રૂદન્ અવ્ મુકત્તરન્ અલૈય ફિર્રિઝ્કિ ફમ્હુ. અલ્લાહુમ્મ બિ ફદ્લિક શકાવતી વહિર્માની વતર્દી વક્તિતાર રિઝ્કી. વ અષ્બિત્ની ઈન્દક ફી ઉમ્મિલ્ કિતાબિ સઈદમ્ મર્ઝુકમ્ મુવફ્ફકલ્ લિલ્ ખૈરાતિ. ફઈન્નક કુલ્ત વકૌલુલ્હક્ક. ફી કિતાબિકલ્મુન્ઝલ. અલા લિસાનિ નબિય્યિલ્ મુર્સલ. યમ્હુલ્લાહુ મા યશાઉ વયુષ્બિતુ વઈન્દહૂ ઉમ્મુલ કિતાબ. ઈલાહી બિત્તજલ્લીલ્ અઅ્ઝમ. ફી લૈલતિન્નિસ્ફિ મિન્શહ્રિ શાબાનિલ્ મુકર્રમ.*

*અલ્લતી યુફરકુ ફીહા કુલ્લુ અમ્રિન્ હકીમિંવ્ વ યુબ્રમ. અન્તકશિફ અન્ના મિનલ્ બલાઈ વલ્બલ્વાઈ મા નઅ્લમુ વમા લા નઅ્લમ. વ અન્તબિહી અઅ્લમુ ઈન્નક અન્તલ્ અઅઝ્ઝુલ્ અકરમ. વ સલ્લલ્લાહુ તઆલા અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિહી વસહ્બિહી વસલ્લમ. વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન.*

## શબે બરાતના નફ્લ

હુઝૂરે અકરમ ﷺ એ ફર્માવ્યું છે કે, ''જ્યારે શાબાનની ૧૫ મી રાત્રી હોય ત્યારે નવાફિલ પઢો અને ૧૫ મીના દિવસે રોઝો રાખો નિઃશંક ! તે રાત બરકતવાળી છે.

★ ૧૪ મી શાબાનના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત)ના સમયે ૪૦ વાર **''લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ''** પઢે અને ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે.

★ **મગરિબની નમાઝ બાદ** છ રકાત નફ્લ નમાઝ બે બે રકાતની નિય્યતથી પઢે.

★ પ્રથમ બે રકાત ઉમર દરાઝીની નિય્યતથી, બીજી બે રકાત રોઝીની કુશાદગીની નિય્યતથી અને ત્રીજી વખતની બે રકાત દર્દો મુસીબતો બલાઓ, દૂર થવાની નિય્યતથી પઢે તેમ જ યાસીન શરીફની તિલાવત કરે.

★ આ મુબારક રાત્રીએ ગુસલ કરે અને બે રકાત નમાઝ પઢે ઘણો જ સવાબ મળશે.

★ **ઈશાની નમાઝ બાદ** આઠ રકાત નફ્લ નમાઝ બે–બે રકાતની નિય્યતથી અદા કરે. દરેક રકાતમાં અલ્હમ્દો પછી સૂરએ કુલ્હુવલ્લાહુ અહદ પાંચ વખત પઢે.આ નમાઝ પઢનાર ગુનાહોથી પાક સાફ થશે અને તેની દુઆઓ કબૂલ થશે તેમ જ ઘણો મોટો સવાબ પ્રાપ્ત થશે.

★ ચાર રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં અલહમ્દો પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૫૦ વાર પઢે.

★ બે રકાત નમાઝ પઢે દરેક રકાતમાં અલ્હમ્દો પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ૧૫ વાર પઢે સલામ ફેરવ્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢવાવાળાની રોઝીમાં બરકત થશે તેમજ દુઃખ દર્દથી રક્ષણ મળશે અને ગુનાહોથી બખ્શિશ થશે.

★ ૧૪ રકાત નમાઝ બે–બે રકાતની નિય્યતથી પઢે નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે અને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ ! કૂબૂલ થશે.

★ આ મુબારક રાત્રીએ બે–બે રકાતની નિય્યતથી ૧૦૦ રકાત નફિલ નમાઝ પઢે જેમાં સૂરએ ફાતેહા (અલહમ્દો) પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૧૦ વાર પઢે. આ નમાઝને ''સલાતુલ ખૈર'' કહે છે.

આ નમાઝ બાબત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ એ રિવાયત કરી છે કે, ત્રીસ સહાબીઓએ મને કહ્યું કે, ''જે વ્યક્તિ આ નમાઝને આ રાતમાં પઢશે અલ્લાહ તઆલા તેની તરફ ૭૦ વખત નિહાળશે અને દરેક નજરના બદલામાં તેની ૭૦ હાજતો પૂરી કરશે જેમાં બધાથી ઉત્તમ મગફેરત છે. (ઈન્શાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ !)

## ઈન્તેકાલ પુરમલાલ !

**જાંબીઆ :** ખાતે જનાબ અબ્દુલભાઈ 'મીમ' સેગવાવાળાનાં અહલિયા સાહેબા હજીયાણી જુબૈદા બહેનનો ઈન્તેકાલ તા ૨૯/૬/૨૦૦૮ના રોજ થયો છે. મર્હૂમા ઘણા જ ખુશઅખ્લાક, પ્રખર સુન્ની, દીનદાર તથા સખી અને માયાળુ હતાં. તેમની વસિયત મુજબ તેમના ફાર્મ ખાતે જ તેમની દફનવિધિ થઈ હતી. મર્હૂમાના ઈન્તેકાલની ખબર મળતાં જ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ ખાતે કુર્આન ખ્વાની કરી ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો. રબ્બે કરીમ તેના પ્યારા મહૂબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે અને જન્નતુલ ફિરદૌસમાં આ'લાથી આ'લા મકામ અતા ફર્માવે, અને જનાબ અબ્દુલ્લાહભાઈ મીમ તથા તેમના ફરઝંદો, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# સદ્ વર્તાવ

## સારા અખ્લાક઼ અને આપણા નબી ﷺ

:: રજૂકર્તા ::
મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી (હાલ : લેસ્ટર, યુ.કે.)

પ્યારા વાંચકો ! અત્રે આપણે બંને જહાનના સરદાર ﷺના અખ્લાક઼ વિશે થોડી ચર્ચા કરીશું. સૌ પ્રથમ એ જાણીએ કે અખ્લાક઼નો મતલબ શું છે ? અખ્લાક઼નો મતલબ આદતો. તો કુર્આને મુક઼દસમાં રબ તઆલા નબી કરીમ ﷺના વિશે ઈર્શાદ ફર્માવે છે, "આપ અખ્લાક઼ના ઉચ્ચ દરજજા પર છો." જેના વિશે કુર્આનનો આ ઈર્શાદ હોય તેમની ઉચ્ચતાનો અંદાજો કોઈ માણસ તો કઈ રીતે લગાડી શકે ? આથી જ તો એક સહાબીએ હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاની બારગાહમાં અર્ઝ કરી કે હુઝૂર ﷺના અખ્લાક઼ શું હતા ? તો આપે ફર્માવ્યું કે, "આપના અખ્લાક઼ કુર્આન (મુજબ) છે."

આજે લગભગ ૧૪૦૦ વરસ પસાર થઈ ગયાં પણ કોઈ દુશ્મને રસૂલની પણ મજાલ કે આપને બદ્ અખ્લાક઼ (બુરી આદતોવાળા) કહી શકે ?! જ્યારે આપ દુશ્મનોના મજમામાં પોતાનો અમલી કિરદાર પેશ કરી રહ્યા હતા ત્યારે કુર્આને મુક઼દસમાં મૌલાએ ક઼દીરે ઈર્શાદ ફર્માવ્યો, "હે મહબૂબ ! અલ્લાહની રહમતથી આપ લોકો સાથે નરમી કરો છો. જો તમે બદ્અખ્લાક઼ (બુરી આદતોવાળા) હોત તો આ લોકો તમારી પાસેથી દૂર હટી જાત."

ઈતિહાસનાં પાનાંઓમાં સૂર્ય જેમ ચમકતી હક઼ીક઼ત અત્રે પણ નિહાળી શકાય છે કે રસૂલે મુખ્તાર ﷺની આદતો (અખ્લાક઼) એટલા મહાન હતા જેના કારણે હજારો કાફિરોએ ઈમાનની દૌલતથી માલમાલ થઈ સહાબિયતનો ઉચ્ચ મર્તબો મેળવ્યો. ઈસ્લામ દુશ્મન લોબીઓએ ઘણીવાર સત્ય અને હક઼ીક઼તથી આંખો ફેરવી વાંધો ઉઠાવ્યો કે ઈસ્લામ લોખંડની તલવારો અને ધમકીઓથી ફેલાયો છે પણ ઈતિહાસનો એક જ અંશ આ પ્રકારના બધા જ વાંધાઓનો પૂરતો જવાબ બની રહેશે. સાંભળો !

કોણ નથી જાણતું કે જ્યારે પ્યારા નબી ﷺએ નબુવ્વતનું એલાન ફર્માવ્યું કે, "હે લોકો ! ઈબાદતને (પૂજાને) લાયક માત્ર એક અલ્લાહ જ છે અને હું અલ્લાહનો રસૂલ છું, તમે જેની પૂજા કરી રહ્યા છો તે તમારા જ બનાવેલા છે અને કોઈ પ્રકારની તાક઼ાત નથી ધરાવતા." તો તે સમયે મક્કાના લોકોએ આપની સાથે કેવો બદ્ વર્તાવ કર્યો ? આપની રાહોમાં કાંટા વેર્યા,નમાઝ દરમ્યાન આપની પીઠ પર હોજરી અને કચરો નાખ્યો, ત્યાં સુધી કે આપનું મક્કામાં રહેવું ખૂબ જ મુશ્કેલ થઈ ગયું. વળી દિલચસ્પ વાત એ કે આ જ લોકો એલાને નબુવ્વત પહેલાં હુઝૂર ﷺને, "ખૂબ જ સાચા, વાયદો પૂરો કરનાર અને અમાનતદાર" કહેતા હતા. છેવટે હુઝૂરે મદીના મુનવ્વરા તરફ અલ્લાહ તઆલાના હુકમ મુજબ હિજરત ફર્માવી, રબ તઆલાએ ઈસ્લામને ખૂબ ફેલાવો આપ્યો. છેવટે ફતહે મક્કાનો અઝીમ દિવસ આવ્યો. પ્યારા નબી ﷺ પોતાના હજારો જાંનિષારો સાથે મક્કા શરીફમાં દાખલ થયા. આ મક્કામાં તે જ લોકો હતા જેમણે પ્યારા આક઼ા ﷺને બેહિસાબ તકલીફો આપી, સતાવ્યા અને ગાળો ભાંડી હતી. હવે તેમને યક઼ીન હતું કે આજે એક એક તકલીફનો બદલો લેવામાં આવશે. બધા જ કાફિરો પોતપોતાના ઘરમાં ખૌફથી ધ્રુજી રહ્યા હતા, ઈન્તેકામની બીકે તેમની રુંવાટી ઊભી થઈ ગઈ હતી. હવે રસૂલના મહાન અખ્લાક઼ અને કિરદારને જુઓ ! આક઼ા ફર્માવે છે, "આજે તમારી કોઈ પૂછતાછ નહીં થાય ! જાવ ! આજે તમે બધા આઝાદ છો !" (સુબ્હાનલ્લાહ !) ઈસ્લામ ખરેખર તલ્વારથી ફેલાયો પણ તે લોખંડની નહીં બલ્કે પ્યારા નબી ﷺના અખ્લાક઼ની તલવાર હતી જેણે લોકોની ગરદનો નહીં પણ દિલોને ઝુકાવીને જીતી લીધાં.

આ પ્રકારના હજારો બનાવો સીરતની કિતાબોમાં મૌજૂદ છે જેનો ઈન્કાર દિવસમાં સૂર્યને નકારવા સમાન છે. વધુ એક બનાવ રજૂ કરું છું જે સંપૂર્ણપણે સરકાર ﷺના અખ્લાક઼ની મહાનતા પર દલીલ પુરવાર કરે છે. મક્કા શરીફમાં એક વૃદ્ધ ડોશી રહેતી હતી જેની રોજની આદત હતી કે પોતાના ઘરનો કચરો જમા કરી રાખતી અને જ્યારે સરકાર ﷺ તેના ઘર પાસેથી તશરીફ લઈ જતા તો આપના મુક઼દસ બદન

પર કચરો નાખતી. આ તેનો રોજનો નિયમ હતો. એકવાર ઘણા દિવસો સુધી કચરો નાખવામાં ન આવ્યો. સરકાર ﷺએ તેણી વિશે સવાલ કર્યો તો તેણી બીમાર હોવાનું માલૂમ થયું. તો સરકારે દો આલમ ﷺ તેણીના ઘરે તેણીની ખબર પૂછવા માટે ગયા. આપને જોઈ તેણીએ કહ્યું, હે મુહમ્મદ ! અત્રે હું બીમાર અને કમજોર છું માટે બદલો લેવા આવ્યા છો ?! તો પ્યારા નબી ﷺ એ ફર્માવ્યું કે ઘણા દિવસોથી કચરો ન પડયો તો જાણ થતાં તમારી ખબર લેવા આવ્યો છું. તેણીએ અર્ઝ કરી કે જે માણસ આટલા ઉચ્ચ અખ્લાક઼ (આદતો)નો માલિક હોય તે જૂઠુ નથી બોલી શક્તો, માટે હું કલ્મો પઢું છું અને ઈસ્લામમાં દાખલ થાવું છું. (સુબ્હાનલ્લાહ !)

પ્યારા વાંચકો ! અખ્લાક઼ે રસૂલની રોશનીમાં આપણે આપણી આદતોને નિહારીએ કે આપણા આક઼ા ﷺ અલ્લાહના રસૂલ હોવા છતાં ઘણા જ રહમ દિલ અને કૃપાળુ હતા. જ્યારે આપણે એ જ નબીના ઉમ્મતી હોવા છતાં કેટલા બદ્અખ્લાક છીએ, કોઈ આંખો કાઢે તો તેના પર હાથ ઉઠાવવો, ગાળો ભાંડવી આપણી આદત છે !

દુનિયાભરના ગૈર ધર્મીઓ ઈસ્લામ પર આપણી બુરી આદતોના કારણે આંગળીઓ ચીંધી રહ્યા છે, જો આજે આપણે સરકારે દો આલમ ﷺના મુક઼દ્દસ અખ્લાક઼ને અપનાવી લઈએ તો ખરેખર મુસલમાનો લઘુમતિ નહીં પણ બહુમતિમાં થઈ જઈએ.

વ્હાલા વાંચકો ! આપણા નબી ﷺના અખ્લાક઼ની ઉચ્ચતાનો ઈકરાર માત્ર મુસલમાનો એ જ નહીં પણ ગૈરો અને વિરોધીઓએ પણ કર્યો છે. જેનાં અમુક દૃષ્ટાંત આપની નજરો સમક્ષ રજૂ કરીએ છીએ જેથી કોઈને વિરોધ તથા ઈન્કારની કોઈ શક્યતા ન રહે.

**ભારતના રાષ્ટ્રપિતા ગાંધીજી** : આ રીતે રસૂલે અકરમ (ﷺ)ની બારગાહમાં અક઼ીદતનો હદિયો અર્પણ કરે છે : ''ઈસ્લામ પોતાની બુલંદીઓના સમયમાં પણ સાવકાપણુ તથા હઠધર્મીથી પાક હતો. તેણે સર્વ વિશ્વની પ્રશંસાઓ પ્રાપ્ત કરી. જ્યારે પશ્ચિમ પર અંધકાર તથા અજ્ઞાનતાની ઘટાઓ છવાયેલી હતી તે સમયે પૂર્વમાં એક સિતારો ચમક્યો જેની રોશનીથી અંધકારિત પ્રદેશો ઉજ્જવળ થઈ ગયા. ઈસ્લામ જૂઠો ધર્મ નથી. હિંદુઓએ પણ તેનો અભ્યાસ કરવો જોઈએ જેથી તેઓ પણ મારી જેમ તેની તા'ઝીમ કરતાં શીખી જાય. હું યક઼ીનના આધારે કહું છું કે ઈસ્લામ તલવારના જોરથી ફેલાયો પણ રસૂલે અરબીના ઈમાન, યક઼ીન, કુર્બાની અને મહાન અખ્લાક઼ (આદતો)એ લોકોના દિલોને જીતી લીધાં.''

**સ્વામી ભવાની દયાળ સન્યાસી** : કાંઈક આ પ્રમાણે લખે છે, ''હઝરત મુહમ્મદ (ﷺ)નું જીવન ચરિત્ર જગત માટે નમૂનો છે. તેમના શિક્ષણમાંથી દરેક ધર્મના લોકો મહત્વનો ફાયદો ઉઠાવી શકે છે. મુહમ્મદ ﷺએ ભાઈચારગી તથા સમાનતાની તા'લીમ આપી મહાન ઉપકાર કર્યો છે....... ઈસ્લામના ફેલાવવાનું અસલ કારણ તેની તા'લીમ અને તેના બાનીએ આ'ઝમની ઉજ્જવળ આદતો તથા અખ્લાક છે.''

આ પ્રકારના ઘણાયે લીડરોના કથનો ઈતિહાસમાં જોવા મળે છે. આથી વિશેષ શું હોઈ શકે ?

અત્રે ઈસ્લામ માત્ર કિતાબોમાં જ રહી ગયો છે જેના કારણે મુસલમાનોને આતંકવાદી વગેરે ટાઈટલો આપવામાં આવે છે. દુનિયા ઈસ્લામને તથા નબીના અખ્લાક઼ તથા આદતોને કિતાબોમાં નહીં પણ મુસલમાનોમાં નિહારવા ઈચ્છે છે, જો આજે પણ આપણે ઈસ્લામી તા'લીમ તથા સરકારે મદીનાના મહાન અખ્લાક઼ને નમૂનો બનાવી અપનાવી લઈએ તો ટૂંક સમયમાં જ આખુ જગત અને સુપરપાવર શક્તિઓ આપણી સમક્ષ ગરદન ઝુકાવી દેશે. સહાબાએ કિરામ સાચા અર્થમાં સરકાર ﷺના દરેક ફર્માન, આદત તથા અખ્લાક઼ને અપનાવી આખી દુનિયા પર પોતાની હુકૂમતનો સિક્કો બેસાડી ગયા. ગણતરીની સંખ્યામાં હોવા છતાં અસંખ્ય કાફિરો અને મુશ્રિકોના લશ્કરને ફતહ કરી નાખતા હતા.

હે યુવાનો ! શું આપણામાં હીરો તથા હીરોઈન અને રમતવીરોના અખ્લાક઼, આદતો અપનાવવાની તાક઼ાત છે અને જેમની મહોબ્બતના દાવા કરીએ છીએ તેમના અખ્લાક઼ અપનાવવાની તાક઼ાત નથી ?!

રબ તઆલા તમામ મુસલમાનોને સાચી મહોબ્બતે રસૂલ અતા ફર્માવે તથા અખ્લાકે મુસ્તફા પર અમલ કરવા તથા અપનાવવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન બિજાહિ રસૂલિહિલ કરીમ ﷺ.

**હદીષ ૧૩** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "એ વ્યક્તિ અમારામાંથી નથી જે અમારા નાનાઓ પર કૃપા ન કરે, અમારા મોટેરાઓની ઈજ્જત ન કરે, નેકીનો હુકમ ન કરે અને બુરાઈથી મનાઈ ન કરે."

**ફાયદો** : નાના બાળકોને પ્રેમ અને મહોબ્બતથી સમજાવવું જોઈએ, અને આપણે એમની સાથે પ્રેમ ભાવનાનો વર્તાવ કરીએ તો તેઓ પણ એ ગુણને અપનાવવાની કોશિશ કરશે. મોટા માણસોની ઈજ્જત કરવી જોઈએ, એમને કોઈ અપશબ્દ ન બોલવો જોઈએ. અલ્લાહની મખ્લૂક સાથે કૃપા એ પણ છે કે આપણે એમને સારાં કામોનો હુકમ આપીએ અને ખરાબ કામોથી બચાવીએ. કૃપાનો મતલબ એ નથી કે જે પોતાની મનમાની કરતો હોય એને એ કરવા દઈએ.

# નરમી અને ભાઈચારો

## હદીષના પ્રકાશમાં

**અઝ : હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી** (હાલ : પ્રેસ્ટન, યુ.કે.)

**હદીષ ૧૪** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺ એ ફર્માવ્યું, "મુસલમાન મહોબ્બત અને કૃપાનું સ્થાન છે અને એ વ્યક્તિમાં ભલાઈ નથી જે મુસલમાન સાથે મહોબ્બત ન કરે અને મુસલમાન એની સાથે." *(મુસ્નદે ઈમામ અહમદ, બયહકી શુઅબુલ ઈમાન, મિશ્કાત શરીફ)*

**ફાયદો** : ઈમાનવાળા સાથે પ્રેમ રાખવો જ જોઈએ એ પ્રેમનું સ્થાન છે. અને જે ઈમાનવાળા સાથે પ્રેમ ન રાખે અને ઈમાનવાળો એની સાથે પ્રેમ ન રાખે એ માણસ ભલો માણસ ન કહેવાય. આપણામાં દરેક પ્રકારની ભલાઈ હોય પણ જો આ ભલાઈથી આપણુ દામન ખાલી હોય તો કહેવામાં આવ્યું એમાં કોઈ ભલાઈ નથી. સારાંશ એ કે પ્રેમ ભાવનાનો મર્તબો ઈસ્લામમાં ઘણો ઊંચો છે.

**હદીષ ૧૫** : હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ તમારી વચમાં અખ્લાક એ પ્રમાણે વહેંચ્યા જેવી રીતે તમારામાં રોજીની વહેંચણી કરી. અલ્લાહ તઆલા દુનિયા એ વ્યક્તિને પણ આપે છે જેને મિત્ર રાખે છે અને જેને મિત્ર નથી રાખતો, અને ધર્મ એને જ આપે છે જેને મિત્ર રાખે છે. તો જે વ્યક્તિને અલ્લાહ તઆલાએ દીન અતા ફર્માવ્યો એને મિત્ર રાખે છે અને કસમ છે એની જેની કુદરતમાં મારો પ્રાણ છે ! બંદો ત્યાં સુધી સંપૂર્ણ ઈમાનવાળો નથી બનતો જ્યાં સુધી એનું દિલ અને જીભ મુસલમાન ન બની જાય, અને બંદો ત્યાં સુધી ઈમાનવાળો (પાકો) નથી બની શક્તો જ્યાં સુધી એનો પડોશી એની તકલીફોથી સલામત ન હોય." *(મુસ્નદે ઈમામ અહમદ, બયહકી, મિશ્કાત શરીફ)*

**ફાયદો** : દીન અલ્લાહ તઆલા તેના મિત્રને આપે છે અને દીનવાળાના અંગો પણ દીનવાળા હોય છે એટલે દીનવાળો દીનની તા'લીમના પ્રકાશમાં ચાલતો હોય છે. બીજાને તકલીફ આપવી દીનની તા'લીમ નથી અને આપણી પડોશમાં રહેનાર આપણી ભલાઈનો વધારે હક્ક ધરાવે છે, જેથી બીજા લોકોને પણ તકલીફ ન આપો અને પડોશીઓને પણ તકલીફ ન આપો, એ જ આપણા ઈમાનની સાચી પાકી ઓળખ છે.

**હદીષ ૧૬** : હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "મખ્લૂક અલ્લાહનું કુટુંબ છે (દિમાગથી નજીક કરવા માટે) તો અલ્લાહની મખ્લૂકમાં અધિક સારો એ છે જે અલ્લાહના કુટુંબ (મખ્લૂક) સાથે ભલાઈ કરે." *(બયહકી શુઅબુલ ઈમાન, મિશ્કાત શરીફ)*

**ફાયદો** : દુનિયામાં એક મુર્તદ અને દીનના વિરોધીને છોડીને દરેક સાથે કૃપા કરી શકાય છે. જે અલ્લાહની મખ્લૂક સાથે ભલાઈ કરે એ અલ્લાહ તઆલાનો પ્રિય છે. તો અલ્લાહની બારગાહમાં પ્રિય બનવા માટે આપણે પ્રેમભાવના રાખવી જોઈએ.

**હદીષ ૧૭** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. સહાબા બેસેલા હતા રસૂલ ﷺ એ ઊભા થઈને ફર્માવ્યું, શું હું તમારા સામે તમારા સારા માણસોને ખરાબ માણસોથી અલગ કરી બતાવું ! હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે આ સાંભળી સહાબા ચૂપચાપ રહ્યા અને કોઈ કાંઈ ન બોલ્યું ત્યાં સુધી કે આપે ત્રણ વખત આ શબ્દો ફર્માવ્યા. પછી એક વ્યક્તિએ વિનંતિ કરી, હા ! અય અલ્લાહના રસૂલ ! ﷺ અમારા

સારા અને ખરાબની ખબર આપો ! આપ ﷺએ ફર્માવ્યું, "તમારામાં ઉત્તમ એ છે જેની ભલાઈની લોકો ઉમ્મીદ ધરાવે છે અને એની બુરાઈથી અમાનમાં છે, અને તમારામાં ખરાબ એ છે જેની ભલાઈની ઉમ્મીદ ધરાવવામાં ન આવે અનેક જેની બુરાઈથી બચી ન શકાય." *(તિર્મિઝી, બયહકી, શુઅબુલ ઈમાન, મિશ્કાત શરીફ)*

**ફાયદો** : આપણાથી ભલાઈની ઉમ્મીદ ક્યારે રાખવામાં આવે જયારે આપણે ભલા હોય, અને આપણી બુરાઈ અને તકલીફથી ક્યારે બચી શકાય કે જયારે આપણે કોઈને તકલીફ ન આપીએ, જેથી આપણે ભલા લોકોમાં પ્રવેશવા માટે ભલાઈનો સહારો લેવો જોઈએ !

**હદીષ ૧૮** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ખુદાની બારગાહમાં ઉત્તમ દોસ્ત એ છે જે પોતાના દોસ્તો માટે ઉત્તમ હોય, અને ખુદાની બારગાહમાં પડોશીઓમાં ઉત્તમ એ છે જે પોતાના પડોશી માટે ઉત્તમ હોય. *(તિર્મિઝી શરીફ, દારેમી, મિશ્કાત શરીફ)*

**ફાયદો** : આપણે કોઈના મિત્ર બનીએ તો મિત્રતાના અમુક હક્કો છે જેથી આપણે એ હક્કને પૂરા કરવા જોઈએ. અને મિત્ર માટે આપણે ભલાઈનાં કામો કરવાં જોઈએ. સારા કામોની હિદાયત કરવી જોઈએ, પોતે સારા બની બીજાનો સારા બનવાનો પ્રયત્ન કરવો જોઈએ અને પડોશીનો હક્ક પણ ભૂલવો ન જોઈએ.

**હદીષ ૧૯** : હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. એક માણસે નબી ﷺથી વિનંતિ કરી, "અય અલ્લાહના રસૂલ ! ﷺ મને કેમ કરીને ખબર પડે કે મેં ભલાઈ કરી કે બુરાઈ કરી ?!" નબી ﷺએ ફર્માવ્યું, "જયારે તું તારા પડોશીઓથી એ કહેતાં સાંભળે કે તેં ભલાઈ કરી તો તેં ભલાઈ કરી, અને જ્યારે તું એમને કહેતાં સાંભળે કે તે બુરાઈ કરી તો તેં બુરાઈ કરી."

**ફાયદો** : માણસ પોતે પોતાને સારો સમજી લે તો એમાં એનાથી ભૂલ પણ થઈ શકે છે અને એને પોતાના અયબની જોઈએ તેવી ખબર પડી શકતી નથી. એટલે આપણા નબી ﷺએ એ માલૂમ કરવા બીજાનું માર્ગદર્શન આપ્યું અને બીજા લોકોથી વધારે મોકો જોવાનો અને જાણવાનો પડોશીને મળે છે એટલે આપે પડોશીને નિયુક્ત કર્યો. આપણો પડોશી આપણી ભલાઈનો ઈકરાર કરે તો આપણે ભલા, અને એ મનાઈ કરે તો આપણને આપણી હાલત સુધારવાની જરૂરત.

**હદીષ ૨૦** : હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "એ જાતની કસમ ! જેની કુદરતમાં મારો પ્રાણ છે ! કોઈ બંદો ત્યાં સુધી (કામિલ) ઈમાનવાળો નથી થઈ શકતો જ્યાં સુધી પોતાના ભાઈ માટે એ પસંદ ન કરે જે પોતાના માટે પસંદ કરે."

**ફાયદો** : આપણને પોતાના માટે નરમી અને ભલાઈ પસંદ છે, આપણો ફાયદો અને નફો પસંદ છે, આપણને એ પસંદ નથી કે કોઈ આપણા પર સખ્તી અને ત્રાસ કરે, નુકસાન પહોંચાડે, ચોરી ચુગલી કરે તો એ બધું બીજાને પોતાના માટે પણ પસંદ છે, તો આપણને આપણા માટે જેવું પસંદ છે એ બીજા માટે પસંદ રાખવું જોઈએ.

**હદીષ ૨૧** : હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. ફર્માવ્યું એક ગામડિયો નબી ﷺ પાસે આવ્યો અને વિનંતિ કરી, "શું તમો બાળકોને ચુંબન આપો છો ?! અમે તો ચુંબન નથી આપતા." નબી ﷺએ ફર્માવ્યું, શું હું એનો માલિક છું કે તારા દિલમાંથી કૃપા જે અલ્લાહ તઆલાએ કાઢી નાખી છે એને પરત કરું." *(બુખારી, મુસ્લિમ, મિશ્કાત)*

**ફાયદો** : બાળકોને ચૂમવું કૃપા છે અને જે આમ ન કરતો હોય તેના માટે નબી ﷺએ કહ્યું કે તારા દિલથી કૃપા કાઢી નાખવામાં આવી છે ! આપણે કૃપા અને મહેરબાનીને દિલમાં જગા આપવી જોઈએ.

**હદીષ ૨૨** : હઝરત નુઅમાન બિન બશીર رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમે જોશો ઈમાનવાળાઓને પરપસ્પર પ્રેમ રાખવામાં અને કૃપા કરવામાં એવા જેમ કે એક શરીર કે જ્યારે કોઈ અંગમાં શિકાયત હોય છે તો સઘળુ શરીર તાવ અને જાગવામાં સાથ આપે છે." *(બુખારી, મુસ્લિમ, મિશ્કાત)*

**હદીષ ૨૩** : એમનાથી જ રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઈમાનવાળાઓ એક માણસ સમાન છે, એની આંખમાં દુઃખ હોય સઘળુ બદન દુઃખમાં હોય, અને એના માથામાં દુઃખ હોય તો આખુ શરીર દુઃખમાં હોય." *(મુસ્લિમ શરીફ, મિશ્કાત શરીફ)*

**ફાયદો** : રૂહ થકી બદનના સઘળા અવયવોનો સંબંધ

એક બીજા સાથે છે જેથી એકની તકલીફમાં બીજા પણ સાથે થઈ જાય છે. તો ઈમાનવાળાઓનો સંબંધ એકબીજા સાથે ઈમાન થકી છે તો એકની તકલીફ બીજાની તકલીફ બનવી જોઈએ, તકલીફ ન આપવી જોઈએ અને જો કોઈ તકલીફમાં હોય તો એને દૂર કરવાનો માર્ગ શોધવો જોઈએ.

**હદીષ ૨૪** : હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "શું હું તમને ન બતાવું કે કોઈ વ્યક્તિ દોઝખ પર હરામ છે અને દોઝખ એના માટે હરામ ?! ફર્માવ્યું, એ વ્યક્તિ દરેક પર જે નરમ, કૃપાળુ નજીક રહેનાર સરળ છે." *(મુસ્નદે ઈમામ અહમદ, તિર્મિઝી, મિશ્કાત શરીફ)*

**હદીષ ૨૫** : હઝરત મકહુલ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઈમાનવાળાઓ નરમી કરનાર અને પોચા હોય છે. જેમ નાકમાં દોરડી નાખેલું ઊંટ કે ખેંચવામાં આવે તો ખેંચાય જાય છે અને પથ્થર પર બેસાડવામાં આવે તો બેસી જાય છે." *(મિશ્કાત શરીફ)*

**ફાયદો** : મુસલમાન નરમ અને પોચો હોય છે, હુકમ પર અમલ કરનાર હોય છે, જેથી દરેક મુસલમાને સત્ય અને સાચા પાકા મુસલમાનની બનાવવામાં આવેલી ઓળ ખ પ્રમાણે પોતાને બનાવવો જોઈએ.

**હદીષ ૨૬** : હઝરત અબૂ મૂસા رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઈમાનવાળો ઈમાનવાળા માટે બિલ્ડીંગ માફક છે કે એનો એક ભાગ બીજા ભાગને શક્તિ આપે છે પછી રસૂલુલ્લાહ ﷺએ દરેક હાથની આંગળીઓ બીજા હાથની આંગળીઓમાં દાખલ કરી."

**ફાયદો** : મુસલમાન બીજા મુસલમાનની મદદ કરનાર અને એના દુઃખમાં ભાગ લેનાર હોય છે તો આપણે આ પ્રમાણેના મુસલમાન બનવું જોઈએ જેની આપણાથી માંગ કરવામાં આવી છે.

**હદીષ ૨૭** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મુસલમાન મુસલમાનનો ભાઈ છે એના પર ત્રાસ ન કરે અને એની મદદ ન છોડે, અને જે પોતાના ભાઈની મદદમાં હોય છે અલ્લાહ તઆલા એની મદદમાં હોય છે અને જે મુસલમાનની કોઈ તકલીફ દૂર કરે અલ્લાહ તઆલા એની ક્યામતની તકલીફોમાંથી એક તકલીફ દૂર કરશે. અને જે મુસલમાનનો અયબ ઢાંકશે અલ્લાહ તઆલા ક્યામતના દિવસે એનો અયબ ઢાંકશે." *(મિશ્કાત શરીફ, મુસ્લિમ શરીફ)*

**ફાયદો** : આપણને મુસલમાન પર ત્રાસ કરવાની મનાઈ કરવામાં આવી અને મદદ કરવાનો આદેશ આપવામાં આવ્યો. આપણે મુસલમાન સાથે જે પ્રમાણે વર્તાવ કરીશું અલ્લાહ તઆલાનો એવો વર્તાવ આપણી સાથે રહેશે. પોતાના માટે અલ્લાહ તઆલાથી ભલાઈની માંગ હોય તો આપણે બીજા લોકો પર ભલાઈ કરવી જોઈએ જેવું કરશો એવું પામશો.

**હદીષ ૨૮** : હઝરત અબૂ મૂસા رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "નરમી કરો, સખ્તી ન કરો. ખુશખબરી આપો, નફરત ન આપો. એકબીજાની વાત માનો, વિવાદ ન કરો." *(મુસ્નદે ઈમામ અહમદ, જમ્ઉલ જવામિઅ)*

**ફાયદો** : નરમી કરવી જોઈએ અને સખ્તીથી બચવું જોઈએ, લોકોને સારી વાતો બતાવી નજીક કરવા જોઈએ, નફરત ન આપવી જોઈએ. સારાંશ એ કે કોઈને સુધારવાના ઘણા કારણો છે એમાં નરમી વધારે અસરકારક છે, એને સહારો બનાવવો જોઈએ.

**હદીષ ૨૯** : હઝરત અબૂહુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જન્નતમાં પ્રવેશશે એવા લોકો જેમના દિલ પક્ષીઓનાં દિલ માફક હશે." *(મુસ્નદે ઈમામ અહમદ, મુસ્લિમ, જમ્ઉલ જવામિઅ)*

**ફાયદો** : એટલે કે જેઓ નરમીમાં એટલા આગળ છે કે જેમ પક્ષીઓના દિલ હોય છે એવાં જ એમનાં દિલ છે. જેઓ બીજા લોકોની તકલીફ વેઠી લે છે પણ તકલીફ આપવાની અને બદલો લેવાની ઈચ્છા ધરાવતા નથી.

**હદીષ ૩૦** : હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે મારી ઉમ્મતમાંથી કોઈની જરૂરત પૂરી કરી, ઈરાદો એને ખુશ કરવાનો હોય તો એણે મને ખુશ કર્યો, અને જેણે મને ખુશ કર્યો એણે અલ્લાહ તઆલાને ખુશ કર્યો, અને જેણે અલ્લાહ તઆલાને ખુશ કર્યો અલ્લાહ તઆલા એને જન્નતમાં દાખલ કરશે." *(મિશ્કાત શરીફ બાબે શફકતો રહમત)*

**ફાયદો** : મુસલમાનને ખુશ કરવો નબી ﷺને ખુશ કરવા બરાબર છે અને નબી ﷺને ખુશ કરવા અલ્લાહ તઆલાને ખુશ કરવા બરાબર છે. આ ફઝીલત પ્રાપ્ત કરવા

આપણે એકબીજા સાથે સદ્વર્તાવ કરવો જોઈએ અને દરેક માટે મદદરૂપ બની જવું જોઈએ.

**હદીષ ૩૧ :** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જે કોઈ મઝલૂમ (જુલ્મપીડિત)ની મદદ કરે તો અલ્લાહ તઆલા એના માટે તોત્તેર મગફેરતો લખશે એમાંની એકથી એના સઘળાં કામો બની જશે અને ક્રિયામતના દિવસે એના બોત્તેર દરજા બુલંદ થશે." *(મિશ્કાત બાબે શફકતો રહમત)*

**ફાયદો :** જરૂરતવાળાની જરૂરત પૂરી કરવી અને જેના પર કોઈ ત્રાસ કરતો હોય એની મદદ કરવી મહાન સવાબનું કામ છે. અલ્લાહ તઆલા એના થકી દુનિયામાં આપણી મુરાદો પૂરી કરે છે અને એનાથી અનેક ગણુ વધારે આખેરતમાં આપશે.

**હદીષ ૩૨ :** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **"જેને પસંદ હોય કે એની રોજીમાં વધારો કરવામાં આવે અને એનું કરેલું ભૂલાવી દેવામાં આવે (માફ કરી દેવામાં આવે) તો એ લોકો સાથે મહેરબાની કરે."** *(મિશ્કાત બાબુલ બિર્રે વસ્સેલા)*

**હદીષ ૩૩ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જેણે ઈમાનવાળામાં ખુશી દાખલ કરી એણે મને ખુશ કર્યો, અને જેણે મને ખુશ કર્યો એણે અલ્લાહ પાસે વાયદો લીધો, અને જેણે અલ્લાહ પાસે વાયદો લીધો એને ક્યારે પણ આગ નહીં અડકે." *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૬)*

**હદીષ ૩૪ :** હઝરત જરજિસ رضی اللہ عنہ પોતાના પિતાથી રિવાયત કરે છે. નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જરૂરી મગફેરતમાંથી છે તારું તારા ઈમાનવાળા ભાઈમાં ખુશી દાખલ કરવું."

**હદીષ ૩૫ :** હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **"જેણે મારા પછી મુસલમાનને ખુશ કર્યો તો એણે મને મારી ક્બરમાં ખુશ કર્યો, અને જેણે મને મારી ક્બરમાં ખુશ કર્યો અલ્લાહ તઆલા એને ક્રિયામતના દિવસે ખુશ ફર્માવશે."** *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૬)*

**હદીષ ૩૬ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જેણે મારા મુસ્લિમ ભાઈમાં ખુશી અને ઉત્સાહ દાખલ કર્યો દુનિયાના ઘરમાં અલ્લાહ جل جلالہ એનાથી એક મખ્લૂક પેદા કરશે જે એનાથી દુનિયાની આફતો દૂર કરશે. પછી જ્યારે ક્રિયામતનો દિવસ આવશે તે એનાથી નજીક થઈ જશે. જ્યારે કોઈ બિવડાવનાર વસ્તુ એનાથી પસાર થશે જે એને ગભરાવશે કહેશે, બીક ન રાખ ! એ પૂછશે, તું કોણ છે ? કહેશે, હું ખુશી અને ઉત્સાહ છું જે તેં તારા ભાઈમાં દુનિયામાં દાખલ કર્યો હતો." *(ખતીબ, ઈબ્ને નજ્જાર, કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૬)*

**હદીષ ૩૭ :** અબૂ શરીકથી મુરસલન રિવાયત છે. નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "અલ્લાહની બારગાહમાં પ્રિય અમલ મુસ્લિમમાં ખુશી દાખલ કરવી છે અથવા એ કે તમે ચિંતા દૂર કરો અથવા એમનું દેવું અદા કરો અથવા ભૂખથી ખાવા ખવડાવો."

**હદીષ ૩૮ :** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "અય અનસ ! તમને ખબર છે મગફેરતના કારણો ?! તમારું તમારા મુસ્લિમ ભાઈમાં ખુશી દાખલ કરવું, એનાથી તમે તકલીફ દૂર કરો અથવા ચિંતાથી મુક્ત કરો અથવા સામાનની વ્યવસ્થા કરો અથવા એનું દેવું અદા કરો."

**હદીષ ૩૯ :** હઝરત ઈબ્ને અમ્ર رضی اللہ عنہથી રિવાયત છે. કોઈ વસ્તુ અલ્લાહ તઆલાને અધિક પ્રિય નથી ખુશી દાખલ કરવાથી પોતાના મુસ્લિમ ભાઈમાં." *(ઈબ્ને નજ્જાર, કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૬)*

**હદીષ ૪૦ :** જાઅફર બિન મુહમ્મદ એમના બાપ તથા દાદાથી રિવાયત કરે છે. નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **"જે ઈમાનવાળો ઈમાનવાળામાં ખુશી દાખલ કરે તો અલ્લાહ તઆલા એ ખુશીથી એક ફરિશ્તો પેદા કરશે, જે અલ્લાહની બંદગી કરશે એની બુઝુર્ગી બયાન કરશે અને તૌહીદનું એલાન કરશે. પછી જ્યારે એ ક્બરમાં જશે એ ખુશી આવશે જે એમાં દાખલ કરી હતી અને કહેશે, શું તું મને નથી ઓળખતા ?! કહેશે, તું કોણ છે ?! કહેશે, હું એ ખુશી છું જે તેં ફલાણામાં દાખલ કરી હતી. આજે હું તારી એકાંતમાં તારો દોસ્ત છું, તારી હુજ્જત તને બતાવીશ, સાબિત વાત પર સાબિત રાખીશ, તારી સાથે મેદાને ક્રિયામતમાં હાજરી આપીશ, તારા માટે રબથી શફાઅત કરીશ, તારું જન્નતનું ઠેકાણું દેખાડીશ."** *(ઈબ્ને અબી દુનિયા, કન્ઝુલ ઉમ્માલ)*

# દીન પ્રતિ દા'વતનો તરીકો

## :: કુર્આનની રોશનીમાં ::

રજૂકર્તા
**મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી**
*(મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

કુર્આન અલ્લાહ તઆલાની નાઝિલ કરેલી હિદાયત માટેની અંતિમ કિતાબ છે માટે સ્વભાવિક રીતે તેનો પયગામ વૈશ્વિક છે. આ કિતાબ સમસ્ત માનવતાને સંબોધે છે. આ એક સંપૂર્ણ જીવન બંધારણ પર આધારિત અમર કિતાબ છે જે સમગ્ર ઈન્સાનિયત માટે સંપૂર્ણ દા'વત છે :–

هٰذَا بَلٰغٌ لِّلنَّاسِ وَلِيُنْذَرُوْا بِهٖ وَلِيَعْلَمُوْٓا اَنَّمَا هُوَ اِلٰهٌ وَّاحِدٌ وَّلِيَذَّكَّرَ اُولُوا الْاَلْبَابِ

"આ કુર્આન લોકોને હુકમ પહોંચાડે છે જેથી તેઓને તેના વડે ડરાવવામાં આવે અને તેઓ જાણે કે તે એક મઅ્બૂદ છે અને બુદ્ધિશાળી નસીહત સ્વીકારે." *(સૂ. ઈબ્રાહીમ, આ. ૫૨)*

ઉપરોક્ત આયતથી સ્પષ્ટ રીતે સાબિત થયું કે કુર્આને હકીમ પૂરી ઈન્સાનિયત માટે સંપૂર્ણ દા'વત બનીને આવ્યું છે. આ અઝીમ અને કામિલતરીન પયગામમાં જ જિંદગીનું રહસ્ય છુપાએલુ છે અને તેનાથી વિમુખ થવું કાઈનાતના ખાલિક઼ તથા માલિકથી બગાવત છે. આ અઝીમ મિશનને લઈને પૈગંબરોએ હક્ક઼ તથા સદાક઼ત અને ઈલ્મો ફિક્રનો ઈન્ક઼ેલાબ ખડો કર્યો છે અને આજે પણ એ ઈસ્લામી મુબલ્લિગો માટે દીવાદાંડી છે. સાચી વાત એ છે કે કુર્આને દા'વત તથા તબ્લીગ માટે જે સિદ્ધાંતો બતાવ્યા છે તેને અપનાવીને જ દા'વતની જવાબદારી પૂરી કરી શકાય છે તથા સફળતા મેળવી શકાય છે. કુર્આન આપણને નીચે મુજબના સિદ્ધાંતો તથા સૂચનો તરફ માર્ગદર્શન આપે છે :–

અલ્લાહ તરફની દા'વતમાં ત્રણ તરીક઼ા ઘણા જ બુન્યાદી છે જેમને આ આયતે કરીમામાં વર્ણવવામાં આવ્યા છે :–

اُدْعُ اِلٰى سَبِيْلِ رَبِّكَ بِالْحِكْمَةِ وَالْمَوْعِظَةِ الْحَسَنَةِ وَجَادِلْهُمْ بِالَّتِيْ هِيَ اَحْسَنُ

"પોતાના રબની રાહ તરફ બુદ્ધિમત્તા અને સારી નસીહતથી બોલાવો એમની સાથે એ રીતે ચર્ચા કરો જે સર્વોત્તમ હોય." *(સૂ. અન્નહલ, રુકૂઅ–૧૬, આ. ૧૨૫)*

આ આયતથી સ્પષ્ટ થયું કે કુર્આન ઈન્સાનોને ત્રણ વિભાગોમાં વહેંચી દરેક માટે અલગ અલગ તરીક઼ો અપનાવવાની દા'વત આપે છે. પહેલો ગિરોહ વિદ્વાનો અને બુદ્ધિજીવીઓનો છે, એમને દલીલો સાથે ઈલ્મી અંદાઝમાં દા'વત આપવામાં આવે, બીજા તબકામાં સામાન્ય લોકો આવે છે. એમને નસીહત, ભલામણ તથા બૌદ્ધિક રીતે દલીલસભર અંદાઝમાં હક્ક઼ તરફ બોલાવવામાં આવે, અને ત્રીજામાં એવા લોકો જે હઠધર્મી અને હક્ક઼ સ્વીકારવા રાજી ન હોય એમની સાથે શાંતિપૂર્ણ રીતે વાતચીત કરવી જોઈએ.

આ ત્રણેવ તરીકાઓ પર કુર્આન મુક઼દ્દસે ઘણી જ પ્રભાવશાળી રીતે દા'વત આપી છે અને કામ્યાબી પણ મળી છે. ઉપરોક્ત આયતમાં એક ઈશારો એ તરફ પણ છે કે દા'વત આપનાર આલિમ, સુક્ષ્મદર્શી અને સંસ્કારી પણ હોય.

હક્ક઼ની દા'વત આપતા સમયે સખત ઘમંડી તથા મુતકબ્બિરની સાથે પણ ઘણી જ નમ્રતા સાથે વાત કરવી જોઈએ, એ જ કારણે તો ફિરઓન જેવા હક્ક઼ના દુશ્મન સાથે પણ કુર્આને પાકમાં નરમી સાથે પેશ આવવાની હિદાયત ફર્માવવામાં આવી :–

اِذۡهَبَآ اِلٰی فِرۡعَوۡنَ اَنَّهٗ طَغٰی ○ فَقُوۡلَا لَهٗ قَوۡلًا لَّیِّنًا لَّعَلَّهٗ يَتَذَكَّرُ اَوۡ يَخۡشٰی ○

"તમે બંનેવ ફિરઓન પાસે જાવ, તેણે માથુ ઊંચક્યું છે તો તેની સાથે વિનમ્રતાપૂર્વક વાત કરજો એ ઉમ્મીદ પર કે તે ધ્યાન આપે અથવા ડરે." *(સૂરએ તાહા, આયત–૪૩,૪૪)*

માટે દાઈએ (દા'વત આપનારે) જોઈએ કે સર્વ લોકો સાથે ત્યાં સુધી કે જાલિમ, મગરૂર તથા ઉદ્ધત લોકો સાથે પણ પોતાની સમજબુઝ દ્વારા નરમ વર્તાવ કરે. લોકોની બદ્અખ્લાક઼ીઓ પર અકડાઈ ઉઠીને કોઈ પ્રતિક્રિયા ન કરે.

કુર્આનના આદેશો મુજબ દા'વત તથા તબ્લીગમાં તમામ અંબિયા તથા મુર્સલીન સ્વાર્થ તથા ખૂદગર્ઝીના અંશથી પણ પાક હતા. તેમની તબ્લીગ નિઃસ્વાર્થતા, ઈખ્લાસ, ખૈર ખ્વાહી, દર્દમંદી, હમદર્દીની ગેહરાઈઓમાં ડૂબેલી જોવા મળે છે. દા'વત ઈલલ્લાહ (અલ્લાહની તરફ) અને તબ્લીગના રસ્તામાં આ ચીજો આધાર શિલાની જેમ છે. એક કામ્યાબ દાઈ (નિમંત્રક)માં આ ગુણો હોવા અત્યંત અનિવાર્ય છે, જેમ કે :–

قُلۡ مَا سَاَلۡتُكُمۡ مِّنۡ اَجۡرٍ فَهُوَ لَكُمۡ ؕ اِنۡ اَجۡرِیَ اِلَّا عَلَی اللّٰهِ ۚ

"આપ ફર્માવો, મેં તમારાથી એના (તબ્લીગ) પર કોઈ બદલો માંગ્યો હોય તો તે તમારો, મારો બદલો તો અલ્લાહ પર જ છે." *(સૂરએ સબા–૪૭)*

કુર્આને હકીમ દા'વત તથા તબ્લીગમાં બિલકુલ સ્પષ્ટ અને સરળ અંદાઝ અપનાવવાની હિદાયત કરે છે : ○ فَاصۡدَعۡ بِمَا تُؤۡمَرُ وَاَعۡرِضۡ عَنِ الۡمُشۡرِكِيۡنَ ○

"તો જાહેરમાં કહી દો જેનો તમને હુકમ છે અને મુશ્રિકોથી મોઢું ફેરવી લો." *(સૂરએ અલ્ હજર, આયત–૯૪)*

માટે એક દાઈ (નિમંત્રક)ની જવાબદારી બને છે કે ઈસ્લામને સંપૂર્ણ ઉઘાડી રીતે રજૂ કરે, પરંતુ હિક્મતનું પાસુ ખાસ રીતે સામે રહે. હિકમતને કઈ રીતે કામમાં લાવી શકાય ? આ સંદર્ભમાં અલ્લાહ તઆલાના જલીલુક઼દ્ર પયગંબરો આપણા માટે સર્વોત્તમ નમૂના અને આદર્શરૂપ છે. કુર્આનમાં વર્ણન થયેલ એમનાં પ્રવચનો તથા ક઼ૌમોની સાથે થયેલી એમની વાતચીતમાં હક્ક઼ની દા'વતને નિઃસ્વાર્થ, સ્પષ્ટ, સાદી અને સરળ રીતે રજૂ કરવામાં આવી છે.

કુર્આન ક઼ૌલ તથા અમલ (વાણી તથા વર્તન)માં બરાબરી પર ભાર આપે છે અને એ પણ સર્વ સ્વીકૃત છે કે જ્યારે ઈન્સાનનો અમલ દુરુસ્ત હોય છે અને બીજા લોકોને હક્ક઼ની દા'વત આપતા પહેલાં પોતાના અમલ તથા કિરદાર દ્વારા લોકોને તેને માનવાવાળા કરી લે છે તો એનો અમલ જ પોતે દાઈ ઈલલ ખૈર (ભલાઈ તરફ બોલાવનાર) બની જાય છે.

ઈસ્લામ ક઼ૌલો અમલ (વાણી તથા વર્તન)માં વિરોધાભાસથી રોકે છે.

يَآيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لِمَ تَقُوۡلُوۡنَ مَا لَا تَفۡعَلُوۡنَ ○

"હે ઈમાનવાળાઓ ! શા માટે કહો છો જે કરતા નથી." *(સૂરએ અસ્સફ, આયત–૨)*

કુર્આને કરીમ એ લોકોની પ્રશસા પણ કરે છે જેઓનાં વાણી તથા વર્તન બંનેમાં સમાનતા હોય.

وَمَنۡ اَحۡسَنُ قَوۡلًا مِّمَّنۡ دَعَآ اِلَی اللّٰهِ وَعَمِلَ صَالِحًا وَّقَالَ اِنَّنِیۡ مِنَ الۡمُسۡلِمِيۡنَ ○

"અને તેનાથી વધુ સારી વાત કોની જે અલ્લાહના તરફ બોલાવે અને નેકી કરે, અને કહે હું મુસલમાન છું." *(સૂરએ હા મીમ સજદહ, આયત–૩૩)*

વિશ્વભરમાં ઈસ્લામ પોતાની ખૂબીઓના કારણે ફેલાયો છે. મુસલમાન કુર્આનના હુકમોનો માત્ર મુબલ્લિગ છે, તે લોકો તેની ઓળખ આપી દે છે અને બીજા માધ્યમો દ્વારા તેમને સ્વીકારવા પ્રેરિત કરે છે. ઈસ્લામી ઈતિહાસમાં જે જંગો થઈ તે ઈસ્લામને બળજબરી થોપવા માટે નથી થઈ,

વાસ્તવમાં ઈસ્લામ ઈમાનો યકીનનું નામ છે જેનો સંબંધ મનુષ્યનાં અંતર સાથે છે, ઈસ્લામ સ્વીકાર કર્યા બાદ દુનિયાની કોઈ શક્તિ તેને ફેરવી શકતી નથી. આ સંદર્ભમાં ઈસ્લામ ઘણુ જ સ્પષ્ટ દૃષ્ટાંત આપે છે :–

لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ قَدْ تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ

"દીનમાં કોઈ જબરદસ્તી નથી. બેશક ! સ્પષ્ટ રીતે હિદાયત ગુમરાહીથી અલગ થઈ ગઈ." *(સૂ. અલ્ બક઼રહ્, આયત–૨૫૬)*

نَحْنُ اَعْلَمُ بِمَا يَقُوْلُوْنَ وَمَآ اَنْتَ عَلَيْهِمْ بِجَبَّارٍ فَذَكِّرْ بِالْقُرْاٰنِ مَنْ يَّخَافُ وَعِيْدِ ۝

"અમે સારી રીતે જાણીએ છીએ જે તેઓ કહી રહ્યા છે અને તમે એમના પર જબરદસ્તી કરવાવાળા નથી, તો કુર્આનથી નસીહત કરો એને, જે મારી ધમકીથી ડરે." *(સૂ. ક઼ાફ–૪૫)*

ઈસ્લામની દા'વત આપનાર લોકો સુધી ઈસ્લામની તા'લીમાત પહોંચાડે. બુરું થાય પક્ષપાતનું કે અમુક બીજા ધર્મોના અનુયાયીઓ લોકોને ઈસ્લામ સ્વીકારવાથી બળજબરી કરીને રોકે છે અને એમની મરજી વિરુધ્ધ ગૈર ઈસ્લામી સંસ્કૃતિ તથા માન્યતાઓ થોપવાનો પ્રયાસ કરતા રહે છે.

જો કે દા'વત તથા તબ્લીગમાં જૂઠા મઅબૂદોની હક઼ીક઼ત ઉઘાડી કરી એક ખુદાની ઈબાદત કરવા લોકોને આગ્રહ કરવામાં આવે છે, એના વગર તો દા'વત તથા તબ્લીગ જ અધુરી છે. પરંતુ આમાં ઘણી જ સાવધાની, અસામાન્ય વિવેક તથા હિક્મત જરૂરી છે કે બીજાઓને કોઈ તકલીફ ન પહોંચે અને મક઼સદ પણ પૂરો થઈ જાય. એમ ન બને કે જઝબાતમાં આવી એમને બુરા ભલા કહેવામાં આવે અને પોતાના પર અંકુશ ન રાખવામાં આવે, જેનાથી શક્ય છે કે તે એના વિરુધ્ધ પ્રતિક્રિયા રૂપે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની શાનમાં ગુસ્તાખી કરી બેસે, એટલે જ કુર્આન જઝબાતી અંદાઝમાં દા'વત આપવાથી મના ફર્માવે છે :–

وَلَا تَسُبُّوا الَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ فَيَسُبُّوا اللّٰهَ عَدْوًا بِغَيْرِ عِلْمٍ ----

"અને એમને (મૂર્તિઓને) અપશબ્દો ન કહો જેમને તેઓ અલ્લાહ સિવાય પૂજે છે કે તેઓ અલ્લાહની શાનમાં બેદઅબી કરશે જ્યાદતી અને જહાલતના કારણે. આ જ રીતે અમે દરેક ઉમ્મતની નજરોમાં તેમના અમલને ભલા કરી દીધા છે પછી તેમને પોતાના રબની તરફ જવાનું છે અને તે એમને બતાવી દેશે જે તેઓ કરતા હતા." *(સૂ. અન્આમ, આયત–૧૦૮)*

અડગતા, અટલપણુ, સબ્ર તથા સહન શક્તિ આ એવા ગુણો છે જેના વિના કોઈ પણ તબ્લીગના મેદાનમાં વધુ સમય ટકી નહીં શકે. આ માર્ગમાં ડગલે ને પગલે મુખાલિફ઼ત, વિરોધ, ધમકીઓ, માનસિક તથા શારીરિક તકલીફોનો સામનો થવો અનિવાર્ય છે. મુબલ્લિગ માટે જરૂરી છે કે હસતા મુખે આ વસ્તુઓનો મુક઼ાબલો કરે, સબ્ર તથા અડગતાનો દામન હાથથી ન જવા દે, અલ્લાહ તઆલા પર સંપૂર્ણ ભરોસો રાખે અને આવનારી મુસીબતોને સારા પરિણામોની બશારત સમજે.

દૌરે નબુવ્વતમાં જ્યારે આવી સ્થિતિ આવતી તો નબીએ કરીમ ﷺની પ્રતિક્રિયા આ રીતની હોતી :

وَمَا لَنَآ اَلَّا نَتَوَكَّلَ عَلَى اللّٰهِ وَقَدْ هَدٰنَا سُبُلَنَا وَلَنَصْبِرَنَّ عَلٰى مَآ اٰذَيْتُمُوْنَا----

"અને અમને શું થયું કે અલ્લાહ તઆલા પર ભરોસો ન કરીએ તેણે જ તો (અમને) અમારા રસ્તા બતાવ્યા, અને તમે જે અમને સતાવી રહ્યા છો અમે એના પર જરૂર સબ્ર કરીશું અને અલ્લાહ તઆલા પર જ ભરોસો કરવો જોઈએ." *(સૂરએ ઈબ્રાહીમ, આયત–૧૨)*

મુબલ્લિગ માટે જરૂરી છે કે તે તકલીફો અને આજમાઈશની ઘડીઓમાં નાઉમ્મીદ ન થાય બલ્કે

તેણે આવા સમયે સંયમ રાખી અલ્લાહ તઆલાની બારગાહમાં આસાની માટે દુઆ કરવી જોઈએ અને તબ્લીગની રાહમાં આવનારી મુસીબતોને ઉજજવળ ભાવિ અને ભવિષ્યમાં સફળતાની ચાવી સમજી આગળ ધપતા રહેવું જોઈએ. કુર્આન કહે છે :– فَاِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا اِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا ''બેશક ! દુશ્વારીના સાથે આસાની છે, બેશક ! દુશ્વારી સાથે આસાની છે.'' *(અલમ નશ્રહ, ૬/૫)*

હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہ એની તફસીરમાં ફર્માવે છે, (અર્થાત) : જે મુસીબત અને તકલીફ કાફિરોના મુકાબલામાં આપ સહન કરી રહ્યા છો, તેના સાથે જ આસાની છે કે અમે આપને ગાલિબ કરી દઈશું.'' *(ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૮૬૦)*

વર્તમાનમાં પણ મુબલ્લિગોએ અલ્લાહ તઆલાની રહમતની ઉમ્મીદ રાખવી જોઈએ.

દા'વત આપ્યા પછી તુરત જ એ ઉમ્મીદ ન રાખવી જોઈએ કે સામી વ્યક્તિ હક્ક઼ સ્વીકારી લે, તે જ સમયે ઈસ્લામ સ્વીકારે, જો આમ બને તો સુબ્હાનલ્લાહ ! નહીં તો સબ્રથી કામ લેવું. ઉતાવળ અને જલ્દબાઝી ન કરવી જોઈએ. એક **Capable** મુબલ્લિગ સમય અને સંજોગોને ધ્યાનમાં રાખી લોકોના સ્વભાવ અને માનસિક સ્થિતિના અનુરૂપ દા'વત રજૂ કરે છે. એમ ન કરવું કે સંબોધિત વ્યક્તિ તૈયાર ન હોય છતાં તેને સાંભળવા મજબૂર કરવામાં આવે, બલ્કે જ્યારે સંપૂર્ણ રીતે તૈયાર હોય તો જ દીની દા'વત પેશ કરવામાં આવે. તો આ તરીકો પ્રભાવશાળી પણ રહેશે અને દા'વત તથા તબ્લીગનો અસર સાંભળનાર પર થશે, અને દા'વત આપ્યા પછી તેને ચિંતનનો સમય પણ આપવો જોઈએ જેથી તે સારી રીતે સમજી શકે.


**કુર્આન શરીફનો ગુજરાતી અનુવાદ**

**'કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન'**

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના ઉર્દૂમાં કરેલા કુર્આનના તર્જુમાનો (તફસીર સાથે) હઝરત મૌલાના હસન આદમ કોલવનવી સાહબ થકી થયેલ ગુજરાતી અનુવાદ આ જે જ મંગાવો. હદિયા : રૂા. **૩૫૦/–** (રજી.થી ટપાલ ખર્ચ રૂા. ૧૦૦ અલગ) સંપર્ક કરો : **રઝવી કિતાબ ઘર**, મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


કુર્આન ફર્માવે છે :–

وَاِذَا رَاَيْتَ الَّذِيْنَ يَخُوْضُوْنَ فِيْۤ اٰيٰتِنَا فَاَعْرِضْ عَنْهُمْ حَتّٰى يَخُوْضُوْا فِيْ حَدِيْثٍ غَيْرِهٖ ؕ

''અને હે સાંભળનાર ! જ્યારે તું એ લોકોને જુએ જે અમારી આયતોમાં પડે છે તો એમનાથી મોઢું ફેરવી લે, જ્યાં સુધી તે બીજી વાતમાં પડી જાય.'' *(સૂરએ અન્આમ, આયત–૬૮)*

આથી એ સમજાયું કે દીનની દા'વત આપનારે પોતાનું માન સન્માન ધ્યાનમાં રાખવું જોઈએ. હાથ ધોઈને કોઈની પાછળ પડી પોતાની ઈજ્જત ન ગુમાવવી જોઈએ. એ ઉપરાંત ઉતાવળ ભવિષ્યમાં તબ્લીગના કાર્ય માટે પણ હાનિકારક નીવડી શકે છે, તદ્ઉપરાંત એ પણ ધ્યાનમાં રહે કે દા'વતે હક્ક઼ અને તબ્લીગે દીન સંપૂર્ણતઃ અલ્લાહ તઆલાની રઝા તથા ખુશ્નુદી માટે હોય અને અલ્લાહ તઆલા કોઈ પણ કામમાં ઉતાવળને પસંદ નથી ફર્માવતો, માટે સ્ટેપ બાય સ્ટેપ કાર્યશૈલી અપનાવવી જોઈએ.

જેમ કુર્આન એક લાફાની અને અમર કિતાબ છે એ જ રીતે કુર્આનના બતાવેલ સિદ્ધાંતો, ઉપદેશો તથા આજ્ઞાઓ પણ અમર છે, એમનામાં કોઈપણ જાતની ઉણપ નથી આવી શક્તી. એમ નથી કે કુર્આનના ક઼ાયદા ક઼ાનૂનો કોઈ સમય, સ્થળ સાથે ખાસ હોય બલ્કે સમય સ્થળની હદોથી ઉપર દરેક જમાનામાં દરેક સ્થળ માટે એક સમાન છે. માટે યક઼ીન સાથે કહી શકાય કે દા'વત તથા તબ્લીગ માટે કુર્આનના બતાવેલ ઉપરોક્ત સિદ્ધાંત આજે પણ અતિસંપૂર્ણ રીતે સમર્થિત છે. ઈસ્લામી મુબલ્લિગોએ આ જ રેખાઓ પર કામ કરવું જોઈએ. *(કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી, જૂન–૨૦૦૮)*

# મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم વિશે આગાહીઓ ઈન્જીલ (બાયબલ)માં

રજૂકર્તા
મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી (મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

તે નબી આવશે.... રસૂલે મવ્ઊદ તશરીફ લાવશે.... જેમને કુર્આનમાં 'અન્નબી' અને 'અર્રસૂલ' ફર્માવવામાં આવ્યા. હઝરત આદમ علیہ السلامથી હઝરત ઈસા علیہ السلام સુધી બધા જ અંબિયાએ કિરામ علیہم السلام એ આ ખુશખબરી આપી. પ્રત્યેક આસ્માની કિતાબે એ નબીએ મવ્ઊદની આમદ ! આમદની બશારત સંભળાવી કે, હા ! તે ઈન્સાનિયતને નજાત આપનાર અને સમગ્ર જગતની રહમત, વિશ્વકૃપા બની તશરીફ લાવશે.

હા ! હા ! આ જ તે નબીએ મવ્ઊદ અને રસૂલે કાએનાત છે જેમની વફાદારીનો વાયદો અલ્લાહ તઆલાએ સર્વ નબીઓ અને રસૂલોથી લીધેલો. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

''અને યાદ કરો ! જ્યારે અલ્લાહ તઆલાએ પયગંબરોથી વાયદો લીધો, જ્યારે હું તમને કિતાબ અને હિક્મત આપુ પછી તશરીફ લાવે તમારી પાસે એ રસૂલ જે તમારી કિતાબોનું સમર્થન કરે, તો તમે જરૂર જરૂર તેમના પર ઈમાન લાવજો અને જરૂર જરૂર તેમની મદદ કરજો. (અલ્લાહ તઆલાએ) ફર્માવ્યું, શું તમે સ્વીકાર્યું અને તેના પર મારી ભારે જવાબદારીઓ લીધી ? સૌએ અર્ઝ કરી, ''અમે સ્વીકાર્યું.'' ફર્માવ્યું, ''તો એકબીજા પર ગવાહ થઈ જાવ અને સ્વંય હું તમારી સાથે ગવાહોમાં છું.'' *(સૂ. આલે ઈમરાન, ૮૧)*

આ એટલો મહત્વનો તથા મહાન ક઼રાર હતો કે ફરી યાદ અપાવવામાં આવ્યું અને ઈર્શાદ થયો, ''અને યાદ કરો ! અલ્લાહનું એહસાન તમારા ઉપર અને એ વાયદો જે તેણે તમારાથી લીધો જ્યારે તમે કહ્યું કે અમે સાંભળ્યું અને સ્વીકાર્યું. અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહ દિલોની વાત જાણે છે. *(સૂરએ માએદા–૭)*

હા, હા ! આ જ તો જાને જહાન અને જાને ઈમાન છે જે દુઆએ ઈબ્રાહીમ علیہ السلام છે. અલ્લાહ ! અલ્લાહ ! તેમના માટે દુઆ માંગવામાં આવી રહી છે. અલ્લાહ جل جلالہ ના ખલીલ હઝરત ઈબ્રાહીમ علیہ السلامપોતાના રબની બારગાહમાં આમ અર્ઝ ગુજારે છે, ''હે અમારા રબ ! અને મોકલ એમનામાં એક રસૂલ એમનામાંથી જ, જે એમના પર તારી આયતો તિલાવત ફર્માવે અને તેમને તારી કિતાબ અને પાકો ઈલ્મ શીખવે અને તેમને ખૂબ પવિત્ર કરી દે, બેશક ! તું જ પ્રબળ હિક્મતવાળો.'' *(સૂરએ બક઼રહ, આયત–૧૨૯)*

અલ્લાહુ અકબર ! રબના હબીબ, જગના તબીબ صلی اللہ علیہ وسلم માટે દુઆઓ માંગવામાં આવી, એક પછી એક બશારત સંભળાવવામાં આવી. કુર્આને હકીમ ખૂદ ગવાહી આપી રહ્યું છે, આ જ તો નવીદે મસીહ علیہ السلام છે.

''અને યાદ કરો ! જ્યારે ઈસા બિન મરયમે કહ્યું; હે બની ઈસ્રાઈલ ! હું તમારા તરફ અલ્લાહનો રસૂલ છું. મારાથી પહેલી કિતાબ તૌરેતનું સમર્થન કરું છું અને એ રસૂલની બશારત સંભળાવું છું જે મારા પછી તશરીફ લાવશે, તેમનું નામ 'અહમદ' હશે. *(સૂ. સફ, આયત–૬)*

કુર્આન કરીમ એની પણ સ્પષ્ટતા કરે છે :–

''જે (નબી)ને લખેલ પામશે પોતાના પાસે તૌરેત અને ઈન્જીલમાં.'' (સૂરએ અઅ્રાફ)

રસૂલે મવ્ઊદ صلی اللہ علیہ وسلم નું વર્ણન, તૌરાત, ઝબૂર, ઈન્જીલ દરેક આસ્માની કિતાબમાં છે. ત્રીજી આસ્માની કિતાબ ઈન્જીલ હઝરત ઈસા علیہ السلام પર નાઝિલ થઈ.

## ઈન્જીલનો ટૂંકો ઈતિહાસ

ઈન્જીલમાં ખુદાઈ આજ્ઞાઓ તથા ઉપદેશો પણ હતા અને એ પ્રશ્નોના ઉત્તર પણ જે હવારીયો (હઝરત ઈસા علیہ السلامના ખાદિમો) તથા કૌમે યહૂદના લોકોએ હઝરત ઈસા علیہ السلامથી કર્યા હતા. હઝરત જિબ્રઈલ علیہ السلامની લાવેલ વહીને હઝરત ઈસા علیہ السلامએ ઈબ્રાની ભાષા અને આરામાઈ લિપિમાં આલેખિત કરી હતી. યહૂદી કાતિબોએ (લહિયાઓએ) પણ આરામાઈ લિપિમાં નકલ કરેલી. સૌ પ્રથમ લીવીએ આરામાઈ લિપિમાં નકલ કરી પછી જોને કરી. બંનેની નકલ કરેલ ઈન્જીલ ઈસા علیہ السلام પર નાઝિલ થયેલ ઈન્જીલની જ નકલો હતી. કોન્સ્ટેન્ટીન બાદશાહે ઈ.સ. ૩૨૫માં ઈસા علیہ السلام તથા લીવી અને જોનની ઈન્જીલોને જપ્ત કરી સળગાવી દીધી.

જમીન પર આપ મૌજૂદ હતા એ અરસામાં જ બરનાબાસ અને એન્ડ્રયુએ પણ ઈન્જીલને ઈબ્રાની આરમાઈ લિપિમાં નકલ કરી હતી. એ પણ લીવીની નકલ કરેલ ઈન્જીલ જેમ જ હતી. ઈસ્કન્દરિયામાં હોવાના કારણે આ પ્રતો કોન્સ્ટેન્ટીનથી મેહફૂઝ રહી. ઈ.સ. ૩૨૫માં તેણે એલાન કર્યું કે જેની પાસે ઈન્જીલનો કોઈ નુસ્ખો મળશે તેને મૃત્યુદંડ આપવામાં આવશે. જેથી મૌતના ભયના કારણે ઈન્જીલની અસ્લી પ્રતો દબાવી દેવામાં આવી અને છેવટે ઈ.સ. ૩૮૨માં પોપને સોંપવામાં આવી. ત્યારબાદ તેમાં ફેરબદલનો પ્રારંભ થયો.

શરૂઆતમાં જ પાલે હઝરત ઈસા علیہ السلامની તા'લીમાતની અવગણના શરૂ કરી દીધી હતી. કોન્સટેન્ટીને તેના જમાનામાં ઈસાઈયતની ત્રણ ખુદા હોવાની માન્યતા (અક઼ીદો) રજૂ કરી. યુનાની ભાષામાં ઈન્જીલનું ભાષાંતર થયું અને અંગ્રેજી અનુવાદ પણ કરવામાં આવ્યો. આપણા આક઼ા صلی اللہ علیہ وسلمનો આ પણ મો'જિઝો જ છે કે આટલી ફેરબદલ હોવા છતાં (ઈન્જીલમાં વર્ણવેલા) આપના નામ તથા ઘણી બધી સિફતો (ખૂબીઓ) આજે પણ છે !

યહૂદીઓ સારી રીતે જાણતા હતા કે નબીએ મવ્ઊદ (Promised Prophet) કોણ છે ? પરંતુ તેઓ આ હક઼ીક઼તને છુપાવતા રહ્યા અને ધોકો આપતા રહ્યા કે નબીએ મવ્ઊદ બની ઈસ્રાઈલમાંથી જ થશે. જ્યારે કે તૌરાત, ઝબૂર અને ઈન્જીલમાં એ હક઼ીક઼ત સ્પષ્ટ રીતે વર્ણવામાં આવી કે તે નબી બની ઈસ્માઈલમાંથી થશે, ત્યાં સુધી કે તેઓ હઝરત ઈસા علیہ السلامને જ નબીએ મવ્ઊદ સમજતા હતા.

**દુઆએ ઈસા :** જુઓ વર્તમાન બાઈબલ નવયુગ **New Testament**માં છે કે આસ્માન પર ઉઠાવવામાં આવતા પહેલાં હઝરત ઈસા علیہ السلامએ આ રીતે દુઆ માંગી :–

"હું મારા અનુયાયીઓ માટે દુઆ માંગુ છું ન સમગ્ર વિશ્વ માટે, બલ્કે માત્ર એમના જ માટે, હે પાલનહાર ! જેઓ તેં મને અર્પ્યા છે." (અર્થાત બની ઈસ્રાઈલ માટે) *(જોન ૯:૧૭)*

આથી સ્પષ્ટ થયું કે અગર ઈસા علیہ السلام નબીએ મવ્ઊદ હોત તો સમગ્ર જગત માટે રહમત અને વિશ્વ પૈગંબર હોત અને કહેતા કે હું આખી દુનિયા માટે દુઆ માંગું છું. જ્યારે કે આપે આમ જ કહ્યું કે હું માત્ર મારી કૌમ માટે દુઆ કરું છું.

**તે બની ઈસ્માઈલમાંથી હશે :** આ જ બાઈબલમાં એ પણ છે કે જ્યારે અલ્લાહ તઆલાએ અંબિયાએ કિરામથી વાયદો લીધો તો હઝરત ઈબ્રાહીમ علیہ السلامને ફર્માવ્યું કે, તે નબી તારી નસ્લથી થશે અને સમગ્ર જગત માટે બરકત હશે. જુઓ ! "અને તે સમગ્ર પૃથ્વીવાસીઓ માટે રહમત હશે." *(આમાલ, ૩/૨૫)*

એક ઠેકાણે મસીહ علیہ السلام ફર્માવે છે, "જો તમે મારાથી મહોબ્બત કરતા હોઉ તો મારી આ આજ્ઞાનું પાલન કરો અને હું ખુદાથી પ્રાર્થના કરીશ, અને તે તમારા માટે બીજો રહમતવાળો (રહ્મતુલ્ લિલ્ આલમીન) મોકલશે જે હમેશાં તમારી સાથે રહેશે. (તેની શરીઅત અને રહમત તમારી સાથે રહેશે.) *(જોન, ૧૪, ૧૫, ૧૬)*

યુનાની ભાષામાં **Conforter Parakletor** (ફારક્લીત) મુરાદ છે. અરબી ભાષામાં તેનો અર્થ અહમદ રહમતુલ્ લિલ્ આલમીન થાય છે અને તેનાથી **Holy Ghost** (પવિત્ર રૂહ) અને **Logos** અર્થાત નૂર પણ મુરાદ છે જેનાથી અલ્લાહ તઆલાએ દરેક વસ્તુ પેદા ફર્માવી છે.

વધુમાં ફર્માવ્યું, "અલ્લાહ તઆલા જે (નબીએ મવઊદ)ને મોકલશે તે તેમને એ વાતની તા'લીમ આપશે અને તમને યાદ અપાવશે જે વાતો હું તમને કહી ચૂક્યો છું." (મારી વાતોનું સમર્થન કરશે.) *–(જોન ૧૪, ૧૫–૧૮ અને ૨૬)*

હઝરત ઈસા عليه السلام એ નબીએ મવઊદ હુઝૂર عليه السلام ની નિશાનીઓ પણ બતાવી :–

૧. દિવસે વાદળ એમના ઉપર છાંયડો કરશે. *(બરનાબાસ : બશારતે ઈસવી, પેજ–૧૭૬)*

૨. તેમના જમણા ખભા બાજુ મોહરે નબુવ્વત હશે. *(ઈસા ઈય્યા, ૯:૬)*

૩. તે અલ્લાહ તઆલાથી એ રીતે સામ સામે વાર્તાલાપ કરશે જેમ એક દોસ્ત દોસ્ત સાથે કરે છે. *(ઈસા ઈય્યા, ૯:૬)*

૪. તે બીરે શૈબામાં હઝરત ઈબ્રાહીમ عليه السلام ના રોપેલા વૃક્ષ નીચે આરામ કરશે. *(બહવાલા તૌરાતે પૈદાઈશ, ૨૧:૩૩)*

૫. તે સદકા અને ઝકાત નહીં લે, અલ્બત્ત ! તોહફા કબૂલ ફર્માવશે.

૬. તે ફિલિસ્તીનની દક્ષિણ (અરબ)માં જન્મશે. મૂર્તિઓને તોડશે. તેની પયદાઈશના સમયે સર્વ મૂર્તિઓ જમીનમાં ધસી જશે. *(બરનાબાસ : બશારતે ઈસવી, પેજ–૨૨૩, પેજ–૧૬૯)*

**Gospel of Bernabas** (બરનાબસની ખુશખબરી)ના પેજ ૨૨૫, ૨૨૭ પર આ પ્રમાણે છે :

હઝરત ઈસા عليه السلام ને મળવા આવેલા ધર્મસેવકોએ આપથી પ્રશ્ન કર્યો :–

"તે મસીહા (રસૂલે મવઊદ)નું નામ શું હશે ? અને તેમના આગમન પર કઈ નિશાની ઉતરશે ?"

હઝરત મસીહ عليه السلام એ ફર્માવ્યું :–

"તેનું નામ પ્રશંસનીય છે એટલા માટે કે ખુદાવંદે કુદુસે એ સમયે તેનું નામ રાખ્યું જ્યારે તેનું નૂર પેદા ફર્માવ્યું અને તેને એક વિશિષ્ટ સ્થળે રાખ્યું. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, "હે મુહમ્મદ ! (ﷺ) હું તારા માટે જન્નત, દુનિયા અને સર્વે મખ્લૂક પૈદા કરીશ જે હું તને તોહફામાં આપીશ અને જે તારા પર દુરૂદ પઢશે, હું પણ તેના પર દુરૂદ પઢીશ (રહમત મોકલીશ), અને જે તને ઈજા આપશે તેના પર મારી લઅ્નત થશે. હું તને નજાત આપનાર રસૂલ બનાવી દુનિયામાં મોકલીશ. તારી પ્રત્યેક વાત સત્ય થશે. ધરતી અને આકાશ તો ફાટીને પડી શકે છે પરંતુ તારું કથન જૂઠુ નહીં થઈ શકે. અને તેનું નામ 'મુહમ્મદ' (ﷺ) હશે.

ઈસા عليه السلام થી આ ખુશખબરી સાંભળ્યા પછી સમૂહમાંથી શોર ઉઠયો :–

"હે અલ્લાહ ! એ રસૂલને જલ્દી મોકલ ! હે મુહમ્મદ ! ﷺ દુનિયાને નજાત આપવા જલ્દી પધારો !"

કુર્આને કરીમમાં પણ અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

"અમે તમને સમગ્ર જગત માટે રહમત બનાવીને મોકલ્યા." *(સૂરએ અંબિયા, ૧૦૭)*

**દુનિયાનો શહઝાદો** : ઈન્જીલમાં અલ્લાહ તઆલાએ હબીબે પાક ﷺ ને શાહઝાદા ફર્માવ્યો.

ઈસા عليه السلام એ ફર્માવ્યું , "હે બની ઈસ્રાઈલ ! આ પછી આપણી વધુ વાતચીત નહીં થાય એટલા માટે કે હવે આખા જગતનો શહઝાદો આવી રહ્યો છે. મારામાં એમના જેવું કાંઈ નથી." *(જોન, ૧૪, ૩૦)*

હઝરત યહયા عليه السلام હઝરત ઈસા عليه السلام ના સમકાલિન અને એમનાથી માત્ર છ માસ મોટા હતા. જુઓ ઈન્જીલમાં આપનો ઈર્શાદ છે :–

"અને યહયા عليه السلام પોકારતા કે મારા પછી મારાથી અધિક શક્તિશાળી વ્યક્તિ આવશે. હું એ

લાયક નથી કે ઝુકીને આપના પગરખાની દોરી ખોલું." *(માર્ક, ૧:૭)*

ઈન્જીલે એ પણ ખબર આપી કે આપ ﷺ સર્વે નબીઓના સરદાર સૈયદુલ મુરસલીન છે. જુઓ :–

"અને જ્યારે સરદાર જાહેર થશે તો તમને જલાલનો એવો સેહરો મળશે જે મુરઝાઈ નહીં. *(૧–પેટ્રિસ, ૪–૫)* અહીંયા સેહરાથી 'કુર્આન' મુરાદ છે.

જેમ કે હઝરત ઈસા عليه السلام નો ઈર્શાદ કે, "દુનિયાના શહઝાદા આવી રહ્યા છે"થી જાહેર થાય છે કે મતલબ એ છે કે સરવરે કૌનેન અથવા અલ્લાહ તઆલાની સલ્તનતના માલિક તશરીફ લાવવાના છે માટે તેનું એલાન શરૂ કરી દીધું હતું કે :–

"તે સમયથી યસૂએ એલાન કરવાનું અને એવું કહેવાનું શરૂ કરી દીધું કે તૌબા કરો ! કારણ કે આસ્માનની બાદશાહત નજીક છે." *(મેથ્યુ, ૪–૧૭)*

વધુમાં ફર્માવ્યું, "અને યસૂએ કહ્યું, સમય પૂરો થઈ ગયો છે અને ખુદાની બાદશાહત નજીક આવી ગઈ છે. તૌબા કરો અને આવનાર (શહઝાદા)ની ખુશખબરી માનો (સ્વીકારો)." *(માર્ક, ૧–૧૫)*

હઝરત ઈસા عليه السلام ના ઈર્શાદોથી સ્પષ્ટ થયું કે આપ ન તો નબીએ મવઊદ હતા, ન વિશ્વવ્યાપી પયગંબર, ન મસીહાએ અસ્લી, બલ્કે નબીએ મવઊદ, આફાકી (વિશ્વવ્યાપી) રસૂલ, ખાતિમુન્નબીય્યીન અને સમગ્ર જગતની રહમત મુહમ્મદે અરબી ﷺ છે જે બની ઈસ્માઈલમાં થયા ન કે બની ઈસ્રાઈલમાં.

પેજ નં. ૩૯ નું ચાલુ.... ગોરા રંગનું હોય કે કાળા રંગનું હોય પણ ઈસ્લામે રંગ, ભાષા, દેશ અને વંશના ભેદ મિટાવી દીધા છે. કોઈ ગોરા શખ્સને કાળા પર ફઝીલત પ્રાપ્ત નથી. ગોરા અને કાળા માનવી અલ્લાહે બનાવ્યા છે. માનવી પોતાની વિદ્યાથી, સંસ્કારથી, અદબથી, પવિત્રતાથી અને બુદ્ધિ પ્રતિભાથી દરેક મજલિસમાં માન અને આદર મેળવી જાય છે. અફસોસ ! સદ્અફસોસ ! આપણી માં બહેનોની ઈસ્લામી તા'લીમ ક્યાં ચાલી ગઈ ! આજે તો નાની નાની છોકરીઓ ફિલ્મી ગીત ગાય છે કે, સીરિયલોનો ઈન્તેઝાર કરે છે, આજના ડિગ્રીધારી અને ડિગ્રી વિનાના બધાય છોકરાઓ છોકરીને પસંદ કરતી વખતે, તેનો ગોરો રંગ, રૂપ, ઊંચાઈ, ફેશન, હેર સ્ટાઈલ, ચાલવાની સ્ટાઈલ, વાત કરવાની સ્ટાઈલ એવું બધું પસંદ પડે તો જ લગ્ન કરવાની હા પાડે છે. ભાઈઓ ! ઔરતનું ઝેવર તેની શર્મો હયા છે, સ્ત્રીનું હુસ્ન તેની પાકીઝગી છે, સ્ત્રીનો લિબાસ સભ્યતા તથા સુઘડતા છે, સ્ત્રી ખૂબસૂરત ભલે હોય ન હોય પણ ખૂબ સીરત તો હોવી જ જોઈએ. સ્ત્રી વફાની પુત્રી છે, સબ્રનો પહાડ છે, બાળકની પ્રથમશાળા તેની માંની ગોદ છે. જો એ ગોદવાળી જ બે અદબ, બદ્અખ્લાક, બદ્સીરત, બદ્ચલન ને બદ્ કલામ હોય, તો એવી ગોદમાં બાળકને કેવો સંસ્કાર મળશે ? માટે બચપણથી જ આપણા બાળકોને કાળા ગોરા વિશે ભેદભાવવાળી વાતો સંભળાવો નહીં, પરંતુ તેમને ઈસ્લામી અદબ, અખ્લાક, સભ્યતા, ઈસ્લામી તા'લીમ, ઈસ્લામી સાહિત્યથી શણગારો અને ઈસ્લામી મજલિસોમાં બચપણથી બેસાડવા માંડો જેથી બુઝુર્ગોનો અદબ, એહતેરામ, નમ્રતા, સાદગી, પવિત્રતા, શરીઅતની પાબંદી વગેરે ગુણોનો પાયો મજબૂત બની જશે અને જવાન થયા બાદ શાદી થયા પછી તેમનાં બાળકોનું સારુ ઘડતર તેણીઓ કરી શકશે.

વળી આજે સ્ત્રી કેળવણી પર ધ્યાન આપવામાં આવે છે તો કેવળ દુનિયવી વિદ્યાનું જ ધ્યાન અપાય છે અને તેનું પરિણામ એ નીકળે છે કે દીનથી અજ્ઞાન ઔલાદ ફક્ત સ્કૂલ કોલેજના માહોલમાં જતાં તદ્દન આવારા તથા સ્વચ્છંદી બનીને ક્યારેક ગૈર કૌમના યુવાનો સાથે લફરાં કરીને તેમની સાથે શાદી કરી લે છે તથા ઈસ્લામથી પણ નીકળી જાય છે ! અથવા તો આઝાદ ખયાલ ફેશનેબલ કેવળ નામની મુસલમાન રહી જાય છે, નહીં તો ઈસ્લામ નામની ચીજ તેના સીનામાં બાકી રહેતી નથી. માટે દુનિયાવી જ્ઞાનની સાથે સાથે પાયામાંથી જ ઈસ્લામ વિશે ઈલ્મ પણ શીખવાડો એમાં જ તમારી તથા તમારી ઔલાદની બંને જહાનમાં ભલાઈ છે.

# એક ઈસાઈ પાદરીની

*અનોખી આશ્ચર્યજનક દાસ્તાન !*

# બાઈબલનો અભ્યાસ કર્યો અને મુસલમાન થઈ ગયા !

**અઝ : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** (સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

મારી પેદાઈશ એક ઈસાઈ ખાનદાનમાં થઈ. સમજ આવતાં જોયું તો ચો તરફ ઈસાઈયતનો માહોલ જોવા મળ્યો. મારા પિતા પાદરી અને માતા નર્સ હતાં. તેઓ ચુસ્ત ઈસાઈ હતાં. હું દર રવિવારે તેમની સાથે ચર્ચ જતો જ્યાં મોટા પાદરી પ્રવચન આપતાં, જેને લોકો ઘણા જ અદબ સાથે સાંભળતા. ચર્ચની સ્કૂલમાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું. પાંચ વરસની વયે મને ત્યાં ધાર્મિક શિક્ષણ માટે દાખલ કરી દેવામાં આવ્યો. આજે હું જ્યારે એ દિવસો યાદ કરું છું તો મને નથી સમજાતું કે હું ક્યાંથી ક્યાં આવી ગયો ! મારા જીવનમાં ઘણા ઉતાર ચઢાવ આવ્યા અને ઘણી બધી ઘાટીઓએથી પસાર થઈ હું હક્ક઼ને તલાશ કરવામાં સફળ થયો છું.

એનો પ્રસંગ આ મુજબ બન્યો કે ચર્ચમાં શિક્ષણ મેળવી હું જ્યારે હાઈસ્કૂલમાં આવ્યો તો બાઈબલને મેં ખાસ વિષય રીતે નક્કી કરી લીધી. માતા પિતાએ અમને બાઈબલ સાથે પ્રેમ શીખવ્યો હતો અને મને પણ બાઈબલનું અધ્યયન સારું લાગતું, પરંતુ મેં કદી ન વિચારેલું કે એ જ બાઈબલનો અભ્યાસ મને ઈસ્લામ તરફ લઈ જશે. હાઈસ્કૂલ પછી ડિગ્રી કોલેજમાં પ્રવેશ મેળવતા મારા સહાધ્યાયી એવા અમુક મુસ્લિમ વિદ્યાર્થીઓ સાથે મળવાની તક મળી. ખલીલ અહમદ નામી એક મિસ્રી મુસ્લિમ યુવાન સાથે મારી દોસ્તી થઈ. અધિક્તમ અમે ઈસાઈયત અને ઈસ્લામ વિશે વાતચીત કરતા. ખલીલ અહમદ જ્યારે કહેતો કે હું બાઈબલને ખુદાની કિતાબ માનું છું તો મને સખત આશ્ચર્ય થતું ! કેમ કે ઈસાઈ કુર્આનને અલ્લાહ તઆલાની કિતાબ નથી માનતા અને મુસલમાનો બાઈબલ (અસલ ઈન્જીલ)ને ખુદાની કિતાબ માને છે. ખલીલ અહમદ મને પ્રશ્ન કરતો કે હું કુર્આનને ખુદાની કિતાબ કેમ નથી માનતો ?! એના આ સવાલનો મારી પાસે કોઈ જવાબ ન હોતો.

મુસ્લિમ યુવાનો સાથે મારી દોસ્તી વધતી ગઈ. અમારા દરમ્યાન એ ચર્ચા ચાલતી રહી કે 'વહી' કેમ નાઝિલ કરવામાં આવે છે ? તેનાથી આપણે કેમ કરી લાભ મેળવી શકીએ છીએ ? પરંતુ ઈસાઈઓ કુર્આનનો ઈન્કાર શા માટે કરે છે એ મને સમજાતું ન હતું. મને થયું કે હું કુર્આને મજીદને ખુદાઈ કિતાબ રૂપે સ્વીકારી લઉં તો એનું પરિણામ એ સિવાય શું થશે કે એક ઈસાઈ મુસલમાન થઈ જાય. પરંતુ હું ઈસ્લામ સ્વીકારવા ન ઈચ્છતો હતો કારણ કે હજી ત્યાર સુધી મારા સમક્ષ વાસ્તવિક્તા આવી ન હતી, જેથી હું મારા મુસ્લિમ મિત્રોને કહેતો કે ઈસ્લામ સાચો ધર્મ નથી બલ્કે ઈસાઈયત એ જ સાચો મઝહબ છે.

એ જ દરમ્યાન એક બનાવ એ બન્યો કે અમારી કોલેજમાં ચર્ચા સંમેલન રાખવામાં આવ્યું જેમાં ઘણા લોકોને આંમત્રિત કરવામાં આવેલા. એક મુસ્લિમ આલિમ અઝીઝુદ્દીને પોતાના બયાનમાં વર્ણવ્યું કે લોકોની હિદાયત માટે નાઝિલ થયેલ કિતાબો એકબીજાનું સમર્થન કરે છે. કોઈ આસ્માની કિતાબ બીજી આસ્માની કિતાબનો ઈન્કાર નથી કરતી. એમણે જણાવ્યું કે બાઈબલમાં કેટલીયે જગાએ એ વાતના સંકેત આપવામાં આવ્યા કે હઝરત ઈસા علیہ السلام પછી દુનિયાની હિદાયત માટે 'મુહમ્મદ' صلی اللہ علیہ وسلم તશરીફ લાવશે અને આપ કયામત સુધીના આખરી નબી થશે. એના પુરાવામાં બાઈબલના કેટલાયે ઉદાહરણો રજૂ કરી પોતાના મંતવ્યને સત્ય સાબિત કર્યુ, જે બાઈબલનો ઊંડો અભ્યાસ હોવાના કારણે તુરત જ મને સમજાઈ ગયું. ઘરે આવી એમણે નિર્દેશ કરેલા સ્થળોને બાઈબલમાં શોધ્યાં તો એમની વાતની

સચ્ચાઈ મારા પર ઉઘાડી થઈ ગઈ. મેં એમનો સંપર્ક કર્યો તો એમણે બતાવ્યું કે એમણે બાઈબલ અને કુર્આનનું વિશ્લેષણ કર્યું છે. બાઈબલમાં મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ ના આગમનની આગાહીઓ કરવામાં આવી છે, તેમજ હઝરત ઈસા علیہ السلام નું વર્ણન પણ કુર્આનપાકમાં ઠેક ઠેકાણે આવ્યું છે. અને આ ત્યારે જ શક્ય છે જ્યારે બંને કિતાબો ખુદા તરફથી નાઝિલ થયેલ વહીનો દરજ્જો ધરાવતી હોય. નિઃસંકોચ કુર્આન અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થયેલ વહી છે જેની હિફાઝત માટે એવી ગોઠવણ કરવામાં આવી છે કે તેમાં સહેજ પણ ફેરફાર નથી થઈ શક્તો. પરંતુ ઈસાઈઓની તહરીફ અને ફેરબદલના કારણે આજે બાઈબલ પોતાની અસ્લી સૂરતમાં નથી રહી. મુસલમાનો બાઈબલ (ઈન્જીલ)ને અલ્લાહની કિતાબ માને છે, સાથે જ એ પણ કે તે હવે અસ્લી શક્લો સૂરતમાં નથી રહી. ઈસાઈઓ પણ હકીકત જાણવા છતાં હઠધર્મીના કારણે આ કડવા સત્યને સ્વીકારતા નથી. અઝીઝુદ્દીને બાઈબલમાં ઘણી બધી એવી જગાઓ દેખાડી જ્યાં પાદરીઓએ પોતાના ફાયદા હેઠળ ફેરફાર કર્યા છે, અને કુર્આન શરીફના કેટલાયે ઉદાહરણો દ્વારા દલીલસભર રીતે પોતાની વાતના પુરાવા આપ્યા જેનાથી હું ઘણો જ પ્રભાવિત થયો. મેં બાઈબલ અને કુર્આનને સાથે પઢવાનું શરૂ કર્યું, ધીરે ધીરે મારા પર ભેદો ખુલવા લાગ્યા. બાઈબલમાં જગાજગાએ મને એવી આયતો જોવા મળી જેમાં બતાવવામાં આવ્યું છે કે જલ્દી નજીકમાં એક રસૂલ મોકલવામાં આવશે જે અગાઉની તમામ શરીઅતોને મન્સૂખ (રદ) કરી એક શરીઅત લાવશે જે કયામત સુધી લોકોને હિદાયત આપતી રહેશે. જ્યારે મેં કુર્આનમાં પઢયું કે આ આસ્માની કિતાબ સમગ્ર વિશ્વ માટે હિદાયતનો શ્રોત બનાવી નાઝિલ કરવામાં આવી છે, તો મને યકીન થઈ ગયું કે ઈસ્લામ દીને હક્ક છે અને કુર્આન અલ્લાહ તઆલનાની આખરી કિતાબ છે. જો કે બાબઈલ (ઈન્જીલ) પણ ખુદાની નાઝિલ કરેલ કિતાબ છે જે હઝરત ઈસા علیہ السلام પોતાની ઉમ્મત તરફ લઈને આવ્યા હતા પરંતુ ફેરબદલના કારણે હવે બાબઈલ અને તેમાં વર્ણવાએલા હુકમો અમલ કરવા યોગ્ય નથી રહ્યા, અને અસલ બાઈબલ હવે અસ્તિત્વમાં નથી.

મેં બાબઈલમાં ઘણા બધા, અહકામ (હુકમો) તલાશ કર્યા પછી કુર્આની અહકામ સાથે મિલાવી તેમને પઢયા તો જણાયું કે કુર્આનના અહકામમાં કોઈ વિરોધાભાસ નથી. ખૂદ કુર્આન એલાન કરે છે, ''ખુદાઈ અહકામ બદલાતા નથી'' બલ્કે સમાન રીતે દુનિયાને હિદાયત આપતા રહે છે. બંનેવ કિતાબોના અભ્યાસનો મારા મસ્તક પર ઘણો જ પ્રભાવ પડયો, ઈસ્લામનું પ્રભુત્વ મારા દિલો દિમાગ પર છવાઈ ગયું મને અનુભૂતિ થઈ કે એક પ્રકાશ (નૂર) મારા દિલમાં ઘર કરી ચૂક્યું છે અને કુફ્રનો અંધકાર મારા દિલથી નીકળી ગયો છે. પરિણામે મેં મુસલમાનો સાથે મારા સંબંધ વધુ ગાઢ બનાવી લીધા. હવે હું ઈસ્લામી જલ્સાઓમાં જવા લાગ્યો, ઈસ્લામી કિતાબોનો અભ્યાસ કરવા લાગ્યો, પછી યકીનની એ મંઝિલ આવી જ્યાં મેં ઈસ્લામ સ્વીકારવાનો ફેંસલો કરી લીધો. મેં મારા દોસ્તોને બતાવ્યું કે મારા માટે બાબઈલ જ ઈસ્લામ સુધી પહોંચવામાં સૌથી મોટુ માધ્યમ બની, કારણ કે એમાં બતાવવામાં આવ્યું છે કે એક નવી શરીઅત લઈ પયગંબરે ઈસ્લામ તશરીફ લાવશે. બાઈબલની પેશનગોઈ (આગાહી) મુજબ પયગંબરે ઈસ્લામ દુનિયામાં આવી ચૂક્યા અને સંપૂર્ણ દયાનતદારી સાથે ખુદાના દીનને દુનિયા સમક્ષ રજૂ કરી દીધો છે. ભલે ઈસાઈઓ હઠધર્મીના કારણે આ હકીકત ન સ્વીકારે પરંતુ હક્કને તલાશ કર્યા પછી મારા માટે તેનાથી વિમુખ થવું શક્ય ન રહ્યું, માટે રમઝાનુલ મુબારકના પ્રથમ રોઝામાં મેં ઈસ્લામ સ્વીકાર્યો, સંપૂર્ણ રમઝાન માસના રોઝા રાખવાથી મારું દિલ ઈસ્લામના નૂરથી મુનવ્વર થઈ ગયું. આજે આ બનાવ બનવાને પચાસ વરસો પૂરાં થયાં છે. અલ્હમ્દુલિલ્લાહ ! હું ચુસ્ત અકીદાનો મુસલમાન છું. મારા જીવનનો અંતિમ દૌર ચાલી રહ્યો છે, જે રીતે મને હિદાયત નસીબ થઈ, ખુદા કરે દુનિયાના તમામ ઈસાઈઓને પણ હિદાયત મળે અને તેઓ ઈસ્લામ કબૂલ કરી લે. (આમીન)

*(ઉર્દૂ સાપ્તાહિક નઈ દુનિયા, ૧૬ થી ૨૨ જૂન ૨૦૦૮)*

# મુસ્લિમ સ્ત્રીઓનો દીની ઈલ્મી શોખ

## કાલે અને આજે !

રજૂકર્તા : **મુફ્તી મુહમ્મદ હસનખાન રઝવી બેડીવાળા**
*(હાલ : મુતઅલ્લિમ, મર્કઝે તર્બિયતે ઈફ્તા, ઓઝાગંજ–યુ.પી.)*

કુરૂને ઉલા (રસૂલ, સહાબાના તથા તાબઈનના જમાના)માં મુસ્લિમ સ્ત્રીઓના શિક્ષણ પર ધ્યાન આપવામાં આવતું હતું એની સ્પષ્ટતા ઈતિહાસની કિતાબોમાં મૌજૂદ છે. અઝવાજે મુતહ્હરાત અને સહાબિયાતના ઈલ્મી કમાલો તથા ફઝાઈલથી આજે કોણ મુસલમાન છે જે અજાણ હોય. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاના ઈલ્મ તથા ફઝ્લની એ સ્થિતિ છે કે તેમની ગણના મુજતહિદીન સહાબામાં થાય છે. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના જમાનામાં તેઓ ફતવા આપતાં હતાં. સહાબાએ કિરામની સમક્ષ જો કોઈ મુશ્કેલ સવાલ આવતા તો તેને હઝરત આઈશા رضی اللہ عنہا જ હલ કરતાં હતાં. અન્ય અઝવાજે મુતહ્હારત પણ ઉલૂમે કુર્આન અને સુન્નતે રસૂલથી પરિપૂર્ણ હતાં.

મુસ્લિમ શરીફની એક રિવાયતમાં છે કે એક મૌક઼ા પર ઘણી બધી સ્ત્રીઓ દરબારે રિસાલતમાં હાજર થઈ અને અર્ઝ કરી કે પુરૂષો આપથી ફાયદો પામવામાં અમારાથી અગ્રતા લઈ જાય છે, એટલે આપ આપની તરફથી અમારા માટે કોઈ દિવસ નક્કી કરી આપો તે દિવસે અમે આપની પાસે હાજર થઈ જઈએ અને અલ્લાહે જે ઈલ્મ આપને આપ્યો છે, આપ અમને તેની તા'લીમ આપો. આપે ફર્માવ્યું, ''તમે સ્ત્રીઓ ફલાણા દિવસે ફલાણી જગ્યા પર એકત્ર થઈ જાવ. તે બધી સ્ત્રીઓ તે સ્થળે જમા થઈ ગઈ, પછી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم તશરીફ લાવ્યા અને સ્ત્રીઓને તા'લીમ આપી. પછી ફર્માવ્યું, તમારામાંથી જે સ્ત્રીના જીવનમાં તેના ત્રણ બાળકો મરી જાય, તે બાળકો તેના માટે દોઝખથી હિફાઝતનો સબબ બનશે. એક સ્ત્રીએ સવાલ કર્યો કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم બેના વિશે શું હુકમ છે ? અબૂ સઈદ رضی اللہ عنہ ફર્માવે છે કે તે સ્ત્રીએ ફરી સવાલ કર્યો તો આપે ફર્માવ્યું, બે ! બે અને બે પણ !

હાફિઝ ઈબ્ને હજર ફર્માવે છે, ''આ હદીષથી એ વાત માલૂમ થઈ કે સહાબાની સ્ત્રીઓ દીની મસાઈલ જાણવાની ઘણી બધી શોખિન હતી.''

આ હક઼ીક઼ત છે કે આ હદીષમાં સ્ત્રીઓ તરફથી ઈલ્મ શીખવાની તીવ્ર ઈચ્છા જોવા મળે છે કે પોતાના માટે વિશેષ મેહફિલની ઈચ્છા તેણીઓએ દર્શાવી, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ સ્ત્રીઓની આ ઈચ્છાને માન આપી તેમની માંગણી પ્રમાણે અલગ મેહફિલ સ્ત્રીઓ માટે સજાવી.

નબવી યુગ પછી પણ ઘણા લાંબા સમય સુધી મુસ્લિમ સ્ત્રીઓમાં ઈલ્મનો શોખ બરાબર રહ્યો અને તેણીઓએ દરેક પ્રકારના ઉલૂમો ફુનૂનમાં કમાલો પ્રાપ્ત કર્યા. ઈમામ અબૂ દાઊદ હદીષ શરીફમાં એક સ્ત્રીના પણ શાર્ગિદ હતા. એવી જ રીતે ઈમામ સિયૂતીના ઉસ્તાદોની યાદીમાં ઘણી બધી સ્ત્રીઓનાં નામ પણ જોવામાં આવે છે. હઝરત ઉમર رضی اللہ عنہ જેવા જલીલુલક઼દર સહાબી પણ હઝરત અસ્માથી પોતાના ખ્વાબોની તાબીર પૂછતા હતા. ઈમામ ઈબ્ને અસાકિર દમિશ્કના એક મશ્હૂર ઈતિહાસકાર થઈ ચૂક્યા છે તેમણે જે ઉસ્તાદોથી હદીષ વિદ્યા પ્રાપ્ત કરી હતી તેમાં એંસીથી વધુ સ્ત્રીઓ હતી.

હકીમ ઈબ્ને જુબેર જે અશબીલીયહ (એક જગ્યાનું નામ)ના મશ્હૂર તબીબ હતા. તેમની બહેન અને ભત્રીજી ડોકટરી અને ઈલાજની ઘણી બધી મશ્હૂર જબદરસ્ત તબીબા (ડોકટર) હતી અને સ્ત્રી રોગોના ઈલાજમાં તેમને કાબેલિયત હાંસલ હતી તે કારણે જ ઉંદુલુસના રાજાઓનો ઈલાજ તેમને સુપ્રત હતો. તો

કેટલીક સ્ત્રીઓને પ્રવચન કરવામાં એટલી મહારત હતી કે તેમને ખાસ લક઼બ આપવામાં આવતો હતો, જેવું કે હઝરત અસ્મા બિન્તે અબૂબક્રને સામાન્ય રીતે લોકો 'હતીબએ અન્સાર'ના લક઼બથી યાદ કરતા હતા.

આ પ્રત્યેક વાકિયાથી વધારે દિલચશ્પ આ વાક્યો છે કે જ્યારે હારૂન રશીદ નામના મશહૂર ઈસ્લામી બાદશાહ જે મધ્યપૂર્વના દેશમાં થઈ ગયા. ઈતિહાસમાં તેમનું નામ ખૂબ જ પ્રખ્યાત છે. એક વખત તેમને એક લોંડી (દાસી)ની જરૂરત હોવાથી તેમણે એલાન કરાવ્યું. એલાન સાંભળીને બે સ્ત્રીઓ દાસી તરીકે સેવા આપવા તેમના દરબારમાં આવી. તેમાં એક કાળી હતી અને બીજી ગોરી હતી. બાદશાહે કહ્યું કે મારે તો એક જ દાસીની જરૂરત છે. ગોરી દાસી બોલી કે મારો તો રંગ પણ ગોરો છે માટે મને જ રાખી લો ! કાળી દાસી બોલી કે રંગ તો કાળો જ સારો હોય છે માટે મને જ નોકરીમાં રાખી લો. બાદશાહને આ બંનેની વાત સાંભળી રમૂજ પડી. તેમણે કહ્યું કે તમે બંને સાબિત કરી આપો કે ગોરો રંગ અથવા કાળો રંગ બેમાંથી કયો રંગ ચઢિયાતો છે, તો તમારામાં જે જીતશે તેને હું રાખી લઈશ. આ સાંભળી પેલી બંને સ્ત્રીઓ એકબીજા સાથે મુનાઝરો કરવા તૈયાર થઈ ગઈ. તે બંને દાસીઓએ અરબી ભાષામાં કવિતા બોલીને એકબીજાના રંગ વિશે જે ચર્ચા કરી તે જાણવા જેવી છે.

ગોરી સ્ત્રી : "મોતી સફ઼ેદ હય ઔર ક઼ીમતી હૈ ઉસકી લાખોં, ઔર કોયલા હૈ કાલા પેસેમેં ઢેર લે લો !" ગોરી સ્ત્રીનો ઉપરોક્ત શેઅર સાંભળી કાળી સ્ત્રી બોલી, "ઔર કુછ !" ત્યાર પછી ગોરી બોલી કે, "અલ્લાહ કે નેક બંદો કા મુંહ સુફ઼ેદ હોગા, ઔર દોઝખી જો હોંગે, મુંહ ઉન્કે હોંગે કાલે." આ બે શેર સાંભળીને બાદશાહ ખુશ થયા. પછી કાળી સ્ત્રીને બાદશાહ બોલ્યો કે, "સુન લિયા તુમને ? હય જવાબ ઈસકા તુમ્હારે પાસ ?" બાદશાહના સૂચનમાં થયેલો ઈશારો સમજી જતાં કાળી દાસી બોલી કે, હા બાદશાહ સલામત ! તેવું કહીને કાળી દાસીએ જવાબમાં કડી લલકારી કે, "હૈ મુશ્ક઼નાફ઼ા કાલી, કિંમતમેં બેશ આલી, રૂઈ સુફ઼ેદ હય ઔર પૈસેમેં ઢેર પા લી." (અર્થ : મુશ્ક઼ એટલે કસ્તૂરી કાળી છે પરંતુ તેની કિંમત ઘણી ઊંચી છે, પરંતુ રૂ સફ઼ેદ છે અને એક પૈસામાં ઢગલો મળે છે.) બાદશાહ કાળી સ્ત્રીનો જવાબ સાંભળી ભારે પ્રભાવિત થયા અને બોલ્યા કે, "ઔર સુનાવો !" બાદશાહ તરફથી પ્રોત્સાહન મળતાં કાળી દાસીએ વધારે આત્મવિશ્વાસ સાથે બીજો શેર લલકાર્યો કે, "આંખો કી પુતલી કાલી હય નૂર કા વો ચશ્મા, ઔર આંખ કી સુફ઼ેદી હય નૂરસે વો ખાલી !" (અર્થ : આંખની પુતળી કાળી છે, છતાં તમામ પ્રકાશનો તે ભંડાર છે અને આંખમાં જે સફ઼ેદી છે, તે પ્રકાશથી સાવ ખાલીખમ છે !) હજી બાદશાહ કશું બોલે તે પહેલાં ગોરી દાસીને કાળી પર ગુસ્સો ચઢવાથી બોલી પડી કે, "કાગઝ સુફ઼ેદ હય સબ, કુર્આન પાકવાલે." તેણી આગળ બોલે તે પહેલાં કાળીએ જવાબ આપી દીધો કે, "ઔર ઉનપે જો લિખે હંય, કુર્આન કે હુરૂફ઼ કાલે !" ગોરી : "મીલાદ કા જો દિન હય, રોશન વો બિલ્યકીં હૈ." કાળી : મેઅરાજ કી શબ હય, કાલી હૈ યા નહીં ?!" ગોરી : ઈન્સાફ઼ કીજીએગા કુછ સોચયેગા પ્યારે, સૂરજ સુફ઼ેદ રોશન, તારે સુફ઼ેદ સારે. કાળી : "હાં ! સોચયેગા આક઼ા ! હય આપ અક઼લવાલે, કાલા ગિલાફ઼ે કા'બા, હઝરત બિલાલ કાલે." ગોરી : "રૂખે મુસ્તફ઼ા હય રોશન, દાતોં મેં હય ઉજાલા." કાલી : "ઔર ઝુલ્ફ઼ ઉનકી કાલી, કમલી કા રંગ કાલા !" આ ચર્ચા ઘણી આગળ વધી જાત, પરંતુ બાદશાહે તરત જ દરમ્યાનગીરી કરતાં જણાવ્યું કે, બસ ! બસ ! હવે વધુ ચર્ચાની જરૂરત નથી, તમે બંને વિદ્વાન છો ! બુદ્ધિવાન છો ! હું તમને બંનેને મારા દરબારમાં દાસી તરીકે રાખી લઉં છું.

ભાઈઓ ! કેવી સરસ જ્ઞાનગોષ્ઠી વાંચવા મળી અને એ વાત પણ જાણવા મળી કે પહેલાંના જમાનામાં દાસી તરીકે સેવા આપતી સ્ત્રીઓ પણ કેવી બુદ્ધિમાન અને ઈસ્લામી જાણકારી ધરાવતી હતી ? તેમની ચર્ચામાં ગંદા ગીત કે ફ઼ટાણાં ન હતાં, હલ્કી કોટીની ભાષા ન હતી, એકબીજાને ગાલી ગલોચ ન હતાં, કોઈ વધુ પેજ નં. ૩૨ પર...

# ઈસ્લામની તબ્લીગમાં સ્ત્રીઓનો કિરદાર

અઝ : **મુહમ્મદ તૌફીક઼ રઝવી પેટલાદી** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદર)*

**લેખ હરીફાઈમાં પ્રથમ આવનાર લેખ**

ઈસ્લામે સ્ત્રીઓને જેટલા પણ હક્કો આપ્યા છે તેનું વર્ણન તો વારંવાર થાય છે પણ સ્ત્રીઓ પર જે જવાબદારીઓ છે તેનું વર્ણન બહુ ઓછું થાય છે. આ દુનિયામાં કેટલીય કૌમો આવી, પેઢીઓ આવી એમાંથી કેટલાક પોતાના જ્ઞાન, હુન્નર અને પોતાની તરક્કીમાં બહુ પ્રચલિત થયા પણ તેનાથી ઘમંડ થવા લાગ્યો અને પોતાના માલિક પોતાના ખાલિક઼ને ભૂલી બેઠા અને તેનાથી બેખૌફ થઈને પોતાની જિંદગી ગુજારવા લાગ્યા અને તેની નાફર્માની કરવા લાગ્યા. આ હતો તે જમાનો જેમાં આપણા નબીએ કરીમ ﷺના વસીલાથી એક ઉમ્મતને ઊભી કરી કે તે દુનિયાને અલ્લાહના દીન તરફ બોલાવે, કુફ્ર અને શિર્કથી તેને દૂર કરે, અને તેને સમજાવે કે આ દુનિયામાં ફક્ત દુનિયા પૈદા કરનાર અલ્લાહ તઆલાની ઈબાદત થવી જોઈએ, એમાં જ માનવીની કામયાબી છે, ખુદાની નાફર્માની ખતરનાક છે, તેનાથી દુનિયા અને આખેરત બંનેવ બરબાદ થઈ જશે. આવી રીતે હુઝૂર ﷺની આ ઉમ્મત પૂરી દુનિયાની નજાત, ભલાઈ અને કામયાબી માટે ખડી કરવામાં આવી, એટલા માટે તેને 'ખૈરે ઉમ્મત'ના લક઼બથી સંબોધવામાં આવી. આ કામ માટે તેને અમ્ર બિલ મઅરૂફ વ નહી અનિલ મુન્કર (સારી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવા)નું સૂત્ર આપવામાં આવ્યું. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે; "તમે બેહતર છો એ બધી ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ આપો છો, અને બુરાઈથી મના કરે છો, અને અલ્લાહ પર ઈમાન રાખે છો." *(સૂરએ તૌબા, આયત–૧૧૦, કન્ઝુલ ઈમાન)*

યહૂદીઓમાંથી માલિક બિન ઔફ અને વહબ બિન યહૂદા આ બંનેવ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ વગેરે સહાબીઓથી કહેતા હતા કે અમે લોકો તમારાથી બેહતર છીએ અને અમારો દીન તમારા દીને ઈસ્લામથી બહેતર છે જેની તમે તબ્લીગ કરી રહ્યા છો. આ માટે ઉપરની આયત નાઝિલ થઈ. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)*

પછી સ્ત્રીઓ અને પુરૂષોની ખૂબીઓ બયાન કરે છે. અલ્લાહ તઆલા ફર્માવે છે, "અને મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓ એકબીજાના મદદગાર છે. ભલાઈનો હુકમ આપે છે અને બુરાઈથી રોકે છે." *(કન્ઝુલ ઈમાન, સૂરએ તૌબા, આયત–૭૧)*

કુર્આન મજીદનું આ સંબોધન પુરૂષોને પણ છે અને સ્ત્રીઓને પણ છે. ઉમ્મતે મુસ્લિમાને જે જવાબદારી આપવામાં આવી છે તેમાં ઉમ્મતની સ્ત્રીઓ અને પુરૂષો બંનેવ શરીક છે. એટલા માટે આવી રીતે વિચારવું કે એનો ભાર ફક્ત પુરૂષોએ જ ઉઠાવવાનો છે અને સ્ત્રીઓ તેનાથી આઝાદ છે, તો એ ખોટુ છે. જેવી રીતે પુરૂષો માટે સુસ્તી કરવી મુનાસિબ નથી, એવી જ રીતે સ્ત્રીઓ માટે પણ સુસ્તી સારી નથી.

અલ્લાહ તઆલાના દીનનું ખુલ્લમ ખુલ્લા એલાન કરવું અને તેના પર અડગ રહેવું કોઈ સહેલી વાત નથી. અહીંયા ડગલે ને પગલે સબ્રની પરીક્ષા લેવામાં આવે છે. આ માર્ગ ક્યારેય પણ સહેલાઈથી પસાર નથી કરી શકાતો. એની અંદર જાતજાતની તકલીફો વેઠવી પડે છે. કેટલીક વખતે સળગતી આગમાંથી માનવીને પસાર થવું પડે છે. અલ્લાહ તઆલાની રહમત તથા મહેરબાની નાઝિલ થાય એ બંદાઓ પર જે આ ખતરનાક રસ્તા પરથી હસતા હસતા પસાર થયા. કુર્આન પાકે આવી પાક ઝાતોનું વર્ણન કર્યું છે જેઓ ફક્ત અલ્લાહ તઆલા પર ઈમાન

રાખતા હતા અને તેની ઈબાદત કરતા હતા અને તેના દીનની તબ્લીગ કરતા હતા, એટલા માટે આ લોકોને આગની ભઠ્ઠીમાં નાખવામાં આવ્યા, પણ એ લોકો પોતાના દીનથી જરા પણ ડગ્યા નહીં અને પોતાના દીન પર કાયમ રહ્યા. આવા નેક બંદાઓમાં પુરૂષો પણ હતા અને સાથે સાથે સ્ત્રીઓ પણ હતી.

હઝરત નૂહ علیہ السلامએ સાડા નવસો વર્ષ સુધી પોતાની કૌમમાં દીનની તબ્લીગ કરી લોકોને એક અલ્લાહની ઈબાદત કરવા હુકમ આપ્યો. સદીઓની કોશિશો પછી જ્યારે ઈમાન ન લાવ્યા ત્યારે આપે બેઈમાનો માટે બદ્દુઆ કરી, પરંતુ જે પુરૂષો અને સ્ત્રીઓ ઈમાન લાવ્યાં અને રાહે હક્કમાં જે પુરૂષો અને સ્ત્રીઓએ સાથ આપ્યો તેમના માટે દુઆ કરી, "હે મારા રબ ! મને બક્ષી દે અને મારાં મા બાપને અને તેને જે ઈમાન સહિત મારા ઘરમાં છે અને બધા જ મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓને, અને કાફિરોને તબાહી સિવાય બીજુ કશું વધારે આપ નહીં." *(કન્ઝુલ ઈમાન, સૂરએ નૂહ, આયત–૨૮)*

અલ્લાહની રહમત તે પુરૂષો અને સ્ત્રીઓ પર જેમણે વિરોધીઓ વચ્ચે રહીને પોતાની જિંદગી ગુઝારી, અલ્લાહના દીનને ફેલાવતાં રહ્યાં, જરા વિચાર તો કરો કે શું આ અલ્લાહના બંદાઓએ તકલીફો નહીં વેઠી હોય ? પોતાના દીન માટે લોકોની ગાળો તથા પથ્થર નહીં ખાધા હોય ? આ વાત ગવાહી આપે છે કે દરેક જમાનામાં પુરૂષ હોય કે સ્ત્રી દરેકે પોતાના દીને હક્ક માટે કુર્બાનીઓ આપી છે.

## ઈસ્લામનો ઈતિહાસ ગવાહી આપે છે

આની ગવાહી તો હુઝૂર ﷺ અને તેમના જાંનિષાર સહાબાએ કિરામથી પ્રાપ્ત થાય છે કે દીનને ફેલાવવા અને તબ્લીગથી લઈને ઈસ્લામી શાસન કાયમ થવા સુધી હુઝૂર ﷺ અને સહાબાએ કિરામ અને ઈસ્લામી સ્ત્રીઓ ખતરનાક હાલતોથી પસાર થયાં. જાત જાતની તકલીફો વેઠી, દોસ્તો દુશ્મનો બની ગયા, સગાં સંબંધીઓએ હાથ ખેંચી લીધા. આ લોકોએ લોકોની ગાળો સાંભળી, પથ્થર ખાધા, ઘર છોડયું, જાન અને માલની કુર્બાનીઓ આપી. ઈસ્લામની તબ્લીગમાં પુરૂષો સાથે સ્ત્રીઓ પણ હતી, એટલા માટે અલ્લાહ તઆલાએ આ લોકોને જન્નતની ખુશખબરી આપી :–

"તો એમની દુઆ સાંભળી લીધી તેમના રબે કે હું તમારામાં કામ કરવાવાળાઓની મેહનત બેકાર નથી જવા દેતો, પુરૂષ હોય કે સ્ત્રી, તમે આપસમાં એક છો. તો તે લોકો જેમણે હિજરત કરી, અને પોતાના ઘરથી નીકળી ગયા, અને મારી રાહમાં સતાવવામાં આવ્યા અને લડયા અને માર્યા ગયા, જરૂર એમના બધા ગુનાહ ઉતારી દઈશ અને જરૂર એમને બાગોમાં લઈ જઈશ જેના નીચે વહેતી નહેરો છે અલ્લાહની પાસેનો સવાબ અને અલ્લાહની જ પાસે સારો સવાબ છે." *(કન્ઝુલ ઈમાન, સૂરએ આલે ઈમ્રાન, આયત–૧૯૫)*

## ચાર શહીદોની માં હઝરત ખન્સા رضی اللہ عنہا

હઝરત ખન્સા رضی اللہ عنہا જે બહુ પ્રચલિત શાઈરા હતાં. જંગે કાદસિયામાં પોતાના ચાર નવજવાન છોકરાઓ સાથે જંગમાં શરીક થયાં અને જંગમાં શરીક થતા પહેલાં પોતાના છોકરાઓને નસીહત કરી કે તમે ઈસ્લામને ખુશી ખુશી કબૂલ કર્યો છે અને પોતાની મરજીથી હિજરત કરી છે, શું તમને ખબર નથી કે અલ્લાહ તઆલાએ કાફિરોથી જેહાદ કરવામાં કેટલો ઘણો સવાબ રાખ્યો છે ? સારી રીતે સાંભળી લો કે આ ફાની દુનિયાથી આખેરત બેહતર છે, અને પછી જંગમાં પોતે પણ ગયાં. પોતાના છોકરાઓની શહાદત જોઈને તેઓ રડયાં નહીં, તેમનું કાળજું ફાટયું નહીં ! પરંતુ એના પર ફખ્ર કર્યો કે ચાર શહીદોની માં છું ! *(માહનામા કન્ઝુલ ઈમાન–દિલ્હી, જૂન–૨૦૦૮)*

## જંગે યરમૂકમાં ઈસ્લામની મુક્દસ સ્ત્રીઓ

જંગે યરમૂક મયદાને યરમૂકમાં થઈ હતી. આ જંગમાં રૂમી અને ઈસ્લામી લશ્કર સામ સામે હતાં. આ જંગ રજબના મહિનામાં હિ. ૧૫માં થઈ હતી. આના વિશે હઝરત અલી کرم اللہ وجہہ الکریم કહે છે કે, આ તે જંગ છે જેનું વર્ણન હુઝૂર ﷺ કર્યા કરતા હતા અને ત્યાં સુધી કહ્યું હતું કે આ જંગનું વર્ણન હમેશાં

બાકી રહેશે. જંગે યરમૂક જે ચૌદ દિવસ સુધી ચાલી હતી તેમાં મુસલમાન મુજાહિદોની સંખ્યા કરતાં રૂમીઓની સંખ્યા ત્રણ ઘણી હતી. (લગભગ એનાથી પણ વધારે હતી.) જંગે યરમૂકના અગ્યારમા દિવસે જ્યારે ઈસ્લામી લશ્કર અને રૂમીઓ વચ્ચે જંગ ચાલુ થઈ ત્યારે રોમીઓની સખ્તી વધારે હોવાથી ઈસ્લામી લશ્કરના જમણી અને ડાબી બાજુના મુજાહિદોએ જ્યારે પીછે હઠ કરી અને એક જગ્યાએ ઉભા થઈ ગયા. પણ પોતાના ખૈમામાં ન જતા કારણ કે ઈસ્લામની મુકૃદસ સ્ત્રીઓ ત્યાં પથ્થર અને ચાબુક લઈને ઊભી હતી. પણ કેટલાક મુજાહિદો નાસીને ખૈમા આગળ પહોંચ્યા. તે લોકોને આવતા જોઈ હઝરત અફીરા બિન્તે અફફારે સ્ત્રીઓને લલકારીને કહ્યું કે, હે ઈસ્લામની નીડર સ્ત્રીઓ ! મુસલમાન મુજાહિદ હાર ખાઈ નાસી આવે છે એમને જંગમાં પાછા મોકલો ! આ સાંભળી સ્ત્રીઓ આગળ વધી અને મુજાહિદોના ઘોડાના પગોને અને માથાંઓને ચાબુક અને પથ્થરથી મારવા લાગી અને કહેવા લાગી કે તમે અમને છોડીને ક્યાં જાઓ છો ? શું પોતાની પત્ની અને બાળકોને રૂમીઓના હવાલે કરવા માંગો છો ? જો તમે લોકો પોતાની પત્નીની રક્ષા નથી કરી શકતા તો તમને પતિ બનવાનો કોઈ હક્ક્ નથી. અલ્લાહ તઆલા બેઈજ્જત કરે તે પુરૂષોને જે પોતાની પત્ની અને બાળકોનું રક્ષણ ન કરી શકે. આવી રીતે સ્ત્રીઓ પોત પોતાના પતિ અને સગા સંબંધીઓને જંગમાંથી નાસી જવાથી રોકતી હતી.

હઝરત હિંદ બિન્તે ઊત્બા બિન રબીઆ હઝરત અબૂ સુફયાનનાં પત્ની અને હઝરત લીના બિન્તે જરીર હુમૈરીયા આ સ્ત્રીઓ આગળ હતી અને બધી સ્ત્રીઓના હાથમાં ચાબુક અને પથ્થર હતા. એટલી જ વારમાં હઝરત અબૂ સુફયાન رضی اللہ عنہ હાર ખાઈને પાછા આવી રહ્યા છે. તેમને આવતા જોઈ તેમની પત્ની હઝરત હિંદ બિન્તે ઊત્બા رضی اللہ عنہا આગળ વધ્યાં અને પોતાના પતિના ઘોડાને ચાબુકથી મારવા લાગ્યાં અને કહ્યું કે જાવ પાછા અને પોતાની જાન કુર્બાન કરો ! જ્યારે હઝરત અબૂ સુફયાને પોતાનાં પત્નીથી આ સાંભળ્યું તો તરત જ પોતાનો ઘોડો પાછો દોડાવ્યો અને અન્ય નાસી જતા મુજાહિદોને કહ્યું કે, હે દીને ઈસ્લામના મુજાહિદો ! નાસીને ક્યાં જાવ છો ! પાછા ફરો નહીંતર દુનિયા અને આખેરતમાં રુસ્વા થશો. આ સાંભળી બધા મુજાહિદો પાછા ફર્યા અને હઝરત અબૂ સુફયાનની પૈરવી કરતા જંગમાં લડવા માટે ગયા. મુજાહિદોને જોશ આપવા માટે ઈસ્લામની મુકૃદસ સ્ત્રીઓએ પણ રૂમીઓ પર હુમલો કર્યો. સ્ત્રીઓને જંગના મૈદાનમાં જોઈ રૂમી સિપાહીઓ તા'જ્જુબમાં પડી ગયા. સ્ત્રીઓની બહાદુરી અને નીડરતાને જોઈને હૈરાન થઈ ગયા. સ્ત્રીઓ હુમલો કરવામાં પુરૂષોથી પણ આગળ વધી ગઈ. એક સ્ત્રીને હઝરત અયાઝ બિન સોહેલ رضی اللہ عنہએ એક રૂમી સાથે લડતી જોઈ. તે રૂમી પોતાના ઘોડા પર સવાર હતો અને સ્ત્રીને કૈદ કરવા ચાહતો હતો પણ તે સ્ત્રીએ ચાબુકથી તે રૂમી પર હુમલો કર્યો. હુમલો કરવાથી તે રૂમી ઘોડા પરથી નીચે પટકાઈ ગયો તો તે સ્ત્રીએ તેને ચાબુકથી મારી મારીને દોઝખમાં મોકલી દીધો.

તે દિવસે ઈસ્લામની મુકૃદસ સ્ત્રીઓ હઝરત સઈદા બિન્તે આસિમ ખૌલાની, હઝરત ખૌલા બિન્તે અજવર, હઝરત ખૌલા બિન્તે સુઅલબા અન્સારીયા, હઝરત કઅબ બિન્તે માલિક બિન આસિમ, હઝરત સલ્મા બિન્તે હાશિમ, હઝરત નઅમ બિન કનાદ, હઝરત અફીર બિન્તે અફફા, હઝરત હિંદ બિન્તે ઊત્બા બિન રબીઆ હઝરત અબૂ સૂફયાનનાં પત્ની, હઝરત લીનાં બિન્તે જરીર હુમૈરીયા, હઝરત અસ્મા જે હઝરત સિદીકે અકબર رضی اللہ عنہની સાહબઝાદી છે. رضی اللہ عنہن વગેરે ઈસ્લામની મુકૃદસ સ્ત્રીઓએ એવી નીડરતા બતાવી કે મુજાહિદોને શર્મ આવી અને તેમણે પણ હુમલો કર્યો, હુમલો કરવાથી રૂમી લશ્કરમાં હલચલ થઈ જવા પામી. પછી જ્યારે સાંજ પડી એટલે બધા પોતપોતાના ખૈમામાં પહોંચી ગયા. ૧૨મા દિવસે જ્યારે રૂમીઓ તીરોની વર્ષા વરસાવી રહ્યા હતા ત્યારે કેટલાક મુજાહિદો પાછળ જવા લાગ્યા પણ સ્ત્રીઓ પાછળ હતી. ચાબુક અને

પથ્થરથી તેમના ઘોડાઓને જંગની તરફ ફેરવતી હતી અને મુજાહિદો પણ પાછા ગયા. જ્યારે રૂમીઓ તરફથી તીરોની વર્ષા વરસી રહી પછી તલ્વારોનો દૌર ચાલુ થયો ત્યારે મુજાહિદો સાથે સ્ત્રીઓ પણ તલ્વાર લઈને રૂમીઓ પર તૂટી પડી અને રૂમીઓ પર મુસીબતોનું આભ તોડી નાખ્યું.

હઝરત અબૂ સૂફયાનનાં પત્ની હઝરત હિંદ બિન્તે ઊત્બા પોતાની જાન હથેલી પર લઈ નીડરતાથી ઈસ્લામના દુશ્મનોથી લડતાં હતાં. રૂમી સિપાહીઓ પર તલ્વારનો એક વાર કરી જમીન પર મુડદા ફેંકી દેતાં. તેમની નીડરતા જોઈને તેમના પતિ હઝરત અબૂ સુફયાન પણ લડવા લાગ્યા.

હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہની સાહબઝાદી હઝરત અસ્મા પોતાના પતિ હઝરત ઝુબૈર બિન અવ્વામ رضی اللہ عنہની સાથે મેદાને જંગમાં પોતાના પતિનો સાથ આપતાં રહ્યાં. હઝરત ઝુબૈર એક રૂમીને મારતા તો તેમની પત્ની હઝરત અસ્મા પણ એક રૂમીને મારતાં. જો હઝરત ઝુબૈર બેને મારતા તો હઝરત અસ્મા પણ બેને મારતાં. આવી રીતે પોતાના પતિનો સાથ આપીને દિલેરી અને નીડરતા પ્રદર્શિત કરતાં હતાં.

હઝરત ખૌલા બિન્તે અજવર رضی اللہ عنہاની સામે એક ઊંચો અને ભારે બદનવાળો એક રૂમી આવ્યો. પણ હઝરત ખૌલાએ એવી તલ્વાર ઉગામી કે તે રૂમીને પોતાનો અંતિમ સમય દેખાવા લાગ્યો, પણ અચાનક હઝરત ખૌલાની તલ્વાર તૂટી ગઈ, આ મૌક઼ાનો ફાયદો તે રૂમીએ ઉઠાવ્યો અને તલ્વારનો એક વાર કર્યો. હઝરત ખૌલાએ તે વાર ઢાલ પર લીધો પણ તલ્વાર ઢાલને ચીરી ફાડીને હઝરત ખૌલાના માથા પર વાગી. ખૂનની પીચકારી વાગી અને હઝરત ખૌલા ઘોડા પરથી નીચે પટકાઈ ગયાં. રૂમીએ જ્યારે આ જોયું કે મુસ્લિમ સ્ત્રી જમીન પર પડી છે તો પોતાની તલ્વારને હઝરત ખૌલાના પેટમાં ઘુસાડવાનો ઈરાદો કર્યો. જ્યારે હઝરત અફીરા બિન્તે અફફારે જોયું કે હઝરત ખૌલા જમીન પર પડયાં છે, ત્યારે પોતાનો ઘોડો કુદાવીને રૂમીના ઘોડાની આગળ ઊભો કરી દીધો અને તલ્વારનો એવો જોરદાર વાર કર્યો કે તે રૂમીનું માથું શરીરથી અલગ થઈ ઘણે દૂર પડયું. પછી હઝરત અફીરા ઘોડા પરથી નીચે આવ્યાં અને હઝરત ખૌલાની પાસે ગયાં અને હઝરત ખૌલાનું માથુ ઉઠાવ્યું અને પોતાના ખોળામાં મૂક્યું. માથુ ઉઠાવ્યું ત્યારે હઝરત ખૌલાના માથાના બધા વાળો લોહીથી રંગાઈ ગયા હતા. હઝરત અફીરાએ તેમને હલાવ્યાં પણ થોડા બેભાન હતાં, પછી ધીમે ધીમે આંખો ખોલી. હઝરત અફીરાએ પૂછયું, તમારી હાલત કેવી છે ? હઝરત ખૌલાએ કહ્યું કે મને લાગે છે કે હું બચી શકુ નહીં. શું તમે મારા ભાઈ ઝરાર رضی اللہ عنہને જોયા છે. હઝરત અફીરાએ કહ્યું, હા ! હમણા જ થોડીવાર પહેલાં તે સહી સલામત હતા. હઝરત ખૌલાએ કહ્યું કે મારા ભાઈને મારા સલામ કહેજો. પછી હઝરત ખૌલાએ આ દુઆ માંગી, "હે અલ્લાહ ! મને ભાઈના બદલે કરી દે અને મારા ભાઈના લીધે ઈસ્લામને રંજીદા ન કર."

એટલે કે હઝરત ખૌલા કહેતાં હતાં કે, હે અલ્લાહ ! મને મારા ભાઈના બદલે શહીદ કર અને મારા ભાઈને સલામત રાખ. જો મારા ભાઈને કશું થઈ જશે તો ઈસ્લામના લશ્કરને સદમો થશે અને લશ્કરીઓની હિંમત તૂટી જશે.

હઝરત અફીરા બિન્તે અફફારે હઝરત ખૌલાને તસલ્લી આપી અને તેમને ઊભાં કરવાની કોશિશ કરી પણ લોહી વધારે વહી જવાથી ઊભા ન થઈ શક્યાં, તો હઝરત અફીરાએ તેમને ઊંચકી લીધાં અને ખૈમા (તંબૂ)માં લઈ ગયાં અને તેમના પાથા પર પાટો બાંધ્યો. અલ્લાહ તઆલાના ફઝ્લ અને મહેરબાનીથી હઝરત ખૌલા બચી ગયાં અને માથા પર ઘા હતો છતાં પણ લશ્કરની રાત્રે હિફાઝત કરતાં હતાં. *(મર્દાને અરબ, ભાગ-૨)*

આ હતી ઈસ્લામની મુક઼દ્દસ સ્ત્રીઓ કે જેમણે ઈસ્લામની તબ્લીગમાં પોતાની જાન કુર્બાન કરી, પોતાના બાળકોને અલ્લાહની રાહમાં આપી દીધાં. પોતાનું ઘર છોડયું, પોતાનો માલ લૂટાવ્યો, પોતાના પતિને જેહાદ માટે મોકલ્યા અને કોઈની પણ પરવા

કર્યા વગર પોતે પણ જંગમાં ચાલ્યા ગયાં.

### ઈમામ માલિક رضی اللہ عنہનાં વાલિદા

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہનાં વાલિદાનું નામ આલીયા બિન્તે શરીક બિન અબ્દુર્રહમાન છે. હઝરત ઈમામ માલિકનાં માં ઘણા જ સમજદાર સ્ત્રી હતાં. તેમણે હઝરત માલિકની તર્બિયતમાં ખાસ ધ્યાન આપ્યું. આપે હદીષના ઈલ્મ માટે ઈમામ માલિકને પોતાનાથી દૂર મોકલ્યા અને કહ્યું કે જાવ, હદીષ પઢો અને લખો. અને તેમણે હદીષ પઢી અને કેટલાય લોકોને હદીષો પઢાવી અને ઉમ્મતના મહાન ઈમામ થઈ ગયા.

### હઝરત ઈમામ સુફયાન رضی اللہ عنہનાં માં

હઝરત ઈમામ સૂફયાન હલાલી رضی اللہ عنہ જે તાબઈન છે અને હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہના ઉસ્તાદ છે. હઝરત ઈમામ શાફઈ કહે છે કે, જો હઝરત ઈમામ માલિક અને ઈમામ સુફયાન ન હોત તો હિજાઝમાંથી ઈલ્મ (જ્ઞાન) ખતમ થઈ જાત. હઝરત સુફયાનની માંએ તેમની તર્બિયત એવી રીતે કરી છે કે મુસલમાન માંઓએ સબક હાંસલ કરવો જોઈએ. હઝરત વકીઅ જે ઈમામ સુફયાનના શિષ્ય છે, તે કહે છે કે હઝરત સુફયાનની માંએ તેમને કહ્યું કે : "મારા પ્યારા બેટા ! તું ઈલ્મ (જ્ઞાન) પ્રાપ્ત કર, હું કપડાં સીવીને તારી જરૂરતોને પૂરી કરીશ અને ઈલ્મને પોતાના ચાલચલનમાં ઉતાર." *(ઔરત ઈસ્લામ ઔર જદીદ સાયન્સ)*


ઈસ્લામની મુકદ્દસ સ્ત્રીઓ કે જેમણે ઈસ્લામની તબ્લીગ માટે પોતાનાં બાળકોને મદરસામાં મોકલ્યાં, ઈલ્મ (જ્ઞાન) પ્રાપ્ત કરવા પોતાનાથી દૂર મોકલ્યાં, પોતાનાં બાળકોની તર્બિયત કરી અને પોતે પણ અલ્લાહની ઈબાદત કરતાં રહ્યાં. અને તેમનાં બાળકો જ્ઞાન પ્રાપ્ત કરી ઉમ્મતે મુસ્લિમોના ઈમામો બન્યા, દીનની તબલીગ કરી, કિતાબો લખી અને પોતાની જિંદગી દીનની તબ્લીગમાં પસાર કરી. આ જમાનાની માંઓ છે કે જેઓ પોતાનાં બાળકોને મદરસામાં નહીં પણ ઈંગ્લિશ મીડિયમમાં, મસ્જિદમાં નહીં પણ થિયેટરોમાં મોકલે છે, શું આ દીને ઈસ્લામની તબ્લીગ છે ? ઈંગ્લિશની સાથે દીનનું જ્ઞાન પણ અપાવો, ખૂબ જ અલ્પ સંખ્યામાં સ્ત્રીઓ મળશે કે પોતાનાં બાળકોની પોતે તર્બિયત કરતી હશે, પોતાના બાળકને મદરસામાં મોકલતી હશે, પોતાનાં બાળકોને નમાઝી બનાવતી હશે, બાળકની તર્બિયત માં થકી જ થઈ શકે છે કેમ કે પિતા તો રોજી કમાવા જતા હોય છે જેથી બાળક પોતાની માં સાથે ઘરમાં વધુ રહે છે. જો માંઓ જાગૃત થઈ જાય તો દીને ઈસ્લામની ઘણી સારી તબ્લીગ થઈ શકે છે.

**હે ઈસ્લામની મુકદ્દસ શહઝાદીઓ !** સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના મુબારક કદમોથી હિંદુસ્તાનમાં લાખો લોકો કુફ્રના અંધકારમાંથી મુક્તિ પામી ઈસ્લામની અણમોલ રોશનીવાળા થયા, તેની પાછળ પણ તેમનાં માંની જ કુર્બાનીઓ છે કે પુત્રને દીનને ખાતર અલ્લાહની રાહમાં વકફ કરી આપ્યો. **હિંદુસ્તાનવાસીઓ ! આપણુ ઈમાન પણ એક ઈસ્લામી નેક ખાતૂનની કુર્બાનીનો જ સદકો છે !** એ જ પ્રમાણે ગૌષે આ'ઝમ رضی اللہ عنہથી જગતભરમાં ઈમાનની રોશની ફેલાયી તેની પાછળ પણ તેમનાં નેક સાલેહા માતાની કુર્બાનીઓ જ રંગ લાવી છે, તો હે મારી મુસલમાન માંઓ બહેનો ! તમો એના પરથી કાંઈક બોધગ્રહણ કરો અને તમારા જિગરના ટુકડાઓને ઈલ્મે દીન શીખવા માટે પ્રોત્સાહિત કરો, તેમને દીનની મહોબ્બત શીખવાડો, રસૂલે પાક صلی اللہ علیہ وسلمના ઈશ્ક વિશે સમજાવો, બુઝુર્ગોની મહોબ્બત વિશે જણાવો, સારા અખ્લાક શીખવાડો જેથી 'ઈસ્લામની તબ્લીગમાં સ્ત્રીઓના કિરદાર'ની યાદી બને તેમાં તમારું નામ પણ સામેલ થઈ જાય અને તે તમારી નજાતનો સબબ બને, અને તમારી ઔલાદ બંને જહાનમાં સાચી ઈજ્જત પામે.

**હમારે હાથમેં બાગે નબી કી બાગબાની હૈ**
**હમારા કામ ક્યા હૈ ? ઈસ ચમન કી પાસબાની હૈ**

અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં ઈસ્લામી ખાતૂનોને હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاના નકશે કદમ પર ચાલવાની તૌફીક આપે. (આમીન)

સંપાદક : **હઝરત મુફ્તી નિઝામુદ્દીન મિસ્બાહી**
(સદર મુફ્તી દારુલ ઈફતા : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)
અનુવાદક : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી**
(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)




*'જામિઆ અશ્રફિયા, મુબારકપુર' ખાતે ૧૫મો ફિક્હી સેમિનાર યોજાયો જેમાં અન્ય પ્રશ્નો સાથે આ નેટ વર્ક માર્કેટિંગ સંબંધી પ્રશ્ન પણ મુફ્તિયાને કિરામ થકી ચર્ચાયો, જેનો નિર્ણય છેવટે જે નિશ્ચિત થયો તેની વિગત અત્રે વાંચકોના માર્ગદર્શન માટે હાજર છે. –તંત્રી*

નેટ વર્ક માર્કેટિંગ કંપનીએ પોતાની બનાવેલ વસ્તુઓ (Products)ના નિકાસ માટે આ રીત અપનાવી છે કે કંપની અમુક વસ્તુઓ એક વ્યક્તિને નક્કી કરેલ ભાવ ઉપર વેચીને તેને પોતાનો મેમ્બર બનાવે, ત્યાર બાદ તે મેમ્બર પોતાના દ્વારા (તે કંપનીની જ) તેવી જ નક્કી કરેલ ભાવવાળી વસ્તુઓનું વેચાણ કરાવી બે મેમ્બર બનાવે. ત્યાર બાદ બંનેવ મેમ્બર પોતાના હેઠળ બે બે મેમ્બર બનાવે. ઉપરના દરેક મેમ્બરને પોતાની ખરીદારી તથા પોતાની નીચેના મેમ્બરોની ખરીદારી દ્વારા કંપનીને મળેલ નફામાંથી નક્કી કરેલ ટકાના આધારે કમિશન આપવાનો વાયદો હોય છે અને તેના ઉપર અમલ પણ થાય છે.

નવા બનનાર દરેક મેમ્બરને એક નક્કી કરેલ ફોર્મ ભરવાનું રહે છે તથા એક નક્કી કરેલ રકમ દા.ત. પંદરસો રૂપિયા જમા કરાવવા પડે છે જે રકમના બદલામાં તે મેમ્બરને અમુક નક્કી કરેલ વસ્તુઓ આપવામાં આવે છે અથવા કંપનીની બનાવેલ વસ્તુઓ (Products)માંથી મેમ્બરને અમુક માંગણી મુજબની વસ્તુઓ આપવામાં આવે છે. ત્યારબાદ મેમ્બરશીપ બાકી રાખવા માટે દર મહિને અમુક નક્કી કરેલ રકમ દા.ત. સો રૂપિયાની ખરીદારી અનિવાર્ય હોય છે. અને મેમ્બર કમિશનનો હક્કદાર ત્યારે બનશે જ્યારે તેની પોતાની ખરીદારીની સાથે સાથે પોતાના હેઠળ બનેલા મેમ્બરની ખરીદારી એક નક્કી કરેલ મર્યાદા દા.ત. પાંચ હજાર રૂપિયાએ પહોંચી જાય.

જો તેની ખરીદી નક્કી કરેલ મર્યાદાએ ન પહોંચે અથવા તો નવા મેમ્બર ન બનાવી શકે તો તે કોઈપણ પ્રકારના કમિશનનો હક્કદાર નહીં રહે. એ જ પ્રમાણે જો તે મેમ્બર દર મહિને માસિક ખરીદી ન કરે તેના કારણે પણ મેમ્બરશીપ સમાપ્ત કરી દેવામાં આવશે. દા.ત. એક મેમ્બરે પોતાના થકી બે મેમ્બર બનાવ્યા અને તે ત્રણેવની ટોટલ ખરીદી સાડાચાર હજાર રૂપિયા થઈ પણ પૂરા પાંચ હજારની ખરીદી ન થઈ એટલા માટે તેમનામાંથી કોઈને પણ કમિશન મળશે નહીં. હા, જો તેઓ થકી એક નવો મેમ્બર બની જાય તો ખરીદીની કુલ રકમ રૂપિયા છ હજાર થઈ જશે અને ઉપરનો મેમ્બર કમિશનનો હક્કદાર બની જશે જ્યારે કે તે ઓછામાં ઓછી સો રૂપિયાની માસિક ખરીદી ચાલુ રાખીને પોતાની મેમ્બરશીપ બાકી રાખતો હોય, નહીં તો તે પણ કમિશનનો હક્કદાર નહીં રહે.

આ રીતની પ્રતિક્રિયાથી કંપનીનો ફાયદો એ છે કે તેનો દરેક સભ્ય કંપનીનો વર્કર બની જાય અને મેમ્બરોનું વર્તુળ વધારવાની કોશિશ કરે જેથી તે કમિશનનો હક્કદાર બની શકે, જેના કારણે કંપનીને પોતે પોતાના ગ્રાહકો તથા મેમ્બરોનું વર્તુળ વધારવા માટે ફરિજયાતપણે પગારદાર કર્મચારીઓ રાખવાની જરૂરત નથી રહેતી. કંપનીનો ખ્યાલ એ હોય છે કે મેમ્બર કમિશનની લાલચમાં પોતે જ પગારદાર કાર્યકરો કરતાં વધારે શોખથી કામ કરશે. અને કંપનીની પ્રોડેક્ટસ્‌ની નિકાસ દિવસે દિવસે વધતી

જશે. જો કોઈ અધિક ખરીદી ન કરે અથવા આગળ પોતાના હેઠળ મેમ્બર ન બનાવે તો કંપનીના માથે તેને કમિશન આપવાની જિમ્મેદારી પણ નહીં રહે, જેથી કંપનીને કોઈ પ્રકારનું નુકસાન નથી થતું. એ જ પ્રમાણે આવા એક અથવા એકથી વધુ મેમ્બરો દ્વારા જેટલી ખરીદી થઈ ચૂકી હોય તેમાં પણ કંપનીનું કોઈ પ્રકારનું નુકસાન નથી, બલ્કે ફાયદો જ ફાયદો છે.

હવે જોવાનું એ છે કે આ પ્રતિક્રિયામાં ખરીદારોનો ફાયદો કેટલો છે અને નુકસાન કેટલું છે. તો આ વિષયમાં જે માલૂમાત જાણવા મળી તેના પ્રકાશમાં એ જાહેર થાય છે કે :–

(૧) જે સામાન કોઈ મેમ્બર પંદરસો રૂપિયામાં ખરીદે છે તેની કિંમત બારસો એંસી રૂપિયા બતાવવામાં આવે છે. બસો વીસ રૂપિયા કંપની પોતાની ફી વગેરેના રૂપમાં વધારે લે છે. પરંતુ સામાન્ય ગ્રાહક તેને પરખી નથી શક્તો કે તે સામાન માર્કેટ રેટના આધારે બારસો એંસી રૂપિયાના લાયક છે કે નહીં? નિષ્ણાંતો તથા અધિક જાણકારી ધરાવનારાઓનું કહેવું તથા માનવું એ છે કે તે ખરીદેલ સામાન માર્કેટ રેટના આધારે મુશ્કેલીથી સાત સો રૂપિયાનો હોય છે. એ જ પ્રમાણે માસિક સો રૂપિયાની ખરીદીમાં જે સામાન ખરીદવામાં આવે છે તે માર્કેટમાં સાઈઠ રૂપિયાનો હોય છે. આ રીતે દરેક મેમ્બરને પહેલી ખરીદીમાં લગભગ આઠસો રૂપિયાની અને માસિક ખરીદીમાં દર મહિને ચાલીસ રૂપિયાની ખોટ થાય છે.

નક્કી થયેલ કમિશન વડે આ પ્રમાણેની ખોટ તથા નુકસાનની ભરપાઈ થવી પણ ઘણી મુશ્કેલ છે. કેમ કે દરેક મેમ્બર અધિક બે મેમ્બર નથી બનાવી રહેતા, એટલા માટે લોકો ખરીદીના વિષયમાં સામાન્ય રીતે આઝાદ રહેવા પસંદ કરે છે તથા તેમને વસ્તુની જરૂર હોય તો ખુલ્લા માર્કેટમાં ખરીદી લે છે. મેમ્બર બનતાની સાથે જ તેમણે એક નક્કી કરેલ રકમની માત્રામાં અમુક સામાન લેવાની ફરજ પાડવામાં આવે છે. ભલે તેમને તે સામાનની તરત જ જરૂરત ન હોય. બીજુ દર મહિને તે જ કંપનીનો અમુક સામાન ખરીદવો પણ જરૂરી હોય છે ભલે તેમને દર મહિને તે સામાનની આવશ્યક્તા હોય કે ન હોય. એ જ પ્રમાણે આવનાર દિવસોએ કમિશન મળવાના વિષયમાં તેઓ અધિક વિશ્વાસુ નથી હોતા, કમિશનની પ્રાપ્તિ એ વાત ઉપર આધારિત છે કે તેઓ વધુ મેમ્બર બનાવવામાં અને નક્કી કરેલ રકમની ખરીદી કરવા કરાવવામાં સફળ થઈ જાય. ખુલાસો એ છે કે આ સિસ્ટમમાં ગ્રાહક મેમ્બરને પોતાની ખોટનો કોઈ ચોક્કસ બદલો (ભરપાઈ) સમજમાં નથી આવતો. હા, પરંતુ જે લોકો આ સામાનો (કંપનીની પ્રોડક્ટ્સનો)ની કિંમત તથા પરખથી બેખબર હોય તો તેવા લોકો ગ્રાહક બની જાય છે અને માસિક ખરીદી પણ કરતા રહે છે અને સાથે સાથે તેઓ સંતુષ્ઠ રહે છે કે અમે જે રકમ ખર્ચ કરી છે તેના બદલામાં મુનાસિબ તથા વ્યાજબી રેટમાં અમને સામાન મળી રહ્યો છે એટલા માટે કોઈ ખોટ નથી, અધિક કમિશન નહીં મળે તો પણ કોઈ વાંધો નહીં. અને જો મળી જાય તો ફાયદો જ ફાયદો છે ! નુકસાન જરાય પણ નથી.

આ છે નેટ વર્ક માકેટિંગ અથવા મલ્ટી લેવલ માર્કેટિંગનું સંક્ષિપ્ત તથા ટૂંકમાં માળખું. આ રીતનો કારોબાર કરનારી કંપનીઓ ઘણી છે. તેમના નિયમો તથા ક઼ાયદાઓ, કામ કરવાની રીત વગેરેમાં થોડો ઘણો ફેરફાર પણ છે જેનું વિસ્તૃત વર્ણન સવાલનામામાં જોઈ શકાય છે.

હવે અહીંયાં સવાલ એ છે કે આ પ્રકારનો કારોબાર તથા આ રીતનું માર્કેટિંગ શરીઅત તથા ફિક઼્હની પરિભાષામાં કયા પ્રકારનો કારોબાર અથવા લેણદેણ કહેવામાં આવશે અને શરીઅતની દષ્ટિએ એ જાઈઝ છે કે નહીં ?

તેના જવાબમાં એ કહેવામાં આવ્યું કે કારોબારની આ પદ્ધતિમાં બે કામો થાય છે : એક તો નક્કી કરેલ કિંમતમાં કંપનીની વસ્તુઓની ખરીદી, અને બીજુ મેમ્બરો બનાવવા. મેમ્બર બનવા માટે તથા આગળ નવા મેમ્બર બનાવીને કમિશન પ્રાપ્ત કરવા માટે ખરીદી શરત છે. કિંમતના બદલામાં વસ્તુની ખરીદી 'અક઼્દે બૈઅ' છે. (એટલે કે કિંમતના બદલામાં વસ્તુની લેણદેણને 'અક઼્દે બૈઅ' કહેવામાં આવે છે) અને

કમિશનના બદલામાં મેમ્બર બનાવવા એ 'અક્દે ઈજારા' છે (એટલે કે એક વ્યક્તિને કોઈ વસ્તુના નફાના બદલાનો માલિક બનાવી આપવો. 'અક્દે ઈજારા'માં પગાર ઉપર નોકરી, કોઈ વસ્તુ ભાડેથી આપવી, મજૂરી પર કામ કરવું, ઠેકેદારી વગેરેને 'ઈજારા' કહે છે.) કંપની મેમ્બર બનાવવા માટે ખરીદીની શરત લાગુ કરે છે. તેને શરીઅતમાં "ઈજારા બૈઅની શરત સાથે" કહેવાય અને મેમ્બર બનનાર ખરીદી એ શરત ઉપર કરે છે કે તેઓને મેમ્બર બનાવીને કમિશન પ્રાપ્ત કરવાનો હક્ક઼ મળે તો તેઓ તરફથી આ બૈઅ શરીઅતમાં 'ઈજારા'ની શરત સાથે કહેવાય છે.

**(અ)** બૈઅ ઈજારાની શરત સાથે હોય અથવા ઈજારા બૈઅની શરત સાથે હોય, લેણદેણના આ બંનેવ પ્રકાર નાજાઈઝ છે. એટલા માટે કે હદીષ શરીફમાં બૈઅ (વસ્તુની ખરીદી વસ્તુ વડે) કોઈ શરત સાથે તેની મનાઈ આવી છે. જેનું વિસ્તૃત વર્ણન ફિક્હની કિતાબોમાં જોવા મળે છે.

**(બ)** કંપનીની વસ્તુઓ પોતાની ક્વોલિટી તથા લાયકાતની દૃષ્ટિએ ઓછી કિંમતની હોય છે, પરંતુ તેને ઉચ્ચ ક્વોલિટી તથા વધારે કિંમતની બતાવવામાં આવે છે. તો આ ધોકો થયો જેને હદીષમાં ગશ (ધોકાબાજી) કહેવામાં આવ્યું છે, એ નાજાઈઝ છે.

**(ક)** કોઈ વસ્તુની કિંમત દસ રૂપિયા હોવી જોઈએ પરંતુ કોઈ અનુભવી તેને નવ રૂપિયાની બતાવે છે, કોઈ દસ રૂપિયાની બતાવે છે, કોઈ અગ્યાર રૂપિયાની બતાવે, અને કોઈ વ્યક્તિ તે વસ્તુને પંદર રૂપિયામાં વેચે તો તેને 'ગબને ફાહિશ' કહેવામાં આવ્યું છે (એટલે કે ખુલ્લી ધોકાબાજી). અહીંયા સાતસોની વસ્તુ બારસો રૂપિયાની વેચવામાં આવે છે. આ પ્રમાણે દસ રૂપિયાની વસ્તુને સત્તર રૂપિયામાં અથવા એકવીસ રૂપિયામાં આપી તો જરૂર 'ગબને ફાહિશ' (ઓપન ધોકો) થયું અને કોઈ અજાણ્યા વ્યક્તિને 'ગબને ફાહિશ, (ખુલ્લી ધોકાબાજી)માં નાખવું હરામ તથા નાજાઈઝ છે.

**(ખ)** આવનાર સમયમાં મેમ્બરો બનાવી લેવા અને કમિશનનો ફાયદો પ્રાપ્ત કરવો ફક્ત એક વહેમી કલ્પના (ખયાલી ઉમ્મીદ) છે. ૯૦% લોકો આ કામ (મેમ્બર બનાવવાના કામ)માં નિષ્ફળ રહે છે. તો આ એક પ્રકારનો જૂગાર થયો, જેમાં ફાયદો તથા ખોટ બંનેની આશંકા રહે છે. અને જૂગારબાજી પણ હરામ તથા નાજાઈઝ છે.

**(ઘ)** આ ઉપરાંત આ ખરાબી એક વ્યક્તિ સુધી સિમીત નથી રહેતી, જેમ જેમ મેમ્બર બનાવવાનો દાયરો વધે છે તેમ તેમ આ ખરાબીઓનો દાયરો (વર્તુળ) પણ આગળના વ્યક્તિઓ સુધી વધતો રહે છે. અને નાજાઈઝ તથા હરામ કામનો એક લાંબો ક્રમ ચાલુ થઈ જશે. આ પ્રમાણે (દૃષ્ટિએ) જોવામાં આવે તો આ કારોબાર તથા બિઝનેસ ઘણીયે ખરાબીઓ તથા અસંખ્ય ગુનાહોની એક લાંબી પરંપરા ઉપર આધારિત છે. આ કારણે આ કારોબારના નાજાઈઝ તથા હરામ હોવામાં કોઈ શંકા નથી. એટલા માટે મુસલમાનોના દીન તથા માલની ભલાઈ અને ખૈરિયત એમાં જ છે કે આવા કારોબાર, બિઝનેસ તથા સ્કીમોથી દૂર રહે, આવી માયાજાળમાં કદાપિ ન ફસાય.

હા ! જે લોકોએ આવી કોઈ સ્કીમમાં ફસાઈને કોઈ વસ્તુ ખરીદી લીધી છે તેઓ તે વસ્તુના માલિક થઈ ગયા, તેનો ઉપયોગ તેઓ માટે જાઈઝ છે. અને જેઓને પોતાની ખરીદારી ઉપર કાંઈક કમિશન મળ્યું છે તેને પણ તે લોકો પોતાના કામમાં લાવી શકે છે, પરંતુ આ પરંપરા તથા આવા કારોબારને ખતમ કરીને ભવિષ્યમાં તેનાથી બચવું તે લોકો ઉપર વાજિબ છે.

અને જો બીજાને મેમ્બર બનાવવાના કારણે કમિશનનો હક્ક઼દાર થયો અને તે બીજો વ્યક્તિ ગૈર મુસ્લિમ છે તે પોતાનું કમિશન વસૂલ કરીને તેને ઉપયોગમાં લાવી શકે છે, પરંતુ સાથોસાથ ધોકો તથા વાયદા ખિલાફી જેવા ગુનાહથી તૌબા પણ આવશ્યક છે. અને જો તે બીજી વ્યક્તિ (નવો મેમ્બર) મુસલમાન છે તો કમિશન વસૂલ કરીને તે વ્યક્તિને પરત કરી આપે અને સાથે સાથે તૌબા કરીને આવાં કામ તથા કારોબારથી અલગ થઈ જાય. અલ્લાહ તઆલા બેહતર જાણનાર છે.

*(માહનામા અશ્રફિયહ્–મુબારકપુર , મે–૨૦૦૮)*

# Faith

-Maulana Muhammad Shakir Noori Razvi (Mumbai)

Allah Ta'ala say's in the Holy Qur'an, "This is Allah, your Lord, none is to be worshipped except He, the maker of everything, then worship Him, He is Guardian over everything." *(Surah An'aam, verse 102)*

Hazarat Umar bin Khattab رضی اللہ عنہ reports that one day we were present in the court of Rasool. Suddenly a person came whose clothes were very white and clean and he had jet-black hair. There were no signs of travel on him and none of us recognised him. Finally he sat close to Rasool Allah ﷺ; he joined his knees with the blessed knees of Rasool Allah ﷺ and placed his hands on the thighs of Rasool Allah ﷺ. Then he said, "O Muhammad, tell me about Islam ?"

The Beloved Prophet ﷺ replied, "Islam is that you testify that there is no deity worthy of worship except Allah and that Muhammad ﷺ is His Prophet. Also to establish prayers, pay Zakat, Fast in the month of Ramadhan, and perform pilgrimage if you are able to afford it."

The stranger replied, "You have spoken the truth." (The narratiors comment) We were amazed that he is asking the question and then affirming its accuracy. The stranger then asked, "Tell me about faith (Iman) ?" Rasool Allah ﷺ, "(Faith is) to believe in Allah Ta'ala His angels, His Divine revelations, His Prophets, on the day of judgment, and to believe in all good and bad destiny." The stranger said, "You have spoken the truth." He then asked, "Tell me about Ehsaan ?"

Rasool Allah ﷺ replied, (Ehsaan is) to worship Allah Ta'ala as though you are looking at Him, If your are unable to see Him, know that He is watching you." *(Muslim Shareef)*

My Beloved Prophet ﷺ's beloved devotees ! in commenting on the previous Hadith Hazrat Shaikh Abdul Haqq Muhaddith Dehlvi Rehmatullah Ta'ala alaihe states that, "Islam is the name of the actions that are visible, (praying Namaz, fasting in Ramadhan, paying Zakat etc.) Iman (Faith) is the beliefs that we cannot see (believing in Allah Ta'ala and His beloved Prophet ﷺ. The combination of Islam & Iman is the religion.

Faith in Allah Ta'ala and its Essential Aspects

My Beloved Prophet ﷺ's beloved devotees ! After believing in Allah Ta'ala, it is essential to obey all His commands and orders, Also to drown yourself in the love and devotion of His Beloved Prophet Sallalaho alaihe wasallam and be punctual and firm in following the laws that he brought, This will lead to a person gaining the

pleasure of Allah Ta'ala.

**Allah Ta'ala and His Siffat (Qualities)**

**Belief :** Alla Ta'ala is one, pure and without comparison, He has no defects, He is the embodiment of all that is excellent. He is from forever and will be forever; everything else was not present and only came into being when He created it. He is not dependent of anyone, rather all are dependent on Him. He is the owner of all and can do as He pleases. Not even a leaf can move without His order. We are all His slaves and He is more Beneficent and Merciful on His bondmen than parents are on their children. He is the forgiver, the acceptor of repentance, Respect and disgrace, wealth and treasures are all in His control.

**Belief :** Guidance and misguidance is from Him alone. Whomever He wishes to guide is given guidance and He leads astray those that he pleases. All His work is fair and wise, whether we understand it or not. The faours of the Lord on his bondmen is beyond comprehension.

**Belief :** Only Allah Ta'ala is worthy of being worshipped, No one else is worthy of being worshipped.

**Belief :** Allah Ta'ala is the true Ruler and He is the wise One. Nothing is outside His knowledge. He knows about the fears and temptations that are in our hearts. There is no limit to His knowledge.

**Belief :** Allah Ta'ala can do whatever He wants, however He wants to do it. No one has any influence on Him. Neither is there anyone that can stop Him From His intentions. He is pleased by His bondmen's good deeds and displeased by their bad deeds.

**Belief :** He is the true Provider of sustenance, wealth, children and all requirements. Angels etc. are a means through which He provides all these things.

**Belief :** it is impossible to associate any faults with Allah Ta'ala, like lying, ignorance, forgetting, injustice etc. He is free from All faults and imperfection. Those that believe that Allah can lie, but chooses not to, are misguided because that believe that Allah Ta'ala has faults (lying) but are hiding his faults. (Ma'az Allah) *(Barkat-E-Shariet, Part : 1)*

**STATUS OF A FRIEND OF ALLAH (WALEE)**

Hazarat Abu Huraira رضی اللہ عنہ reported Allah's Messenger as stating that Allah has said, "if anyone is hostile to a friend of mine, I have declared war against him. No one draws near to me with anything dearer to me than what I have made obligatory for him. If my servant keeps drawing near to me with supererogatory acts I shall love him, and when I love Him I shall be his hearing with which he hears, his sight with which he sees, his hand with which he grasps and his foot with which he walks. If he asks from Me I Shall certainly give him and if he seeks refuge in me I shall certainly give him refuge." *(Bukhari Sharif)*

## બરકાતે ખ્વાજાની ટપાલ
કાર્યાલય

### શાદી મુબારક

દયાદરા મુકામે તા. ૨૭/૬/૨૦૦૮ના રોજ જુમ્આની નમાઝ બાદ નૂરાની મુખ્તારુલ મસાજિદ મસ્જિદ દયાદરા ખાતે મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી (S/o. યૂનુસભાઈ અબ્દુલ મુન્શી–ટંકારીઆ) ના નિકાહ આલિમા રૂબીનાબાનુ (D/o. યાકુબ યૂસુફ આમનજી–પાલેજ) સાથે રાખવામાં આવ્યા. મુબારકબાદ ! મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં દુલ્હા–દુલ્હનને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) *–તંત્રી*

**લખાની (મહારાષ્ટ્ર)** : ના 'બરકાતે ખ્વાજા' (માસિક)ના ગ્રાહક જનાબ અ. રઝઝાક ઉષ્માનભાઈ કાદરી રઝવીના પુત્ર જનાબ રિયાઝ રઝાને ત્યાં પુત્રીનો જન્મ થયેલ છે. આ ખુશીના પ્રસંગે ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને રૂા. ૧૦૦/– ઈમદાદ મળેલ છે. (જઝાકલ્લાહ !) રબ તઆલા ઔલાદને નેક સાલેહ બનાવે. (આમીન) –તંત્રી

### માપલ્લીમાં ઉર્સ મનાવાયો

અહીંયા પર હુઝૂર શહનશાહે ગુજરાત હઝરત સૈયદઅલી મીરાંદાતાર رضی اللہ عنہનાં વાલેદા મોહતરમા હઝરત સૈયદા રાસ્તી અમ્મા સાહેબાનો ઉર્સ શરીફ માહે રજબ ચાંદ–૧૬ અને અં. તા. ૨૦–૭–૦૮ના રોજ મનાવવામાં આવ્યો બપોરે આમ મોટી ન્યાઝ થઈ. સાંજે સાત વાગે દરગાહ શરીફમાં જુલૂસની સાથે સંદલ લાવવામાં આવ્યું. ઈશાની નમાઝ બાદ કુર્આન ખ્વાની, મીલાદ શરીફ તથા વાએઝનો પ્રોગ્રામ થયો. સવારે ૪ વાગે મઝાર શરીફને ગુલાબજલ તથા અત્તરથી ગુસલ આપી ગિલાફ, ચાદર, ફૂલ પેશ કરવામાં આવ્યાં અને દુઆ કરવામાં આવી. –સૈયદ હસનઅલી મુહમ્મદમિયાં હુસૈની (સજ્જાદાનશીન દરગાહ હઝરત સૈયદ રાસ્તી અમ્મા, મુ.પો. માપલ્લી, પિન–૩૮૪ ૨૬૦, તા. ઊંઝા, જિ. મહેસાણા)

### દયાદરામાં જશ્ને ખ્વાજા

રજબની છટ્ઠી મુબારકની રાત્રે તા. ૧૦/૭/૦૮ના રોજ શાનો શૌકતથી જશ્ને ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ દયાદરામાં મનાવાયો જેમાં પીરે તરીકત, રહબરે શરીઅત, શેરે સૌરાષ્ટ્ર હઝરત અલ્લામા મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા (જામનગર) સાહબે તશરીફ લાવી શાને ખ્વાજામાં ઈમાન અફરોઝ બયાન કરી હાજરજનોના ઈમાનમાં તાજગી ભરી દીધી હતી. બીજા દિવસે સવારે અકુજી હોલમાં આખા ગામની આમ ન્યાઝ રાખવામાં આવી હતી.

### મસ્જિદે નૂરાનીની સંગે બુન્યાદ

રોઝવા (તા. ઠાસરા, જિ. ખેડા) મુકામે જુમ્આના રોજ પીરે તરીકત હઝરત સૈયદ કમરુદ્દીનબાવા દરિયાઈ કારંટવી અશરફીના દસ્તે મુબારકથી સંગે બુન્યાદ રાખવામાં આવી. જેમાં બીરપુર શરીફથી હઝરત સૈયદ મુહમ્મદ મદનીબાવા દરિયાઈ અશરફી તથા પીર સૈયદ અસ્ગરઅલી બાપુએ હાજરી આપી હતી. મસ્જિદ બાંધકામનો રૂા. ૨૫ લાખનો પ્લાન છે તો સખીદાતા ધ્યાન કરે એવી અપીલ છે. સંપર્ક કરો :–

(મુતવલ્લી) મુહમ્મદભાઈ સીદીભાઈ (માજી ડે. સરપંચ) મો. ૯૯૭૯૭ ૨૭૧૬૦

**ઉંડાચ** : તા. ગણદેવીથી 'બરકાતે ખ્વાજા' (માસિક)ના ગ્રાહક જનાબ યૂસુફભાઈ વી. શેખ લખે છે કે મારા ભાઈ અહમદ વી. શેખની ઔરત મરયમબેનનો હાર્ટનું બાયપાસ સર્જરી કરાવતાં મહાવીર હોસ્પિટલ સૂરત ખાતે તા. ૩૧/૧/૦૮ના રોજ ઈન્તેકાલ થયો છે. જેમની દફનવિધિ તા. ૧/૨/૦૮ના જુમ્આના રોજ ૧૦ કલાકે સવારે રાખવામાં આવી હતી. મર્હૂમાના ઈસાલે સવાબ માટે એમની દીકરી ફરજાના બેન અહમદભાઈ શેખે એમ.ઓ.થી રૂા. ૨૫૦/– અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાને મોકલ્યા છે. અલ્લાહ તઆલા મર્હૂમાની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*

## 'બેહતરીન હજ્જ' કિતાબ મંગાવો !

આ કિતાબની સુધારા વધારા સાથે નવી આવૃત્તિ બહાર પડી ચૂકી છે. જેમાં હજ્જ ઉમરા દરમ્યાન આવતાં સર્વ સ્થળોની તસ્વીરો સાથે સરળ માર્ગદર્શન કરતી માહિતી રજૂ થયેલી છે તથા મક્કા મદીનાની ઝિયારતગાહોની પણ માહિતી છે તો નીચેના સરનામેથી ફ્રીમાં મંગાવો. ઉપરાંત CDઓ પણ મળશે. સંપર્ક કરો :–

**હાજી ખાદિમ હુસૈન, યુ. મન્સુરી,**
પ્લોટ નં. ૮૬૮/૧, સેકટર ૨/સી, ગાંધીનગર,
મો. ૯૮૨૪૨ ૨૭૮૬૮, ફોન : ૦૭૯–૨૩૨૨૭૭૬૮

## જાહેર એલાન !

વણજારા મુસ્લિમ કમિટી–મુલતાનપુરા, મુા. બાલાશિનોર (જિ. ખેડા)ની યાદી જણાવે છે કે અમોએ 'દરિયાઈ જાફરી મસ્જિદ' નવી તામીર કરી છે તેનો કોઈપણ જાતનો ફંડફાળો અમે ઉઘરાવતા નથી. કેટલાક ઠગ લોકો આ મસ્જિદના નામે ખોટી બુકો છપાવી 'બોગસ ચંદો' કરી રહ્યા છે, તેમને કાંઈ આપશો નહીં, તેમને પકડી સ્થાનિક પોલીસને હવાલે કરશો અને અમારો સત્વરે સંપર્ક કરશો :–

**લિ. (મુતવલ્લી) હસનભાઈ ગુલાબભાઈ મુલ્તાની**
મો. ૯૭૨૩૩ ૩૭૪૯૨

## ★ મદદની અપીલ ★

સુરેન્દ્રનગર જિલ્લા તા. દસાડાના ગામ પાટડીમાં જુમ્આ મસ્જિદ–પાટડી આવેલી છે. તેની મિલ્કતો પૈકી મકાન, દુકાનોનું રીપેરીંગ કામ પૂરાણી હાલત હોય સુધારણા કરવા અંગે ચાલુ કરવામાં આવેલ છે તો આ નેક કામમાં મદદ કરવા ઉદાર હાથે લિલ્લાહ રકમ આપી સવાબે દારૈન હાંસલ કરશોજી.

મદદની રકમ ચેક, ડ્રાફટ, M.O. જુમ્મા મસ્જિદ ટ્રસ્ટ પાટડીના નામે કરવા વિનંતી : (મુતવલ્લી) હાજી અનવરખાન પઠાણ, જુમ્આ મસ્જિદ મુા. પાટડી, તા. દસાડા, જિ. સુરન્દ્રનગર, પો. પાટડી (૩૮૨૭૬૫)

**વિર્દ વ ઝાઈફ**

**ધંધો અને નફો વધારવા માટે : અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ અબ્દિક વ રસૂલિક વ અલલ્ મુઅ્મિનીન વલ્ મુઅ્મિનાતિ વ અલલ્ મુસ્લિમીન વલ્ મુસ્લિમાત.**

જે શખ્સ પોતાના વેપારમાં વધારો અને વધુ નફો કરવા માંગતો હોય તે પોતાની દુકાનમાં બેઠો બેઠો આ દુરૂદ પઢયા કરે. ઈન્શાઅલ્લાહ ! ધંધામાં ઘણી બરકત થશે. અને નમાઝોની પાબંદી કરતો રહે.

જેનો માલ ન વેચાતો હોય તેણે દરરોજ સવાર સાંજ **'સૂરએ અલમ નશ્રહ્'** ૩ વાર પઢી માલ પર દમ કરતા રહેવું. *(રજૂકર્તા : હાફેઝ મુહમ્મદ સજ્જાદ શબ્બીર પટેલ–દયાદરા)*

## બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

**કાર્યાલય**

### વિષય : ઈસ્લામની તબ્લીગમાં સ્ત્રીઓનો કિરદાર

**★ લેખ હરીફાઈમાં પ્રથમ પાંચ નંબર મેળવનારાઓનાં નામો ★**

- નં ૧. મુહમ્મદ તૌફીક રઝવી પેટલાદી *(દા.ઉ. ગૌષે આ'ઝમ–પોરબંદર)* રૂા. ૩૦૦ (પ્રથમ ઈનામ)
- નં ૨. કડુ સોહેલ ઈકબાલ માંગરોલી *(દા.ઉ.નૂરે મુહમ્મદી–દયાદરા)* રૂા. ૨૦૦ (બીજુ ઈનામ)
- નં ૩. મુહમ્મદ તાહિર અલી જામનગરી *(જામિઆ અશ્રફિયા–મુબારકપુર)* રૂા. ૧૦૦ (ત્રીજુ ઈનામ)
- નં ૪. સૈયદ ઈરફાનઅલી અબ્બાસઅલી-કેરવાડા (જામિઆ અશ્રફિયા–મુબારકપુર) રૂા. ૫૦ (ચોથુ ઈનામ)
- નં ૫. મુહમ્મદ અલ્તાફહુસૈન બાપુમિયાં બુખારી *(દા.ઉ. મિસ્કીનિયા–ધોરાજી)* રૂા. ૫૦ (પાંચમુ ઈનામ)

**હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!**

## ઈસ્લામમાં સાચા બોલીનું મહત્વ અને આપણે

નોંધ : આ લેખ હરીફાઈ મદ્રસાના કે સ્કૂલના વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદિત છે.

તા. **૧૦–૧૦–૨૦૦૮** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.

## ઉર્સે ખ્વાજામાં 'સુન્ની દા'વતે ઈસ્લામી'ને ખિદમતની સઆદત

**અજમેર શરીફ :** ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના ઉર્સ શરીફના સાત દિવસ સુધી દર વરસની જેમ આ વરસે પણ 'સુન્ની દા'વતે ઈસ્લામી'ના મુબલ્લિગોએ વોલિન્ટિયર તરીકે ૨૪ કલાક દરગાહ સંકુલમાં વ્યવસ્થાની ખિદમત આપી. તથા વિશ્રામના સ્થળ પર દીનની તબ્લીગ સાથે ખિદમત અંજામ આપી, અનાસાગર પર વોલિન્ટિયર તરીકે ખિદમત આપી પબ્લિકની સુવિધાની કાળજી રાખી હતી. અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી સાહબે અકબરી મસ્જિદમાં છઠ્ઠીની રાત્રે મગરિબ બાદ, ઈશા બાદ તથા સવારે ફજર બાદ ઈમાન અફરોઝ બયાન કર્યાં હતાં. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન વગેરે રાજ્યોમાંથી વિવિધ શાખાઓના ૩૮૦ મુબલ્લિગો ખિદમતમાં હાજર રહ્યા હતા. *લિ. હાફેઝ અ.રહીમ, મુબલ્લિગ સુ.દા.ઈ.ભરૂચ*

## મની ઓર્ડર કરો તો આટલું અવશ્ય ધ્યાન રાખશો

**ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**ને મનીઓર્ડર કરો તો જો **બરકાતે ખ્વાજા (માસિક)**ના જૂના ગ્રાહક હોઉં તો ગ્રાહક નંબર અવશ્ય લખવો અને **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ને મેમ્બર ફી અથવા ડોનેશન મોકલો તો મનીઓર્ડર ફોર્મમાં સંદેશના સ્થાન પર મનીઓર્ડર કરનારનું નામ તથા પૂરું સરનામુ સ્પષ્ટ વંચાય તે રીતે લખશો. તથા કેટલી રકમ મોકલી તે લવાજમની હોય તો તેની વિગત, મેમ્બર ફી હોય તથા લિલ્લાહ, ઝકાત તથા ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને સહાયરૂપે લિલ્લાહ, ઝકાત, સદકા, ઉશ્ર, ન્યાઝની, કુર્બાનીની ખાલની વગેરેની જે હોય તેની વિગત પણ લખવી.

મોટા ભાગે લોકો સંદેશના સ્થાને સરનામુ તથા ગ્રાહક નંબર લખતા જ નથી એનાથી ઘણી તકલીફો ઊભી થાય છે અને કેટલાકને રસીદ તથા માસિક અંકો તેમજ કિતાબો પહોંચાડી શકાતી નથી. અપૂર્ણ સરનામાવાળી ટપાલો પાછી આવે છે જેનાથી ગ્રાહકને નારાજગી થાય છે અને સરનામાના વાંકે અમો તેમના સુધી અંકો કે કિતાબો પહોંચાડી શક્તા નથી. જેથી ઉપર જણાવ્યા પ્રમાણે અમલ કરવા વિનંતિ છે.

**જરૂરી નોંધ :** દરેક ગ્રાહક પોતાનું લવાજમ પૂરું થતાં તાકીદે મોકલી આપે જેથી અવ્યવસ્થા ઉભી ન થાય. અને દરેક ગ્રાહકે પોતાનો ફોન નંબર તથા મોબાઈલ નંબર (ફોનથી કે SMS) મોકલી આપવા વિનંતિ છે જેથી અમો ઝડપી તથા ડાયરેક્ટ સંપર્ક કરી સારી રીતે ખિદમત આપી શકીએ.

લિ. ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા તથા અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા વતી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## કૌમી એકતાના નામે ધર્મોમાં ભેળસેળથી બચો !

અન્ય કૌમો સાથે દુનિયવી બાબતોમાં સુમેળભર્યો વહેવાર રાખી સમાજમાં શાંતિ તથા સલામતીનું વાતાવરણ રહે એટલી હદે દુરુસ્ત છે, પણ **ગૈરોનાં ધાર્મિક સરઘસો, રથ યાત્રાઓ વગેરે શિર્કમય જુલૂસોનું સ્વાગત એ ઈમાનના ખાત્માનો સબબ પુરવાર થાય છે,** જેથી મુસલમાનો અલ્લાહ વ રસૂલ પર ઈમાન ધરાવતા હોય તો એવાં કામોથી અલિપ્ત રહે. પબ્લિકને દેખાડવા ખાતર પણ એવું કાર્ય ઈમાનને ગુમાવવાનો સબબ બને છે. લાલચુ રાજકરણીઓની વાતોમાં ન ફસાતાં એવાં કામોથી દૂર રહેવું અને આખેરતને બર્બાદ કરવાથી બચવું જોઈએ. એવાં કામો કરનારાઓએ સત્વરે તૌબા કરી લેવી. વધુ જાણકારી માટે કિતાબ **'ધર્મોમાં ભેળસેળથી બચો'** પોસ્ટકાર્ડ લખી, SMS થી કે ફોનથી જણાવીને ફ્રીમાં મંગાવો :–

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે ન્યાઝ માટે સહાય કર્તાઓની યાદી

| | |
|---|---|
| જનાબ હાજી યાકુબ માસ્તર કોઠા–સાંસરોદ | રૂા. ૧૫૬૫૦/– |
| જનાબ શફીકભાઈ અસુરીયાવાળા–અસુરીયા | ૧ |
| જનાબ ઈનાયતભાઈ રાણા–આમોદ | ૧ |
| જનાબ ઉષ્માનભાઈ મુહમ્મદ શેઠ–દયાદરા | ૧ |
| જનાબ મૌલાના કારી અબુલ કલામ રઝવી–દયાદરા | ૧ |
| જનાબ મુહમ્મદ મોજી સીતપોણવાલા | ૨ |
| જનાબ ઈકબાલભાઈ દાહોદવાળા (છટ્ટી શરીફ) | ૧ |

### :: બકરા મોકલનારાઓની યાદી ::

| | |
|---|---|
| જનાબ હાફેઝ સાદિક દાઉદ મૂસા–દયાદરા | ૧ |
| જનાબ ઝાકિરભાઈ–મુંબઈ | ૧ |
| જનાબ મેહબૂબભાઈ હસન ઈસે–સાંસરોદ | ૧ |
| જનાબ જાવેદભાઈ (ફારૂકભાણા–દયાદરા થકી) | ૩ |
| જનાબ મૂસાભાઈ નાથા સેગવાવાળા | ૧ |
| જનાબ બાબુભાઈ સીતપોણવાલા | ૨ |
| જનાબ મૌલાના ઈકબાલ વોરાસમનીવાળા | ૧ |
| જનાબ હાજી અબ્દુલ્લાહ કંબોલીવાળા | ૧ |
| જનાબ અલ્તાફ મૂસા | ૧ |
| જનાબ સરદારભાઈ રાણા–આમોદ | ૧ |
| જનાબ અ.અઝીઝ ધોલકાવાળા–આમોદ | ૧ |
| જનાબ હાજી અ. અઝીઝ ધનાની–વડોદરા ૧૫ Kgs. (ચારવાર) | |

અલ્લાહ તઆલા ﷻ તેના હબીબે પાક ﷺ ના સદકામાં ગૌષે આ'ઝમ رضي الله عنه ના વસીલાથી સૌની નેકીઓને કબૂલ કરે અને બંને જહાનમાં તેઓને જઝાએ ખૈર અતા કરે તથા તેમને અને તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)

**એક ટાઈમની ન્યાઝનો હાલમાં ખર્ચ લગભગ રૂા. ૨૫૦૦/– થાય છે.**

**નોંધ :** ન્યાઝ વગેરેમાં અફઝલ છે કે તમારું ખાવા નેક લોકોને ખવડાવો જે સુન્નત મુજબ ખાશે, દુઆ કરશે તથા તલબા કુર્આન, હદીષ પઢશે, દુઆ કરશે અને ગરીબોને ખવડાવો કે તેનું દિલ રાજી થશે, સંતોષ પામશે અને દિલથી દુઆ મળશે, અને અલ્લાહની રઝામંદી નસીબ થશે.

## અલ્લાહ જઝાએ ખૈર આપે !

દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે રૂમો બનાવવાની તાતી જરૂરત હોય આ બાંધકામમાં સહકાર અર્થે એક મુસ્લિમભાઈ તરફથી ભરપુર સહકાર મળ્યો છે. રબ્બે કરીમ ﷻ તેના પ્યારા મહબૂબ ﷺ ના સદકામાં ગૌષ પાક رضي الله عنه ના વસીલાથી તેમની નેકી કબૂલ કરે, તથા મર્હૂમોની મગફેરત ફર્માવે, અને તેમની તથા તેમની ઔલાદની બંને દુનિયાને આબાદ તથા ખુશનુમા રાખે. (આમીન)

*–(પ્રમુખ) પટેલ શબ્બીર અલી રઝવી*

## જઝાકલ્લાહ !

દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે રમઝાન બાદ શવ્વાલથી કોમ્પ્યૂટર વર્ગ શરૂ કરવાનો હોવાથી જનાબ ઈકબાલભાઈ અરગામાવાળા સાહબે જનાબ મૌલાના યૂનુસ થકી કોમ્પ્યૂટરો ખરીદવા માટે વ્યવસ્થા કરી આપી છે. રબ્બે કરીમ ﷻ તેના મહબૂબ રઉફુર્રહીમ ﷺ ના સદકામાં તેમના પર રહમો કરમ ફર્માવે અને તેમની રોજી રોજગારમાં બરકત આપે.

*–અરાકીને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)*

## દીનના મુબલ્લિગ બનો

વર્તમાનકાળમાં નવ યુવાન પેઢી તેમજ આમ મુસલમાનો પશ્ચિમવાસીઓનું અનુકરણ કરીને નબી કરીમ ﷺ ની સુન્નતોથી દૂર થઈ રહ્યા છે અને હીરો હીરોઈન તથા આવારા લોકોનો તરીકો અપનાવી દીનથી દૂર થઈ ગુમરાહી ભરી જિંદગી અપનાવવા લાગ્યા છે. એવા સમયે દીનની સમજ તથા સુન્નતોથી મહોબ્બત, અલ્લાહ વ રસૂલની મહોબ્બત લોકોનાં દિલોમાં જગાડવાની અતિ જરૂરત છે. તો હે નવયુવાનો ! દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે ઈલ્મે દીન શીખવાડી મુબલ્લિગ બનાવવામાં આવે છે તેમાં હાજરી આપી આપ પણ દીનના મુબલ્લિગ બનો.